# ભગવાન પારસનાથ



* લેખક *
બ્ર. હરિલાલ જૈન

# ❃ પારસનાથ ભગવાનની સ્તુતિ ❃

( શિરપુર અંતરીક્ષ-પાર્શ્વનાથ સન્મુખ : ફા. સુદ બીજ ૨૪૯૬ )

અંતરીક્ષ પ્રભુ આપ જ સાચા દેખી રહ્યા નિજઆતમરામ,
રાગતણું પણ નહીં આલંબન સ્વયં જ્યોતિ છો આનંદધામ;
રત્નત્રય આભુષણ સાચું, જડ આભુષણનું નહીં કામ,
ત્રણ લોકના મુગટ સ્વયં છો, શું છે સ્વર્ણમુગટનું કામ?
સિંહાસન ભલે હો નીચે પણ નહીં આપ સિંહાસન પર,
અંતરીક્ષ છો આપ જ સાચા બિરાજો જગકે ઉપર,
વસ્ત્ર-મુગટ નહીં પ્યારા અમને પ્યારા સચ્ચા આતમરામ,
રાજ-મુગટને છોડયા પ્રભુજી ! ફિર ચઢાનેકા કયા કામ ?
અહો ! પ્રભુજી પારસ પ્યારા જ્ઞાની હૃદયમેં તેરા વાસ,
રાગ-વસ્ત્રમેં વાસ ન તેરા વીતરાગતા તારી ખાસ;
આનંદમંગલ દર્શ તુમારા કલેશતણું જ્યાં છે નહીં કામ,
એવા સાચા દેવ દિગંબર, સમ્યક્ ભાવે હરિ-પ્રણામ.

(બ્ર. હ. જૈન)

## ❋ પારસનાથ પ્રભુના દશભવનું સૂચિપત્રક ❋

*પાર્શ્વનાથ ભગવાનની સ્તુતી (અંતરીક્ષ શિરપુરમાં રચિત)*

(૧) બે ભાઇ : મરુભૂતિ અને કમઠ......

(૨) મરુભૂતિ- હાથી અને કમઠ-સર્પ;
હાથીને મુનિના ઉપદેશથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ...

(૩) હાથીનો જીવ બારમા સ્વર્ગમાં ; સર્પ પાંચમી નરકમાં...

(૪) અગ્નિવેગ-મુનિ અને ભયંકર અજગર ,....

(૫) સોળમાં સ્વર્ગમાં દેવ અને છઠ્ઠી નરકમાં નારકી....

(૬) વજ્રનાભી ચક્રવર્તી મુનિ અને શિકારી ભીલ.....

(૭) ગ્રૈવેયકમાં અહમીન્દ્ર અને સાતમી નરકમાં નારકી....

(૮) આનંદકુમાર-મુનિરાજ અને કમઠનો જીવ સિંહ....

(૯) આનંદમુનિ આનતસ્વર્ગમાં અને સિંહ નરકમાં....

(૧૦) વારાણસી-કાશીનગરીમાં પારસ-પ્રભુનો અવતાર...

❋ ગર્ભ - કલ્યાણક

❋ જન્મ - કલ્યાણક

❋ રાજકુમાર પારસનાથ દ્વારા નાગ અને નાગણીને પ્રતિબોધ.

❋ વૈરાગ્ય, દીક્ષા, સંગમદેવનો ઉપસર્ગ અને કેવળજ્ઞાન.

❋ ભગવાનનો ઉપદેશ; અને કમઠના જીવ (સંગમદેવ) ને સમ્યગ્દર્શન-પ્રાપ્તિ.

❋ સમ્મેદશિખર ઉપરથી પારસનાથપ્રભુનું મોક્ષગમન.

# ભગવાન પારસનાથ

## (૧)

### બે ભાઇ : મરુભૂતિ અને કમઠ

વહાલા બંધુઓ, આજે આપણા ત્રેવીસમા તીર્થંકર પારસનાથ ભગવાનનની કથા તમને કહું છું. તેમને કેવી ક્ષમા રાખી અને હાથીના ભવમાં આત્માને ઓળખીને તેઓ કેવી રીતે ભગવાન થયા, તે જાણીને તમને આનંદ થશે, અને તમણે પણ તેમ કરવાનું મન થશે.

આપણા આ જંબુદ્વીપની વચ્ચે મોટો મેરુ પર્વત છે તેની દક્ષિણ દિશામાં ભરતક્ષેત્ર છે. ઘણા ઘણા વર્ષો પહેલા ત્યાં પોદનપુરમાં એક રાજા હતો, તેનું નામ અરવિંદ.

અરવિંદ રાજા જૈનધર્મનો ભકત હતો. તેના રાજ્યમાં સુંદર અને ઊંચા જિનમંદિરો હતાં. અનેક મુનિવરો ને ધર્માત્માઓથી તેનું નગર શોભતું હતું.

તે રાજાના મંત્રીને બે પુત્રો હતા. એકનું નામ કમઠ, અને બીજાનું નામ મરુભૂતિ. કમઠ મોટો ને મરુભૂતિ નાનો; આ મરુભૂતિ તે જ આપણા પારસનાથનો જીવ !

કમઠ અને મરુભૂતિ બંને સગા ભાઈ હતા, છતાં કમઠ ક્રોધી અને દુરાચારી હતો, મરુભૂતિ શાંત અને સરલ હતો. જેમ એક જ લોઢામાંથી તલવાર પણ બને છે ને બખ્તર પણ બને છે, તલવાર કાપે છે, બખ્તર બચાવે છે; તેમ એક જ માતાના બે પુત્રો, તેમાં એક કપૂત છે ને એક સપૂત છે. ક્રોધી કમઠ સદા દોષ દેખે છે ને મરુભૂતિ વિનયથી સદ્‌ગુણ જીુએ છે. વહાલા પાઠક ! આગળ જતાં તને ખ્યાલ આવશે કે ક્રોધથી જીવનું કેટલું બુરું થાય છે ! ને સદ્‌ગુણથી જીવ કેવો સુખી થાય છે !

હવે મંત્રીના બંને પુત્રો સાથે રમે છે, સાથે ભણે છે; એમ કરતાં કરતાં બંને પુત્રો યુવાન થયા, ને બંનેના લગ્ન પણ થઈ ગયા. તેઓ બ્રાહ્મણ હતા, હજી તેમને જૈનધર્મના સંસ્કાર મળ્યા ન હતા, તેમ જ આત્માની ઓળખાણ થઈ ન હતી.

એકવાર માથે સફેદ વાળ દેખીને મંત્રીએ જાણ્યું કે હવે વૃદ્ધાવસ્થા આવી રહી છે, માટે હવે આત્માનું હિત કરી લઉં. આમ વિચારી તેણે મંત્રીપણું મુકી દીધું ને એક મુનિ પાસે દીક્ષા લઈ લીધી. રાજાએ તેના પુત્રને મંત્રી બનાવ્યો, કમઠ દુષ્ટ હોવાથી તેને મંત્રી ન બનાવ્યો, પણ મરુભૂતિને મંત્રી બનાવ્યો. પોતે મોટો હોવા છતાં પોતાને મંત્રીપદ ન મળ્યું ને નાનાભાઈને મંત્રીપદ મળ્યું તેથી કમઠના મનમાં ઘણી ઈર્ષા થતી હતી.

એક વખત રાજા અરવિંદ બીજા રાજા સામે લડવા માટે ગયો, ત્યારે મંત્રી મરુભૂતિને પણ સાથે લઈ ગયો. રાજા અને મંત્રી બંને બહાર જતાં દુષ્ટ કમઠ પોતે જ રાજા હોય તેમ વર્તવા લાગ્યો, ને પ્રજાને હેરાન

કરવા લાગ્યો. મરુભૂતિની સ્ત્રી ઘણી સુંદર હતી, તેને દેખીને કમઠ તેના ઉપર મોહિત થઇ ગયો. અરેરે, પોતાના નાનાભાઇની સ્ત્રી ઉપર તે મોહિત થયો ! પાપી જીવને વિવેક ક્યાંથી હોય ? નાના ભાઇની સ્ત્રી તે તો પુત્રીસમાન ગણાય, છતાં વિષયાંધ જીવ તેના ઉપર પણ કુદૃષ્ટિ કરવા લાગ્યો. ધિક્કાર છે એવા વિષયોને ! તેથી જ શાસ્ત્રો કહે છે કે હે જીવ ! વિષ જેવા વિષયોને તું દૂરથી જ છોડ.

સુંદરી સ્ત્રી ઉપર મોહિત થયેલો કમઠ એકદમ ઉદાસ રહેવા લાગ્યો, અને તેણે પોતાના મનની વાત પોતાના એક મિત્રને કરી. તેના મિત્રે તેને ખરાબ કામ ન કરવા માટે ઘણું સમજાવ્યો; આવાં પાપકાર્યોથી જીવ નરકમાં જાય છે, અહીં પણ તેની નિંદા થાય છે, માટે હે મિત્ર ! તું મારી શિખામણ માન, અને આવા દુષ્ટ વિચારને છોડી દે ! પરંતુ પાપી કમઠે તેની એક પણ શિખામણ ન માની; અને કહ્યું કે જો સુંદરી સ્ત્રી મને નહિ મળે તો હું મરી જઇશ.

અંતે મરુભૂતિની સુંદરી સ્ત્રીને કપટપૂર્વક તેણે એક ફૂલવાડીમાં બોલાવી, અને દુષ્ટ કમઠે તેની સાથે દુરાચાર કર્યો. રાજા તો બહારગામ હતો, ફરિયાદ કોની પાસે કરવી ?

કેટલાક દિવસ પછી, લડાઇનું કામ મરુભૂતિ મંત્રીને સોંપીને અરવિંદ રાજા પોદનપુર ગામમાં પાછા ફર્યા અને રાજ્યની વ્યવસ્થા સંભાળી લીધી. લોકો પાસેથી કમઠના દુરાચારની વાત તેણે સાંભળી અને કમઠ ઉપર તેને ઘણો ગુસ્સો આવ્યો. આવો અન્યાયી માણસ મારા રાજ્યમાં શોભે નહિં, એમ વિચારીને તેને કડક શિક્ષા કરી; તેને માથે ટકો કરાવી, મોઢું કાળું કરી, ગધેડા ઉપર બેસાડીને નગર બહાર કાઢી મુકયો. પાપી કમઠના આવા હાલ દેખીને નગરજનો કહેવા લાગ્યા કે

જુઓ, આ પાપી જીવ એનાં પાપનું ફળ ભોગવી રહ્યો છે; માટે પાપથી દૂર રહો.

રાજાએ કમઠને કાઢી મૂકયો તેથી તે ઘણો દૂ:ખી થયો અને તાપસી લોકોના મઠમાં જઇ બાવો થઈને રહેવા લાગ્યો, તથા કુગુરુઓની સેવા કરવા લાગ્યો. ત્યાં કોઈને લાંબી જટા હતી, તો કોઈએ શરીરે રાખ લગાવી હતી, કોઈ મૃગચર્મ ઉપર બેઠા હતા તો કોઈ પંચાગ્નિ તપતા હતા; કમઠ આવા કુગુરુઓ સાથે રહેવા લાગ્યો; એને કાંઈ જ્ઞાન તો હતું નહીં, વૈરાગ્ય પણ ન હતો, અજ્ઞાનથી અને ક્રોધથી હાથમાં મોટો પથરો ઉપાડીને, તે ઊભો ઊભો તપ કરતો હતો. એવામાં શું બન્યું ! ...... તે જાણતા પહેલાં આપણે તેના ભાઈ મરુભૂતિની તપાસ કરી લઈએ.

❖ ❖ ❖

લડાઈમાં ગયેલો મરુભૂતિ જયારે પાછો આવ્યો, અને પોતાના મોટા ભાઈ કમઠના દુરાચારની વાત જાણી, તથા રાજાએ તેને કાઢી મૂકયાની ખબર પડી, ત્યારે તેને ઘણું દુ:ખ થયું. ભાઈ ઉપર તેણે ક્રોધ ન કર્યો પણ ઊલટું તેને મળવાનું અને ઘરે પાછો લાવવાનું મન થયું. એટલે તે રાજા પાસે આવ્યો અને કહ્યું કે હે મહારાજ ! મારા ભાઈનો અપરાધ ક્ષમા કરો અને તેને રાજયમાં પાછો લાવવાની રજા આપો.

રાજાએ કહ્યું : ભાઈ ! તું ઘણો સજજન છો પણ કમઠ દુષ્ટ છે; એક જ ઘરમાં અમૃત અને ઝેરનો સંગમ થયો છે. કમઠ તારો ભાઈ છે પણ તેણે જે ખરાબ અને અન્યાયી કાર્ય કર્યુ છે તેની શિક્ષા કરવી જ જોઈએ, તેમાં જ રાજ્યની શોભા છે માટે તું કાંઈ ચિંતા ન કર અને ઘરે જા.

ઘરે આવીને પણ મરુભૂતિને પોતાના ભાઈ વગર ચેન પડયું નહીં; એટલે તે તેના ભાઈને મળવા માટે જવા લાગ્યો. રાજાએ તેની પાસે ન જવા માટે તેને ઘણું સમજાવ્યો, પણ તેણે માન્યુ નહીં, ને મોટાભાઈના મોહને વશ તેની તપાસ કરવા, અને તેની ક્ષમા માગવા માટે તે ચાલ્યો. રે..... બંધુપ્રેમનો મોહ કેવો છે ! જીવોને મોહનું બંધન તોડવું મુશ્કેલ પડે છે.

મરુભૂતિ પોતાના ભાઈને શોધતાં શોધતાં જયાં કમઠ રહેતો હતો ત્યાં આવી પહોંચ્યો, અને પોતાના ભાઈને બાવો થઈને આમ ખોટું તપ કરતો દેખીને તેને ઘણું દુઃખ થયું. તેની પાસે જઈ, હાથ જોડીને તે કહેવા લાગ્યો કે હે ભાઈ ! તમારા વગર મને ગમતું નથી. મેં રાજાને ઘણી વિનંતી કરી પણ તેણે માફી ન આપી. હવે જે થયું તે થયું; તમે આ ખોટા વેષને છોડી દો; આવા કુગુરુઓ સાથે રહેવામાં ને આ ખોટા તપ કરવામાં જીવનું કાંઈ ભલું થવાનું નથી, માટે તે છોડી દો; અને મારી સાથે પાછા આવો. તમે મારા મોટાભાઈ છો, માટે મારા પ્રત્યે ક્રોધ ન કરતાં મને ક્ષમા કરો. આમ કહીને તે મરુભૂતિએ પોતાના મોટાભાઈ કમઠને વંદન કર્યું.

પરંતુ આ તો ક્રોધી કમઠ ! એ પોતાનો ક્રોધ કેમ છોડે ? સજજનો પોતાનો સરલ સ્વભાવને છોડતા નથી ને દુર્જનો પોતાના દુષ્ટ સ્વભાવને છોડતા નથી. જેમ કુહાડી વડે કાપવા છતાં ચંદન તો સુંગધ જ આપે છે તેમ દુષ્ટજનો વડે દુઃખ દેવા છતાં સજજનો પોતાની શાંતિને છોડતા નથી. દેખો, કમઠે કેવું ખરાબ કામ કર્યુ છતાં મરુભૂતિએ તેનો પ્રેમ અને વિનય છોડયો નહીં; પ્રેમથી તેની પાસે માફી માંગી.

– પણ દુષ્ટ કમઠનો ક્રોધ તો ઉલટો વધી ગયો. મારું આવું અપમાન આ મરુભૂતિને લીધે જ થયું છે, ને અહીં પણ તે મને દુઃખ દેવા માટે જ આવ્યો છે ! મારું પાપ અહીં બધા વચ્ચે તે કહી દેશે ! આમ વિચારી ક્રોધમાં ને ક્રોધમાં તે કમઠે હાથમાં ઉપાડેલો મોટો પથરો મરુભૂતિના માથા પર ફેંક્યો....... મોટા પથરાનો ઘા લાગવાથી તરત જ મરુભૂતિનું માથું ફાટી ગયું ; તેમાંથી લોહીનો ધોધ વહેવા લાગ્યો ને થોડીવારમાં તેનું મરણ થઈ ગયું. અરેરે, ક્રોધને લીધે સગા ભાઈના જ હાથે ભાઈનું મૃત્યુ થયું. – રે સંસાર ! જેમ સર્પ પાસેથી અમૃત કદી મળતું નથી તેમ ક્રોધમાંથી કદી સુખ મળતું નથી. ક્ષમારૂપ જીવનો સ્વભાવ છે. તેના સેવનથી જ સુખ થાય છે,

પત્થર વડે જ્યારે મરુભૂતિનું મૃત્યુ થયું ત્યારે તેને પણ દુઃખને લીધે આર્ત્તધ્યાન થઈ ગયું ; હજી આત્માનું જ્ઞાન તો તેને થયું ન હતું; એટલે આર્ત્તધ્યાનના ભૂંડા ભાવથી મરીને તે પશુગતિમાં જન્મ્યો, ને સમ્મેદશિખરની નજીકના એક વનમાં મોટો હાથી થયો.

( પ્રિય પાઠક ! હાથી થયેલો આ પારસનાથ ભગવાનનો જીવ, આ હાથીના ભવમાં જ આત્મજ્ઞાન પામવાનો છે. તેની સુંદર કથા થોડી વારમાં તમે વાંચશો પણ તે પહેલા કમઠનું તથા રાજા અરવિંદનું શું થયું – તે જાણી લઈએ. )

કમઠે પોતાના ભાઈને પત્થર વડે છૂંદી નાંખ્યો એ વાત જ્યારે આશ્રમના તાપસોએ જાણી ત્યારે તેમણે કમઠને પાપી જાણીને ત્યાંથી કાઢી મૂક્યો. પાપી કમઠ ચોરલોક સાથે રહેવા લાગ્યો ને ચોરી કરવા લાગ્યો. ચોરી કરતાં પકડાયો ત્યારે તેને ખૂબ માર્યો. એ ઘણો દુઃખી

થયો, પણ તેણે પોતાના ભાવ સુધાર્યા નહીં; અંતે ક્રોધમાં મરીને તે કુકકટ નામનો ભયંકર ઝેરી સર્પ થયો.

મરુભૂતિ તો મરીને હાથી થયો છે, પણ આ બાજુ રાજા અરવિંદને તેની કાંઇ ખબર નથી; તે તો ચિંતા કરે છે કે મારો મંત્રી મરુભૂતિ હજી કેમ પાછો ન આવ્યો ? એવામાં ત્યાં એક અવધિજ્ઞાની મુનિરાજ પધાર્યા, તેમનો ઉપદેશ સાંભળીને રાજા ઘણો ખુશી થયો. પછી પૂછયું કે મરુભૂતિ કયાં છે ? તે હજી કેમ પાછો આવ્યો નથી ?

ત્યારે મુનિરાજે કહ્યું કે હે રાજા ! મરુભૂતિને તો તેના ભાઇ કમઠે મારી નાખ્યો છે..... દુ:ખથી કુમરણ કરીને તે હાથી થયો છે.

એ સાંભળતા જ રાજાને ખેદ થયો; તે વિચારવા લાગ્યો કે અરે ! આ સંસાર કેવો છે ! દુષ્ટનો સંગ કરવાથી મરુભૂતિ દુ:ખી થયો.

મુનિરાજે વૈરાગ્યથી સમજાવ્યું કે હે રાજા ! આ સંસારના જન્મ-મરણને કોઇ મિથ્યા કરી શકતું નથી. આત્માનું જ્ઞાન જયાંસુધી ન કરે ત્યાંસુધી જીવને આવા જન્મ-મરણ થયા જ કરે છે. પોતાના હિતને માટે જીવે દુષ્ટ પુરુષોનો સંગ છોડી જ્ઞાની ધર્માત્માઓનો સંગ કરવા જેવો છે.

રાજા ઉદાસચિત્તે ઘેર આવ્યો; તે એકવાર રાજમહેલની અગાશીમાં બેઠો હતો ને મુનિરાજના ઉપદેશને યાદ કરીને વૈરાગ્યના વિચાર કરતો હતો એવામાં એક ઘટના બની : આકાશમાં સુંદર રંગબેરંગી વાદળા ભેગા થવા લાગ્યા, ને થોડીવારમાં તો એક અત્યંત સુંદર જિનમંદિર હોય એવું દૃશ્ય બની ગયું. એનો દેખાવ અદ્ભુત હતો ! અહા, આકાશમાં આવું રમણીય જિનમંદિર, તે દેખીને રાજાને એવો

વિચાર આવ્યો કે હું પણ મારા રાજ્યમાં આવું જ મંદિર બનાવીશ. - આમ વિચારીને તે મંદિરનું ચિત્ર કરી લેવા તેણે તૈયારી કરી. પણ રાજાએ હજી તો કલમ હાથમાં લીધી ત્યાં તો વાદળાં વીખરાઈ ગયા ને તે અદ્‌ભુત મંદિરની રચના અદશ્ય થઈ ગઈ.

રાજા તો આ દેખીને દિંગ થઈ ગયો.... અરે ! આવો અસ્થિર સંસાર ! સંયોગ આવા ક્ષણભંગુર ! આ રાજપાટ-રાણી-શરીર એ બધા સંયોગો પણ આ વાદળાં જેવા જ અસાર અને વિનાશિક છે. અરે, આવા અસ્થિર ઈન્દ્રિયવિષયોમાં દિનરાત મચ્યા રહેવું તે જીવને શોભતું નથી. આ શરીર ક્ષણભંગુર છે ને ભોગો તો દુઃખ દેનાર જ છે જેણે પોતાનું હિત કરવું હોય તેણે આવા ભોગોના મોહમાં જીવન ગુમાવવું યોગ્ય નથી. જેમ આ વાદળાં ક્ષણનાય વિલંબ વગર વીખરાઈ ગયા, તેમ હું પણ હવે તો ક્ષણનાય વિલંબ વગર આ સંસાર છોડીને મુનિ થઈશ ને આત્મધ્યાન વડે કર્મના વાદળાંની વિખેરી નાંખીશ.

આ પ્રમાણે અત્યંત વૈરાગ્યપૂર્વક રાજપાટ છોડીને અરવિંદ રાજા વનમાં ચાલ્યા ગયા ને દિગંબર ગુરુ પાસે દીક્ષા લઈને મુનિ થયા. તે અરવિંદમુનિરાજ આત્માનું સાધન કરે છે ને દેશોદેશ વિચરે છે, અનેક તીર્થોની યાત્રા કરે છે ને અનેક જીવોને પ્રતિબોધે છે.

ધન્ય મુનિરાજ !

હાથીને સમ્યગ્દર્શન થવાનું આનંદકારી વર્ણન

આપ હવેના પ્રકરણમાં વાંચશો.

(૨)

# ❀ હાથીના ભવમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ ❀

*(મરુભૂતિ - હાથી; અને કમઠ - સર્પ)*

(આપણા ત્રેવીસમા તીર્થંકર પારસનાથ ભગવાનની આ કથા ચાલે છે. મરુભૂતિ અને કમઠ એ બંને ભાઈ હતા. કમઠે ક્રોધથી મરુભૂતિને મારી નાંખ્યો; મરુભૂતિ મરીને હાથી થયો છે; ને કમઠનો જીવ સર્પ થયો છે. તેના રાજા અરવિંદ વૈરાગ્યથી મુનિ થયા છે... તે મુનિરાજ અનેક તીર્થોની યાત્રા કરતા-કરતા દેશોદેશ વિચરે છે ને ભવ્ય જીવોને પ્રતિબોધે છે. તે વાત તમે વાંચી. હવે હાથીનો જીવ સમ્યક્ત્વ પામે છે તેનું આનંદકારી વર્ણન વાંચો.)

સમ્મેદશિખર.... એ આપણા જૈનધર્મનું મહાન તીર્થ છે, અનંતા જીવો ત્યાંથી સિદ્ધપદ પામ્યા છે; તેની યાત્રા કરતાં સિદ્ધપદનું સ્મરણ થાય છે. અનેક મુનિઓ ત્યાં આત્માનું ધ્યાન કરે છે.

આવા સમ્મેદશિખર મહાન તીર્થની યાત્રા કરવા માટે એક મોટો સંઘ ચાલ્યો જાય છે. એ યાત્રસંઘમાં હજારો શ્રાવકો છે, કેટલાય નાનાં બાળકો પણ હોંશે હોંશે જાત્રા કરવા જઈ રહ્યા છે; કેટલાક દિગંબર મુનિરાજ પણ સંઘની સાથે વિહાર કરી રહ્યા છે. રત્નત્રયધારી તે મુનિરાજ કોઈવાર ધર્મકથા કરે છે તો કોઈવાર આત્માનું સ્વરૂપ સમજાવે છે, તે સાંભળીને સૌને ઘણો આનંદ થાય છે;

કોઈકવાર ભકિતપૂર્વક મુનિરાજને આહારદાન દેવાનો લાભ મળતાં શ્રાવકોને ઘણો હર્ષ થાય છે; અરસપરસ સૌ સાધર્મીઓ ધર્મચર્ચા કરે છે, પંચપરમેષ્ઠીના ગુણ ગાય છે; આમ બહુજ આનંદપૂર્વક મોટો સંઘ સમ્મેદશિખરની યાત્રા માટે જઈ રહ્યો છે.

જે અરવિંદ રાજા દીક્ષા લઈને મુનિ થયા છે તે અરવિંદમુનિરાજ પણ આ સંઘની સાથે જ છે. ચાલતાં ચાલતાં સંઘે એક વનમાં પડાવ નાખ્યો. શાંત વન હજારો મનુષ્યોના કોલાહલથી ગાજી ઊઠયું..... જંગલમાં જાણે નગરી વસી ગઈ. અરવિંદ મુનિરાજ એક ઝાડ નીચે આત્માના ધ્યાનમાં બેઠા છે એવામાં અચાનક એક ઘટના બની...... શું બન્યું ? તે સાંભળો.

એક મોટો હાથી ગાંડો થઈને ચારેકોર દોડાદોડ કરવા લાગ્યો, ને લોકો નાસભાગ કરવા લાગ્યા. કોણ છે એ હાથી ? થોડાક ભવ પછી તો એ હાથી પારસનાથ ભગવાન થવાનો છે. જે પૂર્વભવમાં મરૂભૂતિ હતો તે મરીને હાથી થયો છે, તે જ હાથી આ છે એનું નામ વજ્રઘોષ છે; તે હાથી આ વનનો રાજા છે, ને ભાન વગર જંગલમાં ભટકી રહ્યો છે. પૂર્વભવની તેની ભાભી (કમઠની સ્ત્રી) પણ મરીને આ જંગલમાં હાથણી થઈ છે. સુંદર વનમાં એક મોટું સરોવર છે; તેમાં હાથી રોજ નહાય છે. વનમાં મીઠા ફળફૂલ ખાય છે, ને હાથણીઓ સાથે રમે છે. નિર્જન વનમાં માણસો કયારેક જ દેખાય છે.

જે વનમાં આ હાથી રહેતો હતો તે જ વનમાં યાત્રાસંઘે પડાવ નાખયો એટલે ત્યાં મોટો કોલાહલ થવા લાગ્યો. નિર્જન વનમાં આટલા બધા માણસો ને વાહનો હાથીએ કદી જોયા ન હતા; તેથી માણસોને દેખીને હાથી રઘવાયો બન્યો ને ગાંડો થઈને ચારેકોર ઘૂમવા લાગ્યો, જે

હડફેટમાં આવે તેને મારવા લાગ્યો; લોકો તો ચીસેચીસ પાડીને ચારેકોર ભાગવા લાગ્યા. હાથીએ કોઈને પગ નીચે છૂંદી નાંખ્યા તો કોઈને સૂંઢથી પકડીને ઊંચે ઊલાળ્યા; રથને ભાંગી નાંખ્યા ને ઝાડને ઊખેડી નાંખ્યા. ઘણાં માણસો ભયભીત થઈને મુનિરાજના શરણમાં પહોંચી ગયા.

ગાંડો હાથી ચારેકોર ફરતો-ફરતો, જયાં અરવિંદ મુનિરાજ બિરાજતા હતા તે તરફ કિકિયારી કરતો દોડયો. લોકોને બીક લાગી કે અરે, આ હાથી મુનિરાજને શું કરી નાંખશે ?

મુનિરાજ તો શાંત થઈને બેઠા છે. એમને જોતાં જ સૂંઢ ઊંચી કરીને હાથી તેમના તરફ દોડયો ...... પણ .......

પણ અરવિંદ મુનિરાજની છાતીમાં એક ચિન્હ જોતાં જ તે હાથી એકદમ શાંત થઈ ગયો..... તેને થયું કે અરે ! આમને તો મેં કયાંય જોયા છે.... આ મારા ઓળખીતા ને હિતસ્વી હોય એમ મને લાગે છે આવા વિચારમાં હાથી એકદમ શાંત થઈને ઊભો રહ્યો; એનું ગાંડપણ મટી ગયું ને મુનિરાજ સામે સૂંઢ નમાવીને બેસી ગયો. લોકો તો આશ્ચર્ય પામી ગયા કે અરે ! મુનિરાજ પાસે આવતાં જ આ ગાંડો હાથી એકાએક શાંત કેમ થઈ ગયો ! આ બનાવ દેખીને ચારેકોરથી માણસો ત્યાં મુનિરાજ પાસે દોડી આવ્યા. મુનિરાજે અવધિજ્ઞાન વડે હાથીના પૂર્વભવને જાણી લીધો; અને શાંત થયેલા હાથીને સંબોધીને કહ્યું : અરે બુદ્ધિમાન ! આ પાગલપણું તને નથી શોભતું, આ પશુતા, અને આ હિંસા તુ છોડ ! પૂર્વભવમાં તું મરુભૂતિ હતો; ત્યારે હું અરવિંદ રાજા હતો તે મુનિ થયો છું; અને તુ મારો મંત્રી હતો, પણ આત્માનું ભાન ભૂલીને આર્ત્તધ્યાનથી તુ આ પશુપર્યાય પામ્યો.... હવે તો તુ ચેત.... અને આત્માને ઓળખ.

મુનિરાજનાં મીઠા વચન સાંભળીને હાથીને ઘણો વૈરાગ્ય થયો, તેને પોતાના પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના દુષ્કર્મ માટે તેને ઘણો પસ્તાવો થયો; તેની આંખોમાંથી આંસુની ધાર પડવા લાગી, વિનયથી મુનિરાજના ચરણોમાં માથુ નમાવીને સામે જોઇ રહ્યો...... કુદરતી તેનું જ્ઞાન એટલું ઊઘડી ગયું કે તે મનુષ્યની ભાષા સમજવા લાગ્યો. અને મુનિરાજની વાણી સાંભળવા તેને જિજ્ઞાસા જાગી.

મુનિરાજે જોયું કે આ હાથીના જીવના પરિણામ અત્યારે વિશુદ્ધ થયા છે, તેને આત્મા સમજવાની તીવ્ર જિજ્ઞાસા જાગી છે.... અને તે એક હોનહાર તીર્થંકર છે ..... એટલે અત્યંત પ્રેમથી (વાત્સલ્યથી) તે હાથીને ઉપદેશ દેવા લાગ્યા : અરે હાથી ! તું શાંત થા. આ પશુપર્યાય એ કાંઇ તારું સ્વરૂપ નથી, તું તો દેહથી ભિન્ન ચૈતન્યમય આત્મા છો. આત્માના જ્ઞાન વગર ઘણા ભવમાં તેં ઘણા દુઃખ ભોગવ્યાં, હવે તો આત્માનું સ્વરૂપ જાણ અને સમ્યક દર્શન ધારણ કર. સમ્યગ્દર્શન જ જીવને મહાન સુખકર છે. રાગ અને જ્ઞાનને એકમેક અનુભવવાનો અવિવેક તું છોડ.... છોડ! તું પ્રસન્ન થા, ..... સાવધાન થા.... અને સદાય ઉપયોગરૂપ સ્વદ્રવ્ય જ મારું છે એમ તું અનુભવ કર. તેથી તને ઘણો આનંદ થશે. તું નિકટભવ્ય છો, માટે આજે જ આવો અનુભવ કર.

હાથી ખૂબ ભકિતથી સાંભળે છે. મુનિરાજના શ્રીમુખથી આત્માના સ્વરૂપની અને સમ્યગ્દર્શનની વાત સાંભળતા તેને ઘણો હર્ષોલ્લાસ થાય છે, તેના પરિણામ વધુ ને વધુ નિર્મળ થતાં જાય છે..... તેના અંતરમાં સમ્યગ્દર્શનની તૈયારી ચાલી રહી છે.

મુનિરાજ તેને આત્માનું પરમ શુદ્ધ સ્વરૂપ દેખાડે છે: રે જીવ ! તારો આત્મા અનંત ગુણરત્નોનો ખજાનો છે..... આ હાથીનું જાડું શરીર તે તો પુદ્ગલ છે, તે કાંઈ તું નથી. તું તો જ્ઞાનસ્વરૂપ છો. તારા જ્ઞાનસ્વરૂપમાં પાપતો નથી ને પુણ્યનો શુભરાગ પણ નથી; તું તો વીતરાગી આનંદમય છો. આવા તારા સ્વરૂપને અનુભવમાં લઈને સમ્યગ્દર્શન ધારણ કર.

જગતમાં સમ્યગ્દર્શન જ જીવને સારરૂપ છે; તે જ મોક્ષનું પગથિયું છે, તે જ ધર્મનો પાયો છે. સમ્યગ્દર્શન વગર કોઈ પણ ધર્મ ક્રિયા હોતી નથી; સમ્યગ્દર્શન વગરની બધી ક્રિયાઓ નકામી છે. મિથ્યાત્વના દાવાનળમાં આખો સંસાર સળગી રહ્યો છે, તેમાંથી આ સમ્યગ્દર્શન જ જીવને ઉગારનાર છે. વીતરાગ-સર્વજ્ઞ અરિહંત દેવ, રત્નત્રયધારક દિગંબર મુનિરાજ ગુરુ અને હિંસા વગરનો વીતરાગભાવરૂપ ધર્મ- આવા દેવ ગુરુ ધર્મને ઓળખીને તુ શ્રદ્ધા કર, અત્યંત ભકિતથી તેમનો આદર કર, અને તેમણે આત્માનું શુદ્ધ સ્વરૂપ જેવું કહ્યું છે તેવું તું જાણ.... તેની શ્રદ્ધા કર...... આવા સમ્યગ્દર્શનથી તારું પરમ કલ્યાણ થશે.

આમ ઘણા પ્રકારે મુનિરાજે સમ્યગ્દર્શનનો ઉપદેશ આપ્યો તે સાંભળીને હાથીના પરિણામ અંતર્મુખ થયા .... અને અંતરમાં પોતાના આત્માનું સાચું સ્વરૂપ દેખીને તેને સમ્યગ્દર્શન થયું... પરમ આનંદનો અનુભવ થયો... તેને એમ થયું કે 'અહા, અમૃતના દરિયા મારા આત્મામાં ડોલી રહ્યા છે... પરભાવોથી ભિન્ન સાચું સુખ મારા આત્મામાં અનુભવાય છે, ક્ષણમાત્ર આવા આનંદના અનુભવથી અનંત ભવનો થાક ઊતરી જાય છે.' આવા આત્માનો વારંવાર અનુભવ કરવાનું

તેને મન થયું... ઉપયોગ ફરી ફરીને અંતરમાં એકાગ્ર થવા લાગ્યો. આ અનુભવના અચિંત્ય અપાર મહિમાનો કોઈ પાર ન હતો. વારંવાર તેને એમ થતુ કે 'અહો! આ મુનિરાજે અદ્ભૂત ઉપકાર કરી આત્માનું મૂળ સ્વરૂપ મને સમજાવ્યું. આત્મ-ઉપયોગ સહજપણે ઝડપથી પોતાના સ્વરૂપ તરફ વળતાં સહજ નિર્વિકલ્પ સ્વરૂપ અનુભવાયું.... ચૈતન્યપ્રભુ પોતાના 'એકત્વ' માં આવીને નિજાનંદમાં ડોલવા લાગ્યા.... વાહ ! આત્માનું સ્વરૂપ કોઈ અદ્ભુત છે. પરમ તત્ત્વને પામીને, મારા ચૈતન્યપ્રભુને મેં મારામાં જ દેખ્યા.

આમ સમ્યગ્દર્શન થતાં હાથીના આનંદનો કોઈ પાર નથી. તેની આનંદમય ચેષ્ટાઓ, તથા તેની આત્મશાંતિ દેખીને મુનિરાજને પણ ખ્યાલ આવી ગયો કે આ હાથીનો જીવ આત્મજ્ઞાન પામ્યો છે, ભવનો છેદ કરીને તે મોક્ષના માર્ગમાં આવ્યો છે. મુનિરાજે પ્રસન્ન થઈને હાથ ઊંચો કરીને હાથીને આશીર્વાદ આપ્યા.

સંઘના હજારો લોકો આ દૃશ્ય દેખીને બહુ ખુશી થયા. એક ક્ષણમાં આ બધું શું બની રહ્યું છે તે સૌ આશ્ચર્યથી જોવા લાગ્યા.

આત્માનું જ્ઞાન થતાં હાથી તો ઘણા જ ભક્તિભાવથી મુનિરાજનો ઉપકાર માનવા લાગ્યો... અરે, પૂર્વે આત્માના ભાન વિના આર્ત્તધ્યાન કરવાથી હું પશુદશાને પામ્યો, પણ હવે આ મુનિરાજના પ્રતાપે મને આત્મભાન થયું છે, ને તે આત્માના ધ્યાન વડે હવે હું પરમાત્મા થઈશ. એમ વિચારીને તે હાથી સૂંઢ નમાવીને મુનિરાજને નમસ્કાર કરતો હતો.

(જુઓ, તા ખરા, બંધુઓ ! આપણો જૈનધર્મ કેવો મહાન છે કે તેના સેવન વડે એક પશુ પણ આત્મજ્ઞાન કરીને પરમાત્મા બની શકે

છે ! દરેક આત્મામાં પરમાત્મા થવાની તાકાતછે એમ આપણો જૈનધર્મ બતાવે છે. વાહ ...... જૈનધર્મ ....... વાહ ! )

મુનિરાજ પાસેથી સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજીને, હાથીની સાથે સાથે બીજા પણ ઘણાય જીવો સમ્યગ્દર્શન પામ્યા. જેમ તીર્થંકર એકલા મોક્ષમાં ન જાય, બીજા ઘણાય જીવો પણ તેમની સાથે મોક્ષ પામે, તેમ અહીં તીર્થંકરનો આત્મા સમ્યગ્દર્શન પામતાં, બીજા ઘણાંય જીવો પણ તેમની સાથે સમ્યગ્દર્શન પામ્યા; અને ચારેકોર ધર્મનો જયજયકાર થઇ ગયો. થોડીવાર પહેલાં જે હાથી ગાંડો થઇને હિંસા કરતો હતો, તે જ હાથી હવે આત્મજ્ઞાની થઇને શાંત અહિંસક બની ગયો, અને મુનિરાજ પાસેથી ફરી ફરી ધર્મ સાંભળવા માટે આતુરતાથી તેમની સામે જોઇ રહ્યો. ઘણા શ્રાવકો પણ ઉપદેશ સાંભળવા બેઠા હતા.

શ્રી મુનિરાજે મુનિધર્મનો તથા શ્રાવકધર્મનો ઉપદેશ આપ્યો : સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન ઉપરાંત જયારે ચારિત્રદશા થાય એટલે કે આત્માનો ઘણો અનુભવ થાય ત્યારે જીવને મુનિદશા થાય છે. તે મુનિઓ ઉત્તમ ક્ષમા વગેરે દસ ધર્મોને પાળે છે. અને હિંસાદિક પાંચ પાપો તેમને જરાય હોતાં નથી એટલે અહિંસા વગેરે પાંચ મહાવ્રત તેમને હોય છે.

અને સમ્યગ્દર્શન થવા છતાં જે જીવો મુનિ ન થઇ શકે તેઓ શ્રાવકધર્મ પાળે છે; તેને આત્માના જ્ઞાન સહિત અહિંસા વગેરે પાંચ અણુવ્રત હોય છે. તિર્યંચગતિમાં પણ શ્રાવકધર્મ નું પાલન થઇ શકે છે. માટે હે ગજરાજ! તમે શ્રાવકધર્મને અંગીકાર કરો.

મુનિરાજ પાસેથી ધર્મનો ઉપદેશ સાંભળીને ઘણા જીવોએ વ્રત ધારણ કર્યા. હાથીને પણ ભાવના જાગી કે જો હું મનુષ્ય હોત તો હું પણ

ઉત્તમ મુનિધર્મને અંગીકાર કરત; આમ મુનિધર્મની ભાવના સહિત તેણે શ્રાવકધર્મ અંગીકાર કર્યો; એટલે મુનિરાજના ચરણોમાં નમસ્કાર કરીને તેણે પાંચ અણુવ્રત ધારણ કર્યા...... તે શ્રાવક બન્યો.

સમ્યગ્દર્શન પામીને વ્રતધારી થયેલો તે વજ્રઘોષ હાથી વારંવાર મસ્તક નમાવીને અરવિંદ-મુનિરાજને નમસ્કાર કરવા લાગ્યો, સૂંઢ ઊંચીનીચી કરીને ઉપકાર માનવા લાગ્યો. હાથીની આવી ધર્મચેષ્ટા દેખીને શ્રાવકો બહુ રાજી થયા, અને જ્યારે મુનિરાજે પ્રસિદ્ધ કર્યું કે આ હાથીનો જીવ આત્માની ઉન્નત્તિ કરતો-કરતો ભરતક્ષેત્રમાં ૨૩મા તીર્થંકર થશે, ત્યારે તો સૌના હર્ષનો પાર ન રહ્યો; હાથીને ધર્માત્મા ગણીને ઘણા પ્રેમથી શ્રાવકો તેને નિર્દોષ આહાર દેવા લાગ્યા.

યાત્રાસંઘ થોડો વખત તે વનમાં રોકાઈને પછી સમ્મેદશિખર તરફ ચાલ્યો; હાથીનો જીવ થોડા ભવ પછી આ સમ્મેદશિખર ઉપરથી મોક્ષ પામવાનો છે, તેની યાત્રા કરવા સંઘ જાય છે. અરવિંદ મુનિરાજ પણ સંઘની સાથે વિહાર કરવા લાગ્યા. ત્યારે હાથી પણ અત્યંત વિનયપૂર્વક પોતાના ગુરુને વળાવવા માટે દૂર સુધી પાછળ પાછળ ગયો..... અંતે ફરીફરીને મુનિરાજને સમસ્કાર કરીને ગદ્ગદ્ભાવે પોતાના વનમાં પાછો આવ્યો.

હાથી હવે પાંચવ્રત સહિત નિર્દોષ જીવન જીવે છે' પોતે જે શુદ્ધ આત્મા અનુભવ્યો છે તેની ફરીફરીને ભાવના કરે છે. કોઈ પણ જીવને તે હેરાન કરતો નથી, ત્રસહિંસા થાય તેવો ખોરાક ખાતો નથી; શાંતભાવથી રહે છે, ને સુકાઈ ગયેલા ઘાસપાન ખાય છે; કોઈવાર ઉપવાસ પણ કરે છે. ચાલતી વખતે પગ જોઈ જોઈને મૂકે છે. હાથિણીનો

સંગ તેણે છોડી દીધો છે. મોટા શરીરને તે બહુ હલાવતો નથી, વનના પ્રાણીઓ સાથે શાંતિથી રહે છે ને ગુરુના ઉપકારને વારંવાર યાદ કરે છે. હાથીની આવી શાંત ચેષ્ટા દેખીને બીજા હાથીઓ તેની સેવા કરે છે. વનના વાંદરા અને બીજા પશુઓ પણ તેના ઉપર પ્રેમ રાખે છે ને સુકા ઘાસપાન લાવીને તેને ખવડાવે છે.

પૂર્વભવનો તેનો ભાઈ કમઠ, કે જે ક્રોધથી મરીને ઝેરી સર્પ થયો છે તે આ વનમાં જ રહે છે, જીવ-જંતુઓને મારી ખાય છે ને નવા પાપ બાંધે છે.

એક દિવસ હાથીને તરસ લાગી એટલે પાણી પીવા માટે તે સરોવર પાસે આવ્યો; તળાવના કિનારે ઝાડ પર ઘણા વાંદરા રહેતા હતા, તે હાથીને જોઈ ને ખુશી થયા. તળાવમાં ચોખ્ખું પાણી જોઈને તે પીવા માટે હાથી સરોવરમાં ઊતર્યો; પણ તેનો પગ ઊંડા કાદવમાં ખૂંચી ગયો.... તે કાઢવાની ઘણી મહેનત કરવા છતાં નીકળી ન શકયો. આથી તે હાથીએ આહાર-પાણીનો ત્યાગ કરીને સમાધિમરણની તૈયારી કરી; તે પંચપરમેષ્ઠીને યાદ કરીને આત્માનું ચિંતન કરવા લાગ્યો. વૈરાગ્યપૂર્વક તે એમ વિચારવા લાગ્યો કે અરે, અજ્ઞાનથી કુમરણ તો મેં અનંતવાર કર્યો, પણ હવે આ અવતાર સફળ છે કે જેમાં સમાધિમરણનો સુઅવસર મળ્યો. શ્રી મુનિરાજે મારા ઉપર મહાન કૃપા કરીને દેહથી ભિન્ન મારું સ્વરૂપ મને સમજાવ્યું, મારા નિધાન મને દેખાડયા; તેમની કૃપાથી મારો નિજ-વૈભવ મેં મારા આત્મામાં દેખ્યો. બસ, હવે આ દેહથી ભિન્ન આત્માની ભાવના-વડે હું સમાધિમરણ કરીશ.

હાથીને કાદવમાં ખૂંચી ગયેલો જોઈને તેને બચાવવા વનના વાંદરા ઘણી કિકિયારી કરવા લાગ્યા. પણ એ નાનકડા વાંદરા મોટા

હાથી કઈ રીતે બહાર કાઢી શકે ? એવામાં સર્પ થયેલો કમઠનો જીવ ફૂંફાડા મારતો ત્યાં આવ્યો; હાથીને દેખતાજ પૂર્વભવના વેરના સંસ્કારને લીધે તેને ઘણો ક્રોધ ચડયો ને દોડીને હાથીને કરડયો. કાળકૂટ ઝેરવાળો સર્પ કરડવાથી હાથીને ઝેર ચડયું અને થોડા વખતમાં તેનું મરણ થયું. પરંતુ આ વખતે તેણે પહેલાની જેમ આર્ત્તધ્યાન ન કર્યું, આ વખતે આત્માના જ્ઞાનસહિત ધર્મની ઉત્તમ ભાવના ભાવતાં-ભાવતાં તેણે સમાધિમરણ કર્યું...... અને દેહ છોડીને તે બારમાં સ્વર્ગમાં દેવ થયો.

સર્પ હાથીને કરડયો તે દેખીને એક વાંદરીને ઘણી ખીજ ચડી અને તેણે તે સર્પને મારી નાંખ્યો, પાપી સર્પ આર્ત્તધ્યાનથી મરીને પાંચમી નરકમાં ગયો. એક વખતના બે સગા ભાઈ, તેમાં પુણ્ય-પાપના ફળ અનુસાર એક તો સ્વર્ગમાં ગયો ને બીજો નરકમાં ગયો.



(૩)

# ❋હાથી બારમાં સ્વર્ગમાં..... સર્પ પાંચમી નરકમાં❋

ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનનું પવિત્ર જીવન આપણે વાંચી રહ્યા છીએ. તીર્થંકરો વગેરે મહાપુરૂષોના જીવનમાંથી, આત્માની આરાધના કેમ કરવી તે જ આપણે શીખવાનું છે. પાપના ફળમાં નરકાદિનાં ભયંકર દુઃખ મળે છે માટે તે છોડવા; પુણ્યના ફળમાં સ્વર્ગાદિ મળે છે એમ જાણવું; ને આત્માના જ્ઞાન સહિત વીતરાગ ભાવથી મોક્ષસુખ મળે છે માટે તેની ઉપાસના કરવી.

આપણા ચરિત્રનાયકનો જીવ પહેલાં મરુભૂતિ હતો, પછી હાથી થયો ને આત્મજ્ઞાન પામ્યો; ત્યાંથી સમાધિમરણ કરીને બારમાં સ્વર્ગમાં દેવ થયો છે તેનું નામ શશિપ્રભદેવ. તે સ્વર્ગની દિવ્યવિભૂતિ દેખીને આશ્ચર્ય પામ્યો, અને અવધિજ્ઞાનથી જાણ્યું કે મેં પૂર્વે હાથીના ભવમાં ધર્મની આરાધના સહિત જે વ્રત પાળ્યાં તેનું આ ફળ છે; આમ જાણીને તેને ધર્મ પ્રત્યે વિશેષ બહુમાન થયું; પૂર્વભવમાં આત્મજ્ઞાન દેનાર મુનિરાજનો ઉપકાર ફરીફરીને યાદ કર્યો; અને પછી સ્વર્ગમાં બિરાજમાન શાશ્વત જિનબિંબની પૂજા કરી. દેવલોકની એ રત્નમય શાશ્વત વીતરાગ મૂર્તિને દેખતાં જ તે અતિશય આનંદ પામ્યો, ને આવો જ મારો આત્મા છે એમ ભાવના કરી. તે અસંખ્યાત વર્ષો સુધી દેવલોકમાં રહ્યો. તે દરમિયાન અનેકવાર પંચમેરુ તથા નંદીશ્વર-દ્વીપના શાશ્વત

જિનમંદિરોની પૂજા કરી; સ્વર્ગમાં બીજા કેટલાંય સમ્યગ્દષ્ટિ દેવો હતા, તેમની સાથે ધર્મની ચર્ચા વડે તે પોતાના શ્રદ્ધા-જ્ઞાનને પુષ્ટ કરતો હતો. માણસની જેમ તેને દરરોજ ભૂખ ન લાગે; સોળહજાર વર્ષ વીત્યા ત્યારે તેને ખાવાની ઈચ્છા થઈ, અને મનમાં અમૃતનું ચિંતન કર્યું ત્યાં તો ભૂખ મટી ગઈ. આઠ મહિને એકવાર તે શ્વાસ લેતો હતો. તેને ચોથી નરક સુધીનું અવધિજ્ઞાન હતું, અને ત્યાં સુધી તે વિક્રિયા કરી શકતો હતો. એનું રૂપ દિવ્ય હતું ને દેવ-દેવીનો ઠાઠમાઠ વૈભવ અપાર હતો. અસંખ્ય વર્ષ સુધી આવા દેવલોકના વૈભવ વચ્ચે રહેવા છતાં તે જીવ આત્મજ્ઞાનને ભૂલ્યો ન હતો. બાહ્યવૈભવથી ભિન્ન પોતાના ચૈતન્ય વૈભવને તે જાણતો હતો. તેને બહારમાં અનેક પ્રકારનાં કલ્પવૃક્ષ પાસેથી સુખસામગ્રી મળતી હતી, ને અંદરમાં પોતાના ચૈતન્ય-કલ્પવૃક્ષના સેવનથી તે સાચું સુખ અનુભવતો હતો. જુઓ તો ખરા, જૈનધર્મના પ્રતાપે એક પશુ પણ દેવ થયો, ને થોડા વખતમાં તો તે ભગવાન થશે ! અહા, જેના પ્રતાપે પશુ પણ પરમાત્મા બની જાય છે એવા જૈનધર્મનો જય હો. આપણે પણ સંસારથી છૂટીને પરમાત્મા બનવા માટે જૈનધર્મમાં કહેલા આત્માનું સ્વરૂપ ઓળખવું જોઈએ.

શશિપ્રભદેવ અસંખ્ય વર્ષ સુધી દેવલોકમાં રહ્યો; પછી તેને ખબર પડી કે દેવલોકના આયુષ્યમાં મારે હવે છ માસ જ બાકી છે; ત્યારે તે ગભરાયો નહીં પણ તેણે ધર્મના ચિંતનમાં પોતાનું ચિત્ત લગાવ્યું; દેહથી આત્મા ભિન્ન છે એમ તે જાણતોજ હતો, ને સ્વર્ગના ઠાઠ - માઠમાં તેણે કદી સુખ માન્યું ન હતું, એટલે સ્વર્ગ છોડીને મનુષ્યલોકમાં આવતાં તેને દુઃખ ન થયું, પણ એવી ભાવના જાગી કે મનુષ્યપર્યાય ધન્ય છે; મુનિદશા મહા આનંદદાયક છે. આમ મુનિદશાની ભાવના ભાવતાં ભાવતાં, જિનેન્દ્રભગવાનના શરણપૂર્વક તે જીવ સ્વર્ગમાંથી ચ્યવીને

મનુષ્યલોકમાં અવતર્યો. ક્યાં અવતર્યો ? તે હવેના પ્રકરણમાં તમે વાંચશો. ત્યાર પહેલાં કમઠનો જીવ ક્યાં છે તે જોઇ લઇએ.

કમઠનો જીવ જે સર્પ થયો હતો તે મરીને પાંચમી નરકમાં ગયો ને અસંખ્ય વર્ષ સુધી બહુ જ દુઃખી થયો. એની ભૂખ-તરસનો કોઇ પાર ન હતો, એના શરીરના રોજ હજારો કટકા થઇ જતા; લોઢાનો ગોળો પણ ઓગળી જાય એવી તો ઠંડી હતી; કરવત અને ભાલાથી તેનું શરીર કપાતું હતું ; આત્માનું જ્ઞાન તો તેને હતું નહીં, ને સારા ભાવ પણ ન હતા, અજ્ઞાનથી અને ભૂંડા ભાવોથી તે બહુ જ દુઃખી થતો હતો. પૂર્વભવના તેના ભાઇ પ્રત્યેના ક્રોધના સંસ્કાર હજી પણ તેણે છોડયા ન હતા. તે ક્રોધમાં ને ક્રોધમાં નરકમાંથી નીકળીને એક મોટો ભયંકર અજગર થયો.

જીવ એકલો જ મરે,

સ્વયંજીવ એકલો જન્મે અરે !

જીવ એકનું નીપજે મરણ,

જીવ એકલો સિદ્ધિ લહે.

(૪)

## ❀ અગ્નિવેગ-મુનિ અને અજગર ❀

આપણા કથાનાયક ભગવાન પારસનાથનો જીવ સ્વર્ગમાંથી ચ્યવીને જંબુદ્વીપના વિદેહક્ષેત્રમાં અવતર્યો. આ જંબુદ્વીપની વચ્ચે મોટો મેરુપર્વત છે; તેની પૂર્વ અને પશ્ચિમ બંને બાજુ વિદેહક્ષેત્ર નામનું મનુષ્યક્ષેત્ર છે. પૂર્વ તરફના વિદેહમાં સીમંધર અને યુગમંધર નામના તીર્થંકર સદાય બિરાજે છે ને દિવ્યધ્વનિમાં આત્માનું સ્વરૂપ સમજાવે છે. હજારો કેવળી-અરિહંત ભગવંતો અને લાખો જિનમુનિઓ તે દેશમાં વિચરે છે. ત્યાં કરોડો મનુષ્યો આત્માને ઓળખે છે ને ધર્મને સાધે છે. એ દેશની શોભા અદ્‌ભુત છે. દેવો પણ ત્યાં ભગવાનના દર્શન કરવા આવે છે. ત્યાં સાચા જૈનધર્મ સિવાય બીજા કોઈ ખોટા ધર્મો ચાલતા નથી. ત્યાં ઠેરઠેર અરિહંત ભગવાનના મંદિરો છે, તેમાં મણિરત્નોની અદ્‌ભુત મૂર્તિઓ છે. બીજા મતના મંદિર ત્યાં હોતા નથી. ત્યાં દિગંબર જૈન સાધુઓ જ વિચરે છે, બીજા કુલિંગી સાધુઓ ત્યાં હોતા નથી.

આવા સુંદર વિદેહક્ષેત્રના પુષ્કલાવતી દેશમાં વચ્ચે વિજયાર્ધ પર્વત છે. ચક્રવર્તી જયારે છ ખંડ જીતવા નીકળે છે અને વિજયનો અર્ધોભાગ પૂરો થાય છે ત્યારે વચ્ચે આ 'વિજય-અર્ધ' પર્વત આવે છે. આ વિજયાર્ધ પર્વત ઉપર અત્યંત મનોહર શાશ્વત જિનમંદિર છે. તેના ઉપર બન્ને દિશામાં મોટા મોટા નગરની હારમાળા છે, ત્યાં વિદ્યાધર મનુષ્યો રહે છે, તે વિદ્યાધરો જૈનધર્મના ભકત છે.

તે વિદ્યાધરોના એક નગરમાં વિદ્યુતગતિ નામનો રાજા અને વિદ્યુતમાળા નામની રાણી હતી; તે રાજા-રાણીને ત્યાં પારસનાથનો જીવ અવતર્યો, તેનું નામ અગ્નિવેગ.

વિદેહક્ષેત્રમાં અવતરેલો અગ્નિવેગ નાનપણથી જ આત્માને જાણતો હતો. પૂર્વભવમાંથી જ તે આત્મજ્ઞાનને સાથે લાવ્યો હતો. એ નાનકડા જ્ઞાનીની બાલચેષ્ટાઓ દેખીને સૌને ઘણો આનંદ થતો હતો. રાજકુમાર અગ્નિવેગ શાંત, અને ઉત્તમ લક્ષણવાળો હતો, પોતાના મિત્રો સાથે ધર્મની ઉત્તમ ચર્ચાઓ કરતો હતો,પંચપરમેષ્ઠી ભગવંતોના ગુણગાન કરતો હતો, જિનમંદિરમાં મોટા મોટા ઉત્સવ કરાવતો હતો, તેમજ વારંવાર તીર્થંકર ભગવાનની સભામાં જઈને ધર્મોપદેશ સાંભળતો હતો ને મુનિવરોની સેવા કરતો હતો.

એક વાર વનમાં ગયો હતો; ત્યાં વનની શોભા નિહાળતા-નિહાળતાં અચાનક તેણે એક સાધુ દેખ્યા. તે સાધુ આત્માના ચિંતનમાં એકાગ્ર હતા, જાણે કે ભગવાન બેઠા હોય એવો તેમનો દેખાવ હતો. તેમને દેખતાં જ અગ્નિવેગને ઘણો આનંદ થયો; નજીક જઈ તેમને વંદન કરીને તેમની પાસે બેઠો, અને આત્માના વિચાર કરવા લાગ્યો કે અહો ! આવી સાધુદશા ધન્ય છે..... આત્મામાં એકાગ્ર થઈને ઘણા આનંદનો અનુભવ થાય એવી આ દશા છે. થોડીવારમાં મુનિરાજનું ધ્યાન પુરું થતાં ફરી નમસ્કાર કર્યા, ને મુનિરાજે તેને ધર્મના આશિષ આપ્યા, અને કહ્યુ: હે ભવ્ય ! આત્માના સમ્યક્ સ્વભાવને તો તે જાણ્યો છે, હવે તે સ્વભાવને વિશેષપણે સાધવા માટે તું સાધુદશાનું ચારિત્ર અંગીકાર કર હવે તારો સંસાર ઘણો જ થોડો બાકી છે; મનુષ્યના ત્રણ ભવ કરીને તું મોક્ષ પામીશ પહેલા તું ચક્રવર્તી થઈશ ને ત્યાર પછી તીર્થંકર થઈને મોક્ષ પામીશ.

અહા ! પોતાના મોક્ષની વાત સાંભળતાં કોને આનંદ ન થાય ? મુનિરાજ પાસેથી પોતાના મોક્ષની વાત સાંભળીને અગ્નિવેગને પણ ઘણો આનંદ થયો. સંસારપ્રત્યે તેને ઘણો વૈરાગ્ય જાગ્યો કે અરે, મારે તો અલ્પકાળમાં મોક્ષ સાધવો છે; માટે આ રાજપાટમાં બેસી રહેવું ન પાલવે હું તો આજે જ મુનિ થઈને આત્માની સાધનામાં એકાગ્ર થઈશ.

આ પ્રમાણે યુવાનવયમાં તે રાજકુમાર વૈરાગ્ય પામ્યા ને મુનિરાજ પાસે દીક્ષા લઈને સાધુદશા ધારણ કરી. રાજપાટ છોડયા, સ્ત્રી-પુત્ર છોડયા અને વસ્ત્ર પણ છોડયા; સર્વ પરિગ્રહ છોડી દીધો, અને કષાયોને પણ છોડીને અંતરના એકત્વસ્વરૂપને ધ્યાવવા લાગ્યા : મારો આત્મા સર્વે પરભાવોથી જુદો છે; હું એકલો છું, જ્ઞાન અને સુખ પરિપૂર્ણ છું. આવા નિજાત્માને ધ્યાવવા લાગ્યા. અગ્નિવેગ મુનિરાજ તો આ પ્રમાણે આત્માના જ્ઞાન-ધ્યાનપૂર્વક વનજંગલમાં વિચરી રહ્યા છે ને મોક્ષને સાધી રહ્યા છે. એવામાં એક બનાવ બન્યો.

પૂર્વભવનો કમઠ કે જે નરકમાં ગયો હતો ને ત્યાંથી નીકળીને મોટો અજગર થયો હતો, તે અજગર પણ આ વિદેહક્ષેત્રમાં, ને આ વનમાં જ રહેતો હતો; શિકારની શોધમાં તે જયાંત્યાં ભટકી રહ્યો હતો. મોટો અજગર મોઢું ફાડે ત્યાં તો ભોયરું હોય એવું દેખાય. જંગલના કેટલાય પશુઓને તે આખે આખા મોઢામાં ગળી જતો હતો. ફૂંફાડા મારતો તે અજગર અહીં આવી પહોચ્યો, ને અગ્નિવેગ મુનિરાજને દેખીને તેમના તરફ દોડયો...... અરેરે, ક્ષમાધારી મુનિરાજને દેખીને પણ અજગરનો ક્રોધ દૂર ન થયો..... શાંતરસમાં ઝૂલતા મુનિરાજને દેખીને પણ એ અજગરનું ઝેર ન ઊતર્યું.... તે તો ક્રોધપૂર્વક મોઢું ફાડીને આખેઆખા મુનિરાજને પેટમાં ઉતારી ગયો.

અજગરના પેટમાં પણ મુનિરાજે આત્માના ધ્યાનપૂર્વક સમાધિમરણ કર્યું, ને તે સોળમાં સ્વર્ગમાં ગયા, જુઓ તો ખરા એની ક્ષમા ! અજગર ખાઈ ગયો તોપણ તેના ઉપર ક્રોધ ના કર્યો, પોતે પોતાના આત્માની સાધનામાં જ રહ્યા. ક્રોધમાં તો દુઃખ છે, આત્માની સાધનામાં જ પરમશાંતિ છે. આવા શાંત ભાવથી તેમણે સમાધિમરણ કર્યું.

(૫)

## ❋ સોળમાં સ્વર્ગનો દેવ અને છઠ્ઠી નરકનો નારકી ❋

મુનિરાજ તો શાંતભાવથી સમાધિમરણ કરીને સોળમાં સ્વર્ગમાં ગયા, અને અજગર ક્રોધભાવને લીધે પાછો છઠ્ઠી નરકમાં જઈને પડયો ને મહાદુઃખી થયો. બન્નેનું આયુષ્ય ૨૨ સાગરનું હતું. એક વખતના બે સગા ભાઇ, તેમાંથી એક તો ૨૨ સાગર સુધી સ્વર્ગના સુખ ભોગવીને, અને બીજો ૨૨ સાગર સુધી નરકમાં દુઃખ વેદીને, ત્યાંથી બન્ને જીવો મનુષ્યલોકમાં આવ્યા, તેમાંથી એક તો ચક્રવર્તી થયો ને બીજો શિકારી ભીલ થયો. તેની કથા હવેના પ્રકરણમાં આપ વાંચશો.

---

(૬)

## ❋ વજ્રનાભી ચક્રવર્તી અને શિકારી ભીલ ❋

ત્રેવીસમાં તીર્થંકર પારસનાથ ભગવાના પૂર્વભવોનું વર્ણન આપણે વાંચી રહ્યા છીએ. મરુભૂતિ-મંત્રીના ભવમાં તેના ભાઇ કમઠે તેને મારી નાંખ્યો, ત્યાંથી તે હાથી થયો ને આનંદસહિત સમ્યગ્દર્શન પામ્યો; પછી સર્પદંશથી મરીને સ્વર્ગમાં ગયો; પછી પૂર્વવિદેહમાં અગ્નિવેગરાજકુમાર થયો, મુનિ થયો અને અજગરે ખાઇ ગયો, ત્યાંથી

સોળમાં સ્વર્ગમાં ગયો, ને હવે પશ્ચિમવિદેહક્ષેત્રમાં જન્મીને ચક્રવર્તી થાય છે તેનું વર્ણન છે.

જેમાં આપણે રહીએ છીએ તેનું નામ જંબુદ્વીપ છે; આ જંબુદ્વીપમાં બાહુ અને સુબાહુ નામના તીર્થંકરભગવંતો કાયમ બિરાજે છે; હજારો કેવળી ભગવંતો અને લાખો મુનિવરો ત્યાં સદાય વિચરે છે. ધન્ય તે દેશને કે જ્યાં ધર્મીજીવોના ટોળેટોળા વસે છે, ને જૈનધર્મનો જયજયકાર વર્તે છે.

તે સુંદર દેશમાં અશ્વપુર નગરના રાજાનું નામ વજ્રવીર્ય અને રાણીનું નામ વિજયાદેવી. એક વાર રાણીએ આનંદકારી પાંચ મંગળ સ્વપ્ન દેખ્યાઃ મેરુપર્વત, સૂર્ય, ચંદ્ર, દેવવિમાન અને જળભરેલું સરોવર. એ પાંચ સ્વપ્નની વાત તેણે રાજાને કરી, અને પૂછ્યું કે હે મહારાજ ! પાંચ સ્વપ્નનું ફળ શું છે ?

રાજા એ કહ્યું કે તેના ફળમાં તને એક ઉત્તમ પુત્ર અવતરશે અને તે ચક્રવર્તી થશે.

રાણી તે સાંભળીને પ્રસન્ન થઈ અને પંચપરમેષ્ઠીનાં ગુણગાન કરવા લાગી. થોડા વખતમાં તેને એક પુત્રનો જન્મ થયો; એનું નામ વજ્રનાભિ. આ જ આપણા પારસનાથ ભગવાનનો જીવ ! તે સ્વર્ગમાંથી અહીં અવતર્યો છે. રાજાએ પુત્રજન્મનો મોટો ઉત્સવ કર્યો. નાનકડો-રાજકુમાર બાલચેષ્ટાથી સૌને આનંદ કરાવતો હતો...... ભલે નાનકડો પણ મહાન આત્માને જાણનારો હતો; તે ક્યારેક આત્માની મધુરી વાતો કરતો, તે સાંભળીને ઘણા જીવોને ધર્મની પ્રેરણા જાગતી; ક્યારેક તે

એકાંતમાં ધ્યાન ધરીને ચૈતન્યના ચિંતનમાં બેસતો-જાણે કોઈ નાનકડા મુનિ બેઠા હોય !

વજ્રનાભિ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ અનેક જાતની વિદ્યાઓ પણ તેને ખીલવા લાગી. તે બુદ્ધિસંપન્ન કુમાર ન્યાયનીતિના માર્ગે ચાલનારો હતો; અનેક ગુણરત્નોનો ભંડાર હતો. યુવાન થતાં તેનો રાજ્યાભિષેક થયો. એકવાર ઉત્તમ પુણ્યોદયથી ધર્મચક્રવર્તી તીર્થંકર તેના દેશમાં પધાર્યા. અને તે જ વખતે તેના રાજભંડારમાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. પુણ્ય કરતાં ધર્મ શ્રેષ્ઠ છે એમ સમજનાર તે રાજકુમારે પહેલાં તો ધર્મચક્રીના દરબારમાં જઈને તીર્થંકરદેવનું પૂજન કર્યું; અને પછી સુદર્શનચક્રનો ઉત્સવ કર્યો. તે સુદર્શનચક્રનું એવું સામર્થ્ય કે જે દુશ્મન પર છોડે તેના પ્રાણ હરી લ્યે. -પણ આશ્ચર્યની વાત એ છે કે તે ચક્રવડે એક પણ જીવની હિંસા વગર જ તેણે છખંડને જીતી લીધા જાણે કે અહિંસા-ચક્રવડે જ છએ ખંડ જીતીને તે ચક્રવર્તી થયા. ચક્રવર્તીનો અપાર વૈભવ તેને મળ્યો; છન્નું કરોડ (૯૬,૦૦,૦૦૦,૦૦) ગામ તેના તાબામાં હતા; તેને સૈન્યમાં ૮૪,૦૦,૦૦૦ ચોરાસીલાખ હાથી હતા. તેને છન્નું હજાર રાણીઓ હતી; સાતસો તો ઉત્તમ રત્નમણિની ખાણ હતી. બત્રીસહજાર રાજા-મહારાજાઓ તેના તાબામાં હતા; તેને ત્યાં નવ-નિધાન હતાં - તે નિધાન ઈચ્છાપ્રમાણે વસ્ત્ર, શસ્ત્ર, અલંકાર, પુસ્તક, વાજીંત્ર વાસણ અને રત્નાદિ આપનારાં હતાં. તેની પાસે ૧૪ મહા રત્નો હતાં; અદ્ભુત સિંહાસન, છત્ર, ચામર વગેરે વૈભવ હતો; ૫૦ ગાઉ સુધી જેનો અવાજ સંભળાય એવી આનંદભેરી હતી; એના રાજ્યના જિનમંદિરોની શોભા કોઈ અદ્ભુત હતી; ઊંચામાં ઊંચા રત્નોથી તે જેવું શોભતું હતું તેના કરતાં પણ વધારે તો તેમાં બિરાજમાન અરિહંતદેવની વીતરાગ-પ્રતિમાથી તે શોભતું હતું.

આવો અદ્‌ભુત વૈભવ હોવા છતાં તે ચક્રવર્તી જાણતા હતા કે આ બધાય બહારના વૈભવ કરતાંય જુદી જાતનો મારો અનંત ચૈતન્યવૈભવ છે, તે જ સુખનો દાતાર છે. બહારનો કોઈ વૈભવ સુખનો દાતાર નથી, તેમાં તો આકુળતા છે. પુણ્યના ફળથી મળેલો બહારનો વૈભવ તો થોડો કાળ રહેનારો છે, મારો આત્મવૈભવ અનંતકાળ મારી સાથે રહેનાર છે; સમ્યગ્દર્શનરૂપી સુદર્શનચક્ર વડે મોહને જીતીને હું મોક્ષસામ્રાજ્ય મેળવીશ, તે જ મારું ખરું સામ્રાજ્ય છે. આવા ભાનપૂર્વક તે જગતથી ઉદાસ હતા.-
-

**" दास भगवंतको, उदास रहे जगतसों,**
**सुखीया सदैव ऐसे जीव समकिती हैं ।"**

ચક્રવર્તી રાજમાં રહ્યા છતાં અંતરમાં અદ્‌ભુત જ્ઞાનપરિણતિ સહિત તે દરરોજ અરિહંતદેવની પૂજા કરતા, મુનિવરોની સેવા કરતા, શાસ્ત્રનો સ્વાધ્યાય કરતા, સામાયિક વગેરે ક્રિયાઓ કરતા. આમ ધર્મસંસ્કારથી ભરેલું તેનું જીવન બીજા જીવોને પણ આદર્શરૂપ હતું. રાજ્ય કરતાં કરતાં પણ તે કદી આત્માના ધર્મને ભૂલતા ન હતા. આ પ્રમાણે રાજ્ય કરતાં કરતાં કેટલાય વર્ષો વીતી ગયા.

એક દિવસ ક્ષેમંકર નામના મુનિરાજ તેની નગરીમાં પધાર્યા; અદ્‌ભુત વીતરાગી એમનો દેદાર હતો, અવધિજ્ઞાનના તે ધારક હતા. વજ્રનાભી ચક્રવર્તી તેમનાં દર્શન કરવા ગયા અને તેમને દેખતાં જ તેની આંખો આનંદથી ઊભરાઇ ગઇ. ધન્ય રત્નત્રયધારી મુનિરાજ ! આપનાં વીતરાગી ત્રણ રત્નો પાસે આ ચક્રવર્તીના ચૌદ રત્નો સાવ તુચ્છ છે. આમ અત્યંત ભક્તિપૂર્વક મુનિરાજને ત્રણ પ્રદક્ષિણા કરી, તેમને વંદન કર્યું, તથા સ્તુતિ અને પૂજા કરી; પછી આત્માના હિતનો ઉપદેશ

સાંભળવાની જિજ્ઞાસા પ્રગટ કરી.

ત્યારે મુનિરાજે તેમને મોક્ષમાર્ગનો અલૌકિક ઉપદેશ આપ્યો; સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વીતરાગભાવ સમજાવ્યો, અને મોક્ષને માટે આવો વીતરાગભાવ જ કર્તવ્ય છે એમ બતાવ્યું. હે જીવ ! આ સંસાર દુઃખથી જો તું છૂટવા ચાહતો હો તો આવી ચારિત્રદશાને અંગીકાર કર. રાગ આત્માનો સ્વભાવ નથી, રાગ તો દુઃખ છે; તેથી ક્યાંય પણ જરાય રાગ ન કરતાં; વીતરાગ થઈને ભવ્ય જીવ ભવસાગરને તરે છે હે રાજા ! તું પણ આવા વીતરાગધર્મને સાધવા માટે તત્પર થા. તને આત્માનું ભાન તો છે, ને હવે ત્રણ જ ભવ બાકી છે, પછી તું તીર્થંકર થઈને મોક્ષ પામીશ.

મુનિરાજનો આવો વીતરાગ ઉપદેશ સાંભળીને ચક્રવર્તી રાજા ઘણા પ્રસન્ન થયા, ને તેમને પણ ઉત્તમ વૈરાગ્ય ભાવનાઓ જાગી. શરીર અને ભોગોથી તેનું મન ઉદાસ થયું ને ધર્મમાં તેનો ઉત્સાહ ઘણો વધી ગયો. તેણે અત્યંત વિનયપૂર્વક મુનિરાજની પાસે મુનિદીક્ષાની પ્રાર્થના કરી.

હે પ્રભો ! આપના ઉપદેશથી મારું મન આ સંસારથી અત્યંત ઉદાસ થયું છે, પરભાવોથી વિરક્ત થઈને હવે નિજસ્વરૂપમાં લીન થવા મારો આત્મા તત્પર થયો છે; હે દેવ ! આ જગતમાં મારો શુદ્ધ આત્મા જ મારે માટે ધ્રુવ છે, શરીરાદિ સમસ્ત સંયોગો અધ્રુવ છે, તે કોઈ મને શરણરૂપ નથી. સમસ્ત પરદ્રવ્યો અને પરભાવોથી અત્યંત જુદો, ને જ્ઞાન - દર્શનથી પરિપૂર્ણ મારો આત્મા એક છે એમ મેં જાણ્યું છે. આનંદમય મારો આત્મા જ પવિત્ર છે, શરીર અને રાગાદિ આસ્ત્રવો તો

અશુચીના ભંડાર છે. તે અજ્ઞાનમય આસ્ત્રવોને લીધે મેં સંસારની ચાર ગતિમાં ભવ કરી કરીને ખૂબ દુઃખ ભોગવ્યાં. દેવલોકમાંય રાગ-દ્વેષથી દુઃખી થયો, મનુષ્યમાં પણ ઈષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ-એવા પ્રસંગથી આર્તધ્યાન -રૌદ્રધ્યાન કરીને દુઃખી થયો; કયારેક પુત્ર કે ભાઈ પણ વેરી થયા, કયારેક શરીરમાં રોગ-પીડા થઈ, તો કયારેક માનસિક પીડાથી દુઃખી થયો; તિર્યંચ અને નરકનાં અવતારમાં જે ભયંકર દુઃખો જીવે મોહથી અનંતવાર ભોગવ્યા - તેની તો શી વાત ? પ્રભો ! આ દુઃખમય સંસારથી આપ મારો ઉદ્ધાર કરો.... રત્નત્રય રૂપી જહાજ વડે આપ આ ભવસમુદ્રથી મને તારો. સંસારમાં સુખ નથી તેથી તીર્થંકરો પણ સંસારને છોડીને મોક્ષને સાધે છે. પ્રભો ! હું પણ મુનિદીશા લઈને તીર્થંકરોના પંથે આવવા ચાહું છું.

મુનિરાજે કહ્યું - હે ભવ્ય ! તારી ભાવના ઉત્તમ છે. સંસારના સુખોથી જીવને કદી સંતોષ થવાનો નથી, મોક્ષસુખ એ જ સાચુ સુખ છે. જીવે ભવચક્રમાં ભમતાં ભમતાં બીજા બધા ભાવો અનંતવાર ભાવ્યા છે, પણ આત્મભાવને કદી ભાવ્યો નથી, સમ્યકત્વાદિ ભાવો કદી સેવ્યાં નથી. માટે આ મનુષ્યઅવતારમાં તેની જ ભાવના કરવા જેવી છે. તું ચક્રવર્તીરાજને પણ અસાર જાણીને છોડવા તૈયાર થયો છે અને સારભૂત રત્નત્રયને ધારણ કરવા તૈયાર થયો છે, તેથી તને ધન્ય છે. આમ કહીને તે મુનિરાજે વજ્રનાભીચક્રવર્તીને મુનિપદની દીક્ષા આપી. તે ચક્રવર્તી હવે રાજપાટ છોડીને જિનમુદ્રાધારક મુનિ થયા. ચક્રવર્તીની છખંડની વિભૂતિના ઉપભોગથી તેઓ સંતુષ્ટ ન થયા તેથી મોક્ષના અખંડ સુખને સાધવા માટે તત્પર થયા. ધન્ય તે મુનિરાજ ! તેમના ચરણોમાં નમસ્કાર હો.--

ધન્ય મુનીશ્વર આતમહિતમેં છોડ દિયા પરિવાર......
કિ તુમને છોડા સબ સંસાર......
ધન છોડા વૈભવ સબ છોડા, જાના જગત અસાર.....
કિ તુમને છોડા સબ સંસાર......
આત્મસ્વરૂપમેં ઝુલતે.... કરતે નિજ આતમ ઉદ્ધાર.....
કિ તુમને છોડા સબ સંસાર.....

ઊંચા હાથીના હોદ્દે બેસનારા ચક્રવર્તી હવે ઊઘાડે પગે વનમાં ચાલવા લાગ્યા...... રત્નમણિજડેલા વસ્ત્ર-અલંકારોને છોડીને વસ્ત્ર વગરના તે મુનિરાજ રત્નત્રયથી શોભવા લાગ્યા. સોનાની થાળીમાં જમનારા ચક્રવર્તી હવે હાથમાં જ ભોજન લેવા લાગ્યા. એણે ૧૪ રત્નો છોડીને ત્રણ રત્નો લીધાં,...... નવ નિધાન છોડીને અખંડ આનંદના નિધાનને સાધવા લાગ્યા..... છન્નું હજાર રાણીઓ અને છન્નું કરોડની સેના તે બધાયનો સંગ છોડીને, એકાકી અસંગપણે વનજંગલમાં વસવા લાગ્યા, ને ચૈતન્યસ્વરૂપ આત્માનું ધ્યાન કરવા લાગ્યા.

એકવાર તે મુનિરાજ જંગલમાં બેઠા બેઠા આત્માનું ધ્યાન કરી રહ્યા હતા..... સિદ્ધભગવાન જેવું પોતાના આત્માનું સુખ, તેનો વારંવાર અનુભવ કરતા હતા...જંગલમાં આસપાસ શું બની રહ્યું છે તેનું તેમને લક્ષ ન હતું... શરીરનું પણ લક્ષ ન હતું, દેહથી ભિન્ન આત્મા - હું જ પરમાત્મા છું, એવા ધ્યાનમાં એકાગ્ર હતા.... એવામાં દૂરથી સનસનાટી કરતું એક તીર આવ્યું ને એ મુનિરાજનું શરીર વીંધાઈ ગયું......

ક્યાંથી આવ્યું એ તીર ? તેમનો પૂર્વભવનો ભાઈ કમઠનો જીવ કે જે નરકમાં હતો અને ત્યાંથી નીકળીને કુરંગ નામનો શિકારી ભીલ

થયો હતો, તેણે એ તીર માર્યું હતું. તે ભીલ આ વનમાં રહેતો હતો, હાથમાં ધનુષ્ય-બાણ લઇને ક્રૂર ભાવથી હરણ વગેરે પશુઓની હિંસા કરતો હતો; તે માંસનો લાલચુ હતો. આ રીતે મહાન પાપ બાંધી રહ્યો હતો. વનમાં ફરતાં ફરતાં તે ભીલ, જ્યાં મુનિરાજ ધ્યાનમાં બેઠા હતા ત્યાં આવી પહોંચ્યો ને મુનિરાજને જોતાં જ પરમભકિતભાવ આવવાને બદલે પૂર્વભવના સંસ્કારથી તેને ક્રોધ આવ્યો, હાથમાં બાણ લઇને તેણે મુનિ તરફ તાક્યું, ને તે બાણવડે મુનિરાજનું શરીર વીંધાઇ ગયું.


અરેરે ! ક્રોધ કેવો બુરો છે ! ક્યાં જીવનો ઉપશાંત સ્વભાવ ! ને ક્યાં આ ક્રોધ ! ક્રોધથી અંધ થયેલો ક્રૂર જીવ આ નાનકડા ભગવાન જેવા મુનિરાજને પણ ઓળખી ન શક્યો...... ને ધ્યાનમાં સ્થિર એ અહિંસક મુનિરાજની વગર કારણે હિંસા કરીને તે જીવે તીવ્ર અનંતાનુબંધી ક્રોધથી સાતમી નરકનું આયુષ્ય બાંધી દીધું. ક્રોધથી ભાન ભૂલેલા જીવને એટલું પણ ભાન ન રહ્યું કે આ ક્રોધના ફળમાં કેટલાં ભયંકર દુઃખો ભોગવવા પડશે !

શરીર વીંધાઇ ગયું છે તોપણ એ મુનિરાજ તો પોતાના આત્મસ્વભાવમાં નિશ્ચલ છે, એમના ધ્યાનમાં કોઇ શત્રુ કે મિત્ર નથી, રાગ કે દ્વેષ નથી, કોઇ પૂજે કે કોઇ બાણ મારે તે બંને પ્રત્યે સમભાવ છે, જીવન અને મરણમાં પણ તેમને સમભાવ છે, દેહનુંય તેમને મમત્વ નથી, આત્માના આનંદમાં મશગુલ છે કે દેહ વીંધાવા છતાં તેનું દુઃખ નથી; મોહ હોય તો દુઃખ થાય ને ! નિર્મોહીને દુઃખ શું ! એ તો નિર્મોહપણે ધર્મધ્યાનમાં જ એકાગ્ર છે. બાણ મારનાર ભીલ ઉપર પણ તેમને ક્રોધ થતો નથી. વાહ રે વાહ ! ધન્ય ક્ષમાના ભંડાર મુનિરાજ !

વહાલા વાંચક ! તું પણ એ ભીલ ઉપર ક્રોધ ન કરીશ..... પણ ક્ષમાના ભંડાર એવા મુનિરાજ પાસેથી ઉત્તમ ક્ષમાના પાઠ શીખજે.

વજ્રનાભી મુનિરાજ પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનામાં અડગ રહ્યા, તેમાં ભંગ પડવા ન દીધો; ધર્મધ્યાનમાં એકાગ્રતાપૂર્વક શરીર છોડીને તેમણે સમાધિમરણ કર્યું અને મધ્યમ ગ્રૈવેયકમાં અહમીન્દ્ર થયા.

ભીલનો જીવ પોતાના મહાપાપનું ફળ ભોગવવા માટે સાતમી નરકમાં ગયો. રૌદ્રધ્યાનથી મુનિની હત્યા કરી તેથી તે મહા દુઃખી થયો. સંસારમાં ભમતાં જીવે અજ્ઞાનદશામાં આવા ભાવો ઘણીવાર કર્યો છે એ જીવ પણ ક્ષણમાં પોતાના ભાવો પલટીને, પોતાનું હિત સાધી શકે છે. અત્યારનો આ પાપી જીવ પણ ક્ષણમાં કેવો પલટો કરીને આત્માનો ઉદ્ધાર કરે છે તે તમે થોડા વખતમાં વાંચશો.... અને ત્યારે એ જ જીવ ઉપર તમને પ્રેમ આવશે.



(૭)

## ❀ ગ્રૈવેયકમાં અહમીન્દ્ર અને સાતમી નરકમાં નારકી ❀


ગ્રૈવેયકમાં ઊપજેલા તે અહમીન્દ્રનું આયુષ્ય ૨૭ સાગરોપમ જેટલા અસંખ્ય વર્ષનું હતું. અને સાતમી નરકમાં ઊપજેલા તે કમઠના જીવનું આયુષ્ય પણ ૨૭ સાગરોપમ હતું. વળી પાછા અહીંથી નીકળીને બંને જીવો મનુષ્યલોકમાં ભેગા થશે.

દેવલોકમાં ૧૬ સ્વર્ગથી પણ ઉપર જે નવગ્રૈવેયક છે તેમાં વચ્ચેના ગ્રૈવેયકમાં રત્નની દિવ્ય શૈયામાં અત્યંત તેજસ્વી શરીર સહિત તે દેવ ઉત્પન્ન થયા, હજી એક કલાક પણ ન થઈ ત્યાં તો તે એકદમ યુવાન થઈ ગયા. દેવલોકનો આશ્ચર્યકારી વૈભવ જોતાં તે વિચારમાં પડી ગયા ને તેમને અવધિજ્ઞાન પ્રગટ્યું; પોતાનો પૂર્વ ભવ તેમને જાણી લીધો, તેથી ધર્મનો ઘણો મહિમા આવ્યો કે અહો ! તે મુનિદશા ધન્ય હતી ! તે ચારિત્રવૃક્ષ તો મોક્ષફળ દેનારું હતું, પણ મારી વીતરાગ ચારિત્રદશા પૂરી ન થઈને થોડોક રાગ બાકી રહી ગયો તેથી આ દેવલોકમાં અવતાર થયો છે. અહીં પણ મારે જૈનધર્મની ઉપાસના કર્તવ્ય છે. આમ વિચારી ત્યાં દેવલોકના જિનાલયમાં બિરાજમાન શાશ્વત રત્નમય જિનપ્રતિમાનું ખૂબ જ ભક્તિથી પૂજન કર્યું. દેવલોકનાં કલ્પવૃક્ષો પાસેથી પૂજનની સામગ્રી લીધી. તે દેવલોકની ઋદ્ધિ અલૌકિક હતી ત્યાં અસંખ્યાત સમ્યગ્દૃષ્ટિ દેવો હતા, તેમાંના કેટલાય દેવો બીજા જ ભવમાં તીર્થંકર થનારા હતા, કેટલાય જીવો બીજા જ ભવે મોક્ષ પામવાના હતા. આવા ધર્માત્મા સાધર્મી દેવો સાથે આનંદપૂર્વક અસંખ્ય વર્ષ સુધી ધર્મચર્ચા કરી. તે દેવો એવા નીરાકુળ હતા કે પોતાનું દેવવિમાન છોડીને બીજે ક્યાંય

જતા ન હતા પોતાના વિમાનમાં જ રહીને તીર્થંકરો અને કેવળી ભગવંતોને વંદન-નમસ્કાર કરતા હતા, મુનિવરોનાં ગુણગાન કરતા હતા ને મુનિપણાની ભાવના ભાવતા હતા. પોતાના દેવલોકથી થોડેક જ ઊંચે બિરાજમાન સિદ્ધભગવંતોને યાદ કરીને આત્માના શુદ્ધ સ્વરૂપનું ચિંતન કરતા હતા. તેમનું શરીર સ્ફટિકમણિ જેવું તેજસ્વી અને સફેદ હતું. મળ-મૂત્ર કે રોગની ઉપાધિ તેમને ન હતી; સત્તાવીશ હજાર વર્ષ સુધી તેમને ભૂખ લાગતી ન હતી; સત્તાવીશ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે ત્યારે મનમાં જ અમૃતને યાદ કરતાં તેમની ભૂખ મટી જતી હતી. દેવલોકનું જે દિવ્ય શરીર, અને દિવ્યસામગ્રી, તેનાથી પણ પોતાનો આત્મા જુદો છે, ને તેમાં ક્યાંય સુખ નથી, સુખ તે તો આત્માનો અનુભવ છે. એમ તે ધર્માત્મા જાણતા હતા. આવા આત્મજ્ઞાનસહિત દેવલોકના દિવ્યવૈભવ વચ્ચે તેઓ ૨૭ સાગર સુધી રહ્યા.

અને, સાત ભવથી તેમની સાથે સંબંધ ધરાવનાર કમઠના જીવે સાતમી નરકમાં ૨૭ સાગર સુધી અપરંપાર દુઃખની વેદના ભોગવી. જ્યારે તે ભીલ હતો અને મુનિરાજને બાણ મારીને મારી નાંખ્યા, ત્યાર પછી થોડા સમયમાં તે ભીલને પણ કોઈએ મારી નાંખ્યો અને ક્રૂરભાવને લીધે રૌદ્રધ્યાનથી મરીને તે સાતમી નરકમાં ઊપજ્યો; ઊપજતા વેંત ઊંધે માથે ભાલા જેવી જમીન પર પડયો અને અત્યંત દુઃખથી પાછો પાંચસો જોજન ઊંચે ઊછળ્યો.... પાછો ભૂમિ પર પડયો ને ઊછળ્યો, એમ વારંવાર થતાં લોટની જેમ તેનું શરીર વેરવિખેર થઈ ગયું ને તે ઘણું દુઃખ પામ્યો. અત્યંત ભયભીત થઈને મૂઢની જેમ ચારેકોર જોઈ રહ્યો કે ‘અરે, આ બધું શું છે ? હું અહીં કયા આવી પડયો ? અહીં તો ચારેકોર દુઃખનો જ દરિયો ઊછળી રહ્યો છે. અરે, હું કયાં જાઉં ? શું કરું ? કોનું શરણ લઉં ? અરેરે ! પૂર્વના મહાપાપથી હું આ નરકમાં આવી પડયો ! અહીંની દુર્ગંધ તો સહન થતી નથી, ને અનંતી ઠંડીમાં

શરીર ઓગળી જાય છે. આ નરકના કૂવામાંથી હું કયારે છૂટીશ !' આમ બહુજ દુઃખથી વિલાપ કરે છે, પણ ત્યાં એનો વિલાપ કોણ સાંભળે ? કોણ એની દયા કરે ? ઊલટું બીજા નારકીઓ ઘાતકીપણે એને મારે છે. ભૂખ્યા-તરસ્યા તે જીવને અસંખ્ય વર્ષ સુધી ખાવાનું અન્ન કે પીવાનું પાણી મળતું નથી. દુઃખના માર્યા એને કાંઈ સૂઝતું નથી, કયાંય ચેન પડતું નથી. ધર્મનું સેવન તો કર્યુ નથી. ધર્માત્માની વિરાધના કરીને એકલા પાપનું જ સેવન કર્યુ છે. એને તો ચેન કયાંથી હોય ! જે નિર્દયપણે જીવોની હિંસા કરે, માંસ ખાય, એવા પાપી જીવો નરકમાં અત્યંત ભયંકર દુઃખો ભોગવે છે; એક ક્ષણ પણ ત્યાં સુખ નથી. હિંસાદિમાં સુખ માનનારા જીવો રાઈ જેટલા ઈંદ્રિયસુખની ખાતર અનંતા મેરુ જેટલા દુઃખને નોતરે છે. નરકમાં પડેલો તે જીવ વિભંગજ્ઞાનથી પૂર્વનાં પાપોને યાદ કરીને પશ્ચાતાપ કરે છે કે અરેરે ! પૂર્વે ક્રોધ કરતાં પાછું વાળીને જોયું નહીં તેથી હું મહાન દુઃખમા પડયો. ધન્ય છે તે જૈનધર્મને કે જે આવા ભયંકર પાપોથી ને અજ્ઞાનમાંથી જીવોને છોડાવે છે. જીવ એકલો પાપ કરે છે ને જીવ એકલો જ દુઃખ ભોગવે છે; અત્યારે મારું કોઈ નથી. તેમ ધર્મમાં પણ જીવ એકલો જ ધર્મને સાધે છે, ને એકલો જ અંદરનું સુખ ભોગવે છે. આમ અનેક પ્રકારે કોઈ વાર અશુભ વિચારમાં ને કોઈ વાર શુભ વિચારમાં કાળ ગુમાવતાં અસંખ્યાત વરસ સુધી સાતમી નરકનાં મહાન દુઃખો ભોગવ્યા.



(૮)

## ❋ આનંદકુમાર અને સિંહ ❋

દેવલોકમાંથી નીકળીને મરુભૂતિનો જીવ (એટલે કે પારસ પ્રભુનો જીવ) તો અયોધ્યાનગરીમાં આનંદકુમાર તરીકે અવતર્યો; અને કમઠનો જીવ નરકમાંથી નીકળીને ક્રૂર સિંહ થયો.

આપણું ભરતક્ષેત્ર આ જંબુદ્વીપના દક્ષિણ ભાગમાં છે; ભરતક્ષેત્રમાં અયોધ્યાનગરી છે તે શાશ્વત છે, તેનાં મૂળસ્થાને સાથિયો છે, અને તે નગરીમાં તીર્થંકરો જન્મે છે, તેથી તે મહાન તીર્થ છે. ઋષભદેવ વગેરે પાંચ તીર્થંકર ભગવંતો અયોધ્યામાં જ જન્મ્યા હતા. ઉત્તમ અયોધ્યા નગરી અનેક જિનાલયોથી શોભતી હતી, ને તેના ઉપર સુંદર ધર્મધ્વજ ફરકતા હતા. ઋષભદેવ ભગવાનના ઈક્ષ્વાકુવંશમાં ઘણાં વર્ષો પછી અયોધ્યામાં વજ્રબાહુ નામના રાજા થયા; તેમની પ્રભાવતી રાણીની કુંખે આનંદકુમારનો અવતાર થયો. આનંદકુમાર પોતે આત્માના આનંદને જાણતો હતો, ને બીજા જીવોને પણ આનંદ આપતો હતો. તે ગુણવાન રૂપવાન અને બળવાન હતો. તેની બુદ્ધિ ધર્મમાં સ્થિર હતી. તે મોટો થતાં મહા-માંડળિક રાજા થયો; આઠ હજાર રાજાઓ તેના તાબામાં હતા. આવડો મોટો રાજા હોવા છતાં તે ધર્મને ભૂલતો ન હતો. ધર્માત્માઓનું તે બહુમાન કરતો અને વિદ્વાનોનું સન્માન કરતો. અયોધ્યાની પ્રજા તેના રાજમાં ઘણી સુખી હતી.

ફાગણમાસમાં વસંતઋતુ આવી, ને બગીચાઓ સુંદર પુષ્પોથી ખીલી ઊઠયા; ધર્માત્માઓના અંતરના બગીચા પણ શ્રદ્ધા-જ્ઞાન-આનંદનાં

ફૂલોથી ખીલી ઊઠયા. આનંદ-મહારાજા રાજસભામાં બેઠા છે ને ધર્મચર્ચા વડે સૌને આનંદ કરાવે છે. એવામાં પ્રધાને આવીને કહ્યું કે ' હે મહારાજ ! અત્યારે નંદીશ્વર-પૂજાના દિવસો છે તેથી આઠ દિવસ (ફાગણ સુદ આઠમથી પૂનમ) સુધી જિનમંદિરમાં ભગવાનની પૂજાનો મોટો અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો છે; તે ઉત્સવમાં પૂજન કરવા આપ પણ પધારો.

પ્રધાનની વાત સાંભળીને રાજા ઘણો ખુશી થયો ને કહ્યું-અહો, વીતરાગ જિનદેવની પૂજાનો આવો અવસર મહાભાગ્યથી મળે છે. રાજયભરમાં ધામધૂમથી મોટો ઉત્સવ કરો ને ભગવાનની પૂજા રચાવો, દાન આપો, ધર્મચર્ચા કરો, જિનગુણોનું ચિંતન કરો, ને જૈનધર્મની ખૂબ ખૂબ પ્રભાવના કરો.

જિનમંદિરમાં આઠ દિવસ ધામધૂમથી મોટો ઉત્સવ ચાલ્યો; ધજા-પતાકા અને દીવડાથી મંદિર શણગાર્યું હતું, મંગલ વાજા વાગતાં હતાં. આનંદ રાજા પોતે ભક્તિથી પૂજામાં ભાગ લેતા હતા; હજારો લાખો નગરજનો પણ ઉત્સવ જોવા અને પૂજા કરવા આવ્યા હતા; અને પ્રભુની પૂજા કરીકરીને પાપનો નાશ કરતા હતા.

મંગલ-ઉત્સવ ચાલતો હતો એવામાં વિપુલમતિ નામના એક મુનિરાજ પણ તે ઉત્સવ જોવા જિનમંદિરે આવ્યા. વાહ ! એક તો ભગવાનની પૂજાનો ઉત્સવ, અને વળી મુનિરાજની પધરામણી, તેથી ચારેકોર ઘણો જ હર્ષ છવાઇ ગયો. રાજાએ અને પ્રજાએ ઘણી ભક્તિથી મુનિરાજનાં દર્શન કર્યાં, અને પછી તેમને ધર્મોપદેશ આપવા વિનંતી કરી.

વીતરાગી મુનિરાજે કહ્યું : 'હે ભવ્ય જીવો ! આ આત્મા પોતે જ જ્ઞાન અને સુખસ્વરૂપ છે, તેને તમે ઓળખો. આખા જગતમાં બધે ફરીફરીને જોયું પણ આત્મા સિવાય બીજે કયાંય અમને સુખ દેખાણું નહીં. આત્માનું સુખ આત્મામાં જ છે; બહારં શોધવાથી તે નહીં મળી. આત્માની ઓળખાણ વડે જ આત્માનું સુખ પમાય છે. રાગ વડે પણ તે સુખ પમાતું નથી. જિનશાસનમાં અરિહંત ભગવાને એમ કહ્યું છે કે પૂજાવ્રતાદિ શુભરાગવડે જીવને પુણ્ય બંધાય છે; અને મોહ વગરનો જે વીતરાગ ભાવ છે તે ધર્મ છે, તેના વડે મોક્ષ પમાય છે.

રાગ વગરના સર્વજ્ઞ દેવ, પરિગ્રહ વગરના શુદ્ધોપયોગી સાધુ તે નિર્ગ્રંથગુરુ, અને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવીને વીતરાગતાનો ઉપદેશ દેનારાં શાસ્ત્રો, આવા દેવ-ગુરુ-શાસ્ત્ર જગતમાં પૂજય છે; તેની શ્રદ્ધા અને ઓળખાણ વડે આત્મહિત પમાય છે.

વળી તે મુનિરાજે કહ્યું કે નંદીશ્વરદ્વીપમાં બાવન શાશ્વત જિનમંદિરો છે ને તેમાં કુલ ૫૬૧૬ વીતરાગી જિનપ્રતિમા બિરાજે છે. તે જિનપ્રતિમા આત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રતિબિંબ છે. જેમ અરીસામાં જોતાં પોતાનું મુખ દેખાય છે તેમ વીતરાગી જિનબિંબના દર્શન વડે આત્માનું શુદ્ધ સ્વરૂપ અરિહંત જેવું છે તે લક્ષમાં આવે છે, અને આત્માનું શુદ્ધ સ્વરૂપ લક્ષમાં આવતાં મોહ નાશ થઈ જાય છે.

શ્રી મુનિરાજનો ઉપદેશ સાંભળીને સૌને ઘણી પ્રસન્નતા થઈ. જિનદર્શનની પ્રભાવના અને જિનપૂજનનો મહિમા પ્રસિદ્ધ કરવા માટે આનંદરાજાએ મુનિરાજને ફરી વિનંતી કરી કે હે નાથ ! આ રત્નની સોનાની કે પાષાણની જિનપ્રતીમા તે તો અચેતન છે, તો તેનાં દર્શન-

પૂજન કરનારને તે પુણ્યફળ શી રીતે આપી શકે ? તે સમજાવો.

મુનિરાજે કહ્યું : હે ભવ્યજનો, સાંભળો ! કોઈ ઈશ્વર આ જીવને કર્મનું ફળ આપતા નથી, પણ જીવ પોતે જેવા શુભ કે અશુભ ભાવ કરે છે તેનું ફળ તેને સ્વયં મળે છે. એક જ પ્રતિમાને દેખીને, જે પૂજા વગેરે શુભ ભાવ કરે છે તેને પુણ્યફળ મળે છે; તથા તે જ પ્રતિમાને દેખીને જે અનાદરનો અશુભ ભાવ કરે છે તેને પાપફળ મળે છે; અને વીતરાગી પ્રતિમાને દેખીને જે જીવ પોતાના શુદ્ધસ્વરૂપનું ચિંતન કરે છે તેને તેમાં તે નિમિત્ત થાય છે. પ્રતિમામાં જેની સ્થાપના છે તે અરિહંત પરમાત્મા શુદ્ધ જ્ઞાનચેતનામય વીતરાગી આત્મા છે; તે આત્માને ઓળખતાં પોતાના આત્માનું શુદ્ધસ્વરૂપ પણ ઓળખાય છે. આ રીતે અરિહંતને ઓળખતાં આત્મા ઓળખાય છે ને સમ્યગ્દર્શન થાય છે.

નંદીશ્વરના મંદિરોમાં રત્નોની શાશ્વત પ્રતિમાઓ દેખીને ઘણાય દેવો આશ્ચર્યથી ચૈતન્યના મહિમામાં ઊતરી જાય છે ને સમ્યગ્દર્શન પામે છે. જેમ આત્માનો શુદ્ધ સ્વભાવ શાશ્વત અનાદિનો છે તેમ તેના પ્રતિબિંબરૂપ વીતરાગ પ્રતિમા પણ શાશ્વત અનાદિની છે. પાંચસો ધનુષ (એટલે કે દોઢ હજાર મીટર જેટલી) મોટી તે રત્નની મૂર્તિ એવી આશ્ચર્યકારી છે કે જાણે સાક્ષાત્ તીર્થંકર ભગવાન જ બેઠા હોય ! જાણે કે હમણાં તેમના મોઢામાંથી દિવ્યધ્વનિ નીકળશે ! વીતરાગતાનું પરમ તેજ તેમની મુદ્રા પર ઝળકી રહ્યું છે. તેને જોતાં આત્માનો સર્વજ્ઞસ્વભાવ યાદ આવે છે. અહા ! ચૈતન્યના અનંતગુણો જાણે કે મૂર્ત થઈને ઝળકતા હોય એવી અદ્ભુત એ રત્નપ્રતિમાની ઝલક છે. તે ભલે અચેતન હોય છતાં ચેતનના ગુણોના સ્મરણનું નિમિત્ત છે.

વસ્ત્ર-શસ્ત્ર કે અલંકાર વગરની, અને રાગના ચિહ્ન્ વગરની એવી વીતરાગપ્રતિમા તે તો શુદ્ધ આત્માના દર્પણ સમાન છે. જેમ દર્પણમાં પોતાનું રૂપ દેખાય છે તેમ જિનપ્રતિમારૂપ વીતરાગ દર્પણમાં દેખતાં પોતાનું વીતરાગીરૂપ યાદ આવે છે, ને તે વીતરાગીસ્વરૂપના ચિંતન વડે સમ્યગ્દર્શનાદિ થાય છે. વીતરાગપ્રતિમાના દર્શન પૂજનના શુભ રાગથી ઉત્તમ પુણ્ય બંધાય છે. આ રીતે વીતરાગ જિનબિંબના દર્શનને સમ્યક્ત્વનું તેમજ પુણ્યનું કારણ કહ્યું છે. તે પ્રતિમા કાંઈ કરાવતી નથી; પુણ્ય, પાપ કે સમ્યગ્દર્શનાદિ ધર્મ તે તો જીવના પોતાના ભાવ પ્રમાણે જ થાય છે. મૂંગીમૂંગી જિનપ્રતિમા એમ ઉપદેશ આપે છે કે સંકલ્પો-વિકલ્પો છોડીને તમે તમારા સ્વરૂપમાં ઠરો.... હે ચેતન ! તું જિનપ્રતિમા થા ! જેવા સ્વરૂપે પ્રભુને ધ્યાવશો તેવા સ્વરૂપે તમે થશો. જેમ ચિંતામણિના ચિંતન વડે ઈચ્છિત વસ્તુ મળે છે તેમ જિનપ્રતિમાસમાન શુદ્ધ આત્માના ચિંતન વડે ઈષ્ટફળ - સમ્યક્ત્વાદિ મળે છે.

આનંદરાજા સહિત હજારો શ્રાવકજનો ઘણા ઉલ્લાસથી સાંભળી રહ્યા છે ને વિપુલમતિ મુનિરાજ ઉપદેશ આપી રહ્યા છે. જેમ મંત્રેલી ઔષધી અચેતન હોવા છતાં ઝેર ઉતારવામાં નિમિત્ત થાય છે તેમ વીતરાગભાવરૂપ મંત્રવાળી જિનપ્રતિમા અચેતન હોવા છતાં જીવને મિથ્યાત્વાદિનું ઝેર ઉતારવામાં નિમિત્ત થાય છે. જેમ રાજમુદ્રાને મસ્તકે ચડાવીએ છીએ તેમ પ્રતિમામાં જિનભગવાનની સ્થાપના થતાં તે જિનમુદ્રાને જિનવર સમાન જ ગણીને તેનું બહુમાન કરીએં છીએ, ને જિનગુણોને યાદ કરીને તેની ભાવના કરીએ છીએ. જે અજ્ઞાની જીવો જિનપ્રતિમાને દેખીને જિન- દેવને યાદ નથી કરતા ને ઊલટા તેની નિંદા કરે છે તેને તો જિનગુણનો પ્રેમ જ નથી. પિતાનો કે પત્નીનો ફોટો તો

પ્રેમથી જુએ છે ને વીતરાગ ભગવાનની મૂર્તિ જોતાં વીતરાગ પ્રત્યે પ્રેમ કે બહુમાન નથી જાગતું, તો એવા જીવને શાસ્ત્રકાર અધમ કહે છે; તેને જિનદેવના માર્ગની ભકિત નથી, તે તો સંસારસમુદ્રની વચ્ચે વિષય - કષાયરૂપી મગરના મુખમાં જ પડેલા છે. હરરોજ જિનવરદેવનાં દર્શન કરીને જિનભાવના ભાવવી તે દરેક શ્રાવકનું કર્તવ્ય છે.

મુનિરાજના ઉપદેશમાં જિનદર્શનનો મહિમા સાંભળીને બધા જીવો ઘણા રાજી થયા, ને અંતરમાં અરિહંતદેવના ગુણોનો તથા આત્માના શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવા લાગ્યા; ઘણા ભાવપૂર્વક મુનિરાજની સ્તુતિ કરી, વંદન કર્યા, ને સૌ પોતપોતાના સ્થાને ગયા. મુનિરાજ પણ વિહાર કરતાં કરતાં ભોજનના સમયે અયોધ્યાનગરીમાં પધાર્યા, ને આનંદરાજાએ નવધા ભકિતપૂર્વક તેમના હાથમાં આહારદાન દીધું. આહારદાન બાદ મુનિરાજે કહ્યું કે હે રાજન્ ! હવે તમારે બે જ ભવ બાકી છે. આ ભવમાં તીર્થંકરપ્રકૃતિ બાંધીને આગામી ભવમાં તમે ભરતક્ષેત્રમાં ૨૩માં તીર્થંકર થશો.... ને સમ્મેદશિખરથી મોક્ષ પામશો. તે સાંભળીને રાજા ઘણો જ આનંદિત થયો. તેનું નામ પણ 'આનંદ' હતું ને ભાવથી પણ તે આનંદિત હતો.

•

હવે, શ્રી મુનિરાજે ઉપદેશમાં ત્રણલોકના જિનપ્રતિમાઓનું પણ વર્ણન કર્યું હતું. સૂર્યવિમાનમાં પણ શાશ્વત જિનબિંબ છે ને જયોતિષી દેવો તેની પૂજા-ભકિત કરે છે, તેનુ અદ્ભુત વર્ણન સાંભળીને રાજા પોતાના મહેલમાંથી તેને નમસ્કાર કરવા લાગ્યો, અને અયોધ્યાનગરીમાં પણ તેવી જ રચના કરવાનું તેને મન થયું. રાજયના ઉત્તમ કારીગરોને બોલાવીને સૂર્યવિમાન જેવું જ એક સુંદર વિમાન બનાવ્યું; અને હીરામાણેક રત્ન જડેલા તે વિમાનમાં સુંદર જિનપ્રતિમાની સ્થાપના કરી.

આ વિમાનની અને તેમાં બિરાજમાન પ્રતિમાની આશ્ચર્યકારી શોભા દેખીને આનંદરાજાને આનંદનો પાર ન રહ્યો. તેઓ હંમેશા સવાર સાંજ તેની પૂજા કરવા લાગ્યા. આ રીતે રાજાને સૂર્યવિમાન સ્થિત જિનબિંબની પૂજા કરતો દેખીને તેના ઉપર વિશ્વાસને કારણે લોકો પણ દેખાદેખીથી સૂર્યવિમાનને નમસ્કાર કરવા લાગ્યા. રાજા તો સૂર્યવિમાનને નહીં પણ તેમાં સ્થિત જિનબિંબને નમસ્કાર કરતો હતો; પણ જેમ બાહ્ય જીવો નિશ્ચયને જાણ્યા વગર વ્યવહારને ભજવા લાગે છે તેમ અન્યમતી લોકો પણ જિનબિંબને બદલે સૂર્યને પૂજવા લાગ્યા.

આનંદ મહારાજા અનેક પ્રકારે ધર્મનું આરાધન કરી રહ્યા છે; તેને વિશ્વાસ છે કે જિનસદૃશ મારા આત્માનું ચિંતન કરીને હું પણ જિન થઈશ. આવી ભાવનાપૂર્વક ઘણાં વર્ષો વીતી ગયા; એક દિવસ તે રાજાએ પોતાના માથામાં સફેદ વાળ દેખ્યો, અને તરત જ તેનું હૃદય વૈરાગ્યથી કંપી ઊઠયું કે અરે ! યુવાનીના લાખો વર્ષો વીતી ગયા ને વૃદ્ધાવસ્થા તો આવવા લાગી; આ સફેદવાળ મૃત્યુરાજાનો સંદેશો લઈને આવ્યો છે કે હે જીવ ! હવે જલદી ચારિત્રદશાને ધારણ કરીને આત્મકલ્યાણ કરે માટે હવે મારે આત્મહિતમાં ઘડીનોય વિલંબ કરવા જેવો નથી. આજે જ આ સંસારનો સર્વ પરિગ્રહ છોડીને, હું શુદ્ધોપયોગી મુનિ થઈશ અને ઉપયોગસ્વરૂપ મારા આત્મામાં એકાગ્ર થઈને ચારિત્રદશા પ્રગટ કરીશ. આવા દૃઢ નિશ્ચયપૂર્વક તેઓ વૈરાગ્ય પુષ્ટ કરનારી બારભાવના ચિંતવવા લાગ્યા.

(૧:) આ શરીરાદિ સંયોગો અને રાગાદિ પરભાવો અધ્રુવ છે; મારો ઉપયોગસ્વરૂપ શુદ્ધ આત્મા જ મારે માટે ધ્રુવ છે, તે મારું સ્વ છે, ને તેનાં જ ધ્યાનથી સુખ છે.

(૨:) મૃત્યુના મુખમાં પડેલા કે રોગાદિથી ઘેરાયેલા જીવને પોતાની જ્ઞાનચેતના સિવાય બીજું કોઈ જ શરણ નથી. અરિહંત સિદ્ધ-સાધુ અને ધર્મ એવી દશારૂપ જે વીતરાગભાવ તે જ શરણ છે, બીજું બધુંય અશરણ છે. પોતાના શુદ્ધ આત્માનું જ શરણ લઈને જેણે વીતરાગભાવ પ્રગટ કર્યો છે તેને બીજા કોઈનું શરણ લેવું પડતું નથી. જે સ્વયં સુખી છે તેને બીજાના શરણનું શું કામ છે ?

(૩:) પોતાના સ્વભાવની સાધના વડે જ સિદ્ધપદ સધાય છે; એના સિવાય જે કોઈ બાહ્ય ભાવો છે - અશુભ કે શુભ, તે બધાય પરભાવો સંસાર છે, દુઃખમય છે, ચારગતિનાં કારણ છે. પરભાવનું સેવન તે સંસાર, તેનાથી છૂટવા આત્માના શુદ્ધસ્વરૂપની ભાવના કરવી.

(૪:) પોતાના સ્વભાવ સાથે એકત્વ સાધતાં પરમ સુખ પમાય છે. પણ પોતાનાં એકત્વ સ્વભાવને ભૂલીને, રાગદ્વેષના ભાવ વડે જીવ દુઃખી છે; તેમજ દેહાદિ પદાર્થો ભિન્ન હોવા છતાં તેની સાથે એકત્વ માની માનીને મોહથી જીવ મહા દુઃખી થઈ રહ્યો છે. રાગમાં એકતારૂપ પરિણમન તે મિથ્યાત્વ છે; નિજસ્વરૂપમાં જ એકતારૂપ પરિણમન તે સમ્યક્દર્શન - જ્ઞાન - ચારિત્ર છે. મુનિઓ આવી એકત્વભાવનામાં તત્પર હોય છે.

(૫:) પ્રજ્ઞા વડે અનુભવમાં આવતો જે ઉપયોગસ્વરૂપ આત્મા, તે જ હું છું, તે સિવાય જે કોઈ રાગાદિ બાહ્ય ભાવો છે તે બધાય મારાથી અન્ય છે. આવી ભેદજ્ઞાનરૂપ ભાવના તે અન્યત્વભાવના છે.

(૬:) ખરેખર બાહ્યવસ્તુ અશુચી નથી, પણ મિથ્યાત્વાદિ ભાવો જ આત્માને મલિન કરનારાં હોવાથી અશુચી છે, તેને છોડીને ઉપયોગસ્વરૂપ પવિત્ર આત્માની ભાવના કરવી.

(૭:) આત્માને મલિન કરનારા ને દુઃખ દેનારાં જે અજ્ઞાનભાવો છે તે આસ્ત્રવ છે. આત્માના ઉપયોગમાં કર્મનો પ્રવેશ નથી, તેથી તે નિરાસ્ત્રવ છે. આવા ઉપયોગનો અનુભવ કરતાં આસ્ત્રવો છૂટી જાય છે.

(૮:) ઉપયોગને ક્યાંય બહાર પરભાવમાં ન ભમાવવો ને પોતાના આત્મસ્વરૂપમાં જ તેને જોડવો તેનું નામ સંવર છે; ભેદજ્ઞાન વડે જ આવો સંવર થાય છે અને તે મહાન આનંદદાયક છે.

(૯:) શુદ્ધતાની ધારા વડે કર્મમેલને વિશેષપણે ધોઈ નાખવો તે નિર્જરા છે. સમ્યક્ત્વપૂર્વકના તપથી ઘણી નિર્જરા થાય છે, ને તે મોક્ષનું કારણ છે.

(૧૦) જેનો કોઈ કર્તા નથી, જેનો કદી નાશ નથી એવો આ લોક છે; તે અનંત અલોકની વચ્ચે કોઈ પણ જાતના અવલંબન વગર સદાય રહેલો છે; જીવનો સ્વભાવ પણ નિરાલંબી છે. લોકમાં અનંતા જીવો છે, તેઓ આત્મજ્ઞાન વગર ત્રણ લોકમાં જન્મ-મરણ કરીને રખડે છે ને દુઃખી થાય છે. લોકમાં સૌથી જુદો ને લોકને જાણનારો જ્ઞાનસ્વરૂપ આત્મા હું છું એવું જ્ઞાન કરે તો લોકમાં પરિભ્રમણ મટે, અને જીવ પોતે સિદ્ધ-ભગવાન થઈને લોકાગ્રે થઈને વસે.

(૧૧) સંસારમાં ભમતાં જીવને બધું સુલભ છે, પુણ્ય અને સ્વર્ગ પણ સુલભ છે, દુર્લભ તો એકમાત્ર રત્નત્રયરૂપબોધિ જ છે. અને તે બોધિ જ જીવને મહા સુખ દેનાર છે. આવી દુર્લભ-બોધિ મને કેમ પ્રાપ્ત થાય ? તેવી ભાવના કરીને, તેનો ઉદ્યમ કરવા જેવો છે.

(૧૨) વસ્તુનો ધર્મ એટલે કે વસ્તુનો સ્વભાવ શું છે ? તેનું ચિંતન કરવું જોઈએ. જીવનો સ્વભાવ એટલે કે જીવનો ધર્મ તો ચેતના છે; તે ચેતનામાં રાગ-દ્વેષ નથી, રાગ-દ્વેષભાવો તે ખરેખર જીવનો ધર્મ નથી. આવા ચેતનસ્વભાવરૂપ ધર્મને ઓળખીને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ વીતરાગધર્મની અથવા ઉત્તમક્ષમાદિ દશધર્મની ઉપાસના કરવી. તે ધર્મ જ જીવને સુખ અને મોક્ષ આપે છે.

આ બાર ભાવનાઓ વૈરાગ્યની જનેતા છે, તેના ચિંતન વડે વૈરાગ્ય પુષ્ટ થાય છે. આનંદ-મહારાજાએ આવી બાર ભાવનાઓનું ચિંતન કર્યું અને વૈરાગ્યપૂર્વક સાગરદત્ત ગુરુની સમીપ મુનિદીક્ષા લીધી.... મુનિ થઈને શુદ્ધોપયોગવડે આત્મધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આંનદના સમુદ્રમાં ગરકાવ થયા..... અહા ! એમનો આત્મા રત્નત્રયનાં તેજથી ઝળકી ઊઠયો. એમની વીતરાગતા આશ્ચર્ય ઉપજાવતી હતી. આત્મિક સાધનામાં તેઓ એવા રત હતા કે બારપ્રકારનાં તપ તો તેમને સહેજે થઈ જતાં હતાં; મુખ્યપણે તેઓ ધ્યાન અને સ્વાધ્યાયમાં જ મગ્ન રહેતા. આનંદના વેદનમાં આહારની ઈચ્છા સહેજે છૂટી જતી એટલે કષ્ટ વગર તેમને ઉપવાસ થઈ જતા હતા. કયારેક આહાર કરે તોપણ રસની ઈચ્છા વગર અમુક જ વસ્તુઓ અને તે પણ ભૂખ કરતાં અલ્પ જ લેતા; એકાંતસ્થાનમાં વન-જંગલમાં વસતા; શરીરનું મમત્વ તેમણે છોડી

દીધું હતું; અલ્પ પણ દોષ કે પ્રમાદ થઇ જાય તો સરળચિત્તે પ્રાયશ્ચિત કરતા; રત્નત્રયધારી ગુરુઓ પ્રત્યે સેવા વિનય અને વાત્સલ્યસહિત વર્તતા; ગમે તેવી ઠંડી ગરમી કે વર્ષામાં પણ તેઓ કદી આત્મધ્યાન ચુકતા નહીં. આમ બાર પ્રકારનાં તપ સહિત ચારિત્રને આરાધતા હતા.

આવી ઉત્તમ આરાધનાસહિત સ્વાધ્યાયમાં એકાગ્રતાથી તે આનંદમુનિરાજને બાર અંગનું જ્ઞાન ખીલી ગયું, શ્રુત જ્ઞાનનો પવિત્ર સમુદ્ર ઉલ્લસ્યો.... બીજી પણ અનેક ઋદ્ધિઓ તેમને પ્રગટી, પણ તેમનું લક્ષ તો ચૈતન્યઋદ્ધિમાં જ હતું. આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાન તો તેમને હતું જ નહીં, તેઓ ધર્મધ્યાનમાં એકાગ્ર રહેતા, ને કયારેક શુકલધ્યાન પણ ધ્યાવતા. ધ્યાન વખતે તેઓ પોતાના શુદ્ધાત્મામાં એકમાં જ ઉપયોગને એકાગ્ર કરીને નિર્વિકલ્પ આનંદને અનુભવતા હતા, ને બીજી બધી ચિંતાઓ તેમને અટકી જતી હતી. અહા, ધ્યાન વખતે તો જાણે સિદ્ધમાં ને તેમનામાં કાંઇ ફેર રહેતો ન હતો. તેમની શાંત ધ્યાનમુદ્રા દેખીને પશુઓ પણ આશ્ચર્ય પામતા હતા.


તે આનંદ મુનિરાજ સદાય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં નિશ્ચલ વર્તતા હતા, ને બાવીસ પરીષહ સહતા હતા. ગમે તેવી ભૂખ કે તરસ, ઠંડી કે ગરમી, નગ્ન શરીર પર મચ્છર વગેરે જીવ જંતુના ડંશ લાગે તોપણ મોક્ષમાર્ગથી તેઓ જરા પણ ડગતા ન હતા; કોઇ અરતિનો પ્રસંગ આવે તોપણ તેઓ અરતિભાવ કરતા ન હતા; સ્ત્રીઓના ગમે તેવા હાવભાવથી પણ તેમનું મન ચલિત થતું નહીં; વિહાર, આસન ને ભૂમિશયન સંબંધી કષ્ટમાં પણ ખેદ કરતા નહીં; ક્રોધથી કોઇ કડવા વચન કહે કે મારે, તોપણ પોતે પોતાના માર્ગમાંથી ચ્યુત થતા ન હતા; આહારદિની યાચના કરતા ન હતા; અનેક ઉપવાસ બાદ ગામમાં ભોજ્ન

માટે જાય ને યોગ્ય આહારાદિ ન મળે તોપણ શાંતિથી પોતાના ધર્મધ્યાનમાં સ્થિર રહેતા હતા; ક્યારેક શરીરમાં રોગ થાય, પીડા થાય, કાંટા-કાંકરા લાગે તો પણ આર્ત્તધ્યાન થવા દેતા ન હતા; પોતાનું કે પરનું શરીર મલિન દેખીને પણ તેઓ ચિત્તને મલિન થવા દેતા ન હતા; લોકો દ્વારા થતા માન-અપમાનમાં તેમને સમભાવ હતો; હું રત્નત્રયમાર્ગમાં ઘણો પ્રવીણ મહાન તપસ્વી છું છતાં સંઘમાં મારું માન નથી, એવા વિકલ્પ તેઓ કરતાં નહીં ' જ્ઞાનનો વિશેષ વિકાસ થવા છતાં તેમને મદ થતો ન હતો ; અને અવધિજ્ઞાન વગેરે પ્રગટ્યું ન હોય તો તેનો ખેદ કરતા ન હતા; અનેક વર્ષો સુધી તપશ્ચર્યા કરવા છતાં કોઈ ઋદ્ધિ વગેરે ન પ્રગટી હોય ને બીજાને ઋદ્ધિ પ્રગટતી દેખે, તો પણ ખેદ કરતા ન હતા ઈત્યાદિ પ્રકારે બાવીસ પરિષહને જીતતા થકા તે આનંદમુનિરાજ આત્મશુદ્ધિ વધારતા હતા અને કર્મોની નિર્જરા કરતા હતા. અહો, આવું વીતરાગી મુનિજીવન ધન્ય છે, તેમના ચરણોમાં અમારું મસ્તક નમે છે.

તે મુનિરાજ વારંવાર શુદ્ધોપયોગરૂપી જળ વડે ચારિત્રવૃક્ષનું સીંચન કરતા હતા. તેઓ ચારિત્રના મહાન કલ્પવૃક્ષ હતા ને તે કલ્પવૃક્ષમાં જાણે ઉત્તમ ફળ લાગ્યાં હોય તેમ ઉત્તમ ક્ષમાદિ દશધર્મો તેમને ખીલી નીકળ્યાં હતા. આવા આનંદમુનિરાજે દર્શનવિશુદ્ધિથી માંડીને રત્નત્રયધર્મ પ્રત્યેના પરમ વાત્સલ્ય સુધીની સોળ ભાવનાઓ વડે તીર્થંકર નામકર્મની પ્રકૃતિ બાંધી. બધાય તીર્થંકરો પૂર્વભવમાં આવી ઉત્તમ ભાવનાઓ ભાવે છે. એક તરફથી પુણ્યનો રસ વધતો હતો, ને બીજી તરફથી ચૈતન્ય અનુભવ વડે વીતરાગી શાંતરસ પણ વધતો જતો હતો. શિવપુર પહોંચવા માટે હવે તેમને વચમાં એક જ ભવ બાકી હતો; હવે સંસારસંબંધી કોઈ ઈચ્છા તેમને રહી ન હતી, દેહથી પણ તેઓ સાવ વિરક્ત હતા.

તે મુનિરાજ એક વખત વનમાં અડગપણે ધ્યાન કરતા હતા..... બહારનું લક્ષ છોડીને નિજસ્વરૂપના અવલોકનમાં તેઓ એકાગ્ર હતા. તેમના સર્વપ્રદેશે અપૂર્વ આનંદરસના ફૂવારા છૂટતા હતા. એવામાં ત્યાં એક સિંહ આવ્યો....... તેની ભયંકર ગર્જનાથી આખું વન ધ્રુજી ઊઠયું..... વનના પશુઓ બીકના માર્યા ભાગવા લાગ્યા. છલાંગ પર છલાંગ મારતો એ સિંહ વનમાં ચારેકોર ઘૂમતો હતો. આ સિંહ તે બીજો કોઈ નહિ પણ આપણો જાણીતો કમઠનો જ જીવ છે. તેની નજર ધ્યાનમાં બેઠેલા આનંદમુનિ ઉપર પડી અને ક્રોધથી મોટી ત્રાડ પાડીને તે મુનિ તરફ દોડયો ..... મુનિરાજ ભાગ્યા નહીં, ભયભીત થયા નહીં, એ તો નિર્ભયપણે ધ્યાનમાં જ બેસી રહ્યા. સિંહે છલાંગ મારીને તેમનું ગળું મોઢામાં પકડયું ને પંજાના નખથી તેમના શરીરને ફાડી ખાધું. - અરે ! એને કયાં ખબર હતું કે હું અત્યારે જેના શરીરને ખાઈ જાઉં છું તે જ એક વખત મારા ગુરુ થઈને આ સંસારમાંથી મારો ઉદ્ધાર કરશે ! સિંહ શરીરને ખાતો હતો ત્યારે મુનિરાજ તો પોતાના ઉત્કૃષ્ટ ક્ષમાભાવમાં જ રહ્યા, તેમણે સિંહ ઉપર જરાય ક્રોધ ન કર્યો..... વીતરાગ માર્ગથી જરાપણ ન ડગ્યા. વાહ ! ધન્ય મુનિરાજ ! ચતુર્વિધ આરાધનાની અખંડતા સહિત પ્રાણ તજીને તેઓ આનત સ્વર્ગમાં ઈન્દ્ર થયા.

સિંહ ક્રૂર ભાવથી મરીને પાછો નરકમાં ગયો.



(૯)

## ❀ આનંદમુનિ સ્વર્ગમાં; અને સિંહ નરકમાં ❀

દેવલોકના ૧૬ સ્વર્ગમાંથી ૧૩ મું આનતસ્વર્ગ છે; તે સ્વર્ગની શોભા અનેરી છે; ત્યાં રાત-દિવસના ભેદ હોતા નથી; સદાય પ્રકાશ હોય છે, દેવોને રોગાદિ હોતાં નથી. સોના રત્નોની અદ્‌ભુત શોભાવાળા દેવોનાં નગર છે. પુણ્યના પ્રભાવે ત્યાં અનેક કલ્પવૃક્ષ અને ચિંતામણિ પણ સુલભ છે. પરંતુ શાસ્ત્રકાર કહે છે કે, કલ્પવૃક્ષ પાસે તો ફળની યાચના કરવી પડે ને ચિંતામણિ માસે ચિંતવવું પડે ત્યારે તે ફળ આપે છે પણ વીતરાગધર્મ તો એવો છે કે તે ઈચ્છા વગર પણ ઉત્તમ ફળ આપે છે, માટે ધર્મ જ શ્રેષ્ઠ છે. આનતસ્વર્ગમાં ઉપજેલા આપણા કથાનાયકને સ્વર્ગમાં આ છેલ્લો અવતાર છે, હવેના ભવમાં તો તે ભગવાન થશે. સ્વર્ગના કેટલાય દેવો તેની સેવા કરવા લાગ્યા. અવધિજ્ઞાનથી તેણે પોતાના પૂર્વભવને જાણ્યો અને જૈનધર્મમાં તેની ભકિત દૃઢ થઈ. દેવલોકના અનેક ભોગોપભોગની વચ્ચે પણ તે જાણતા હતા કે આ ભોગોની ઈચ્છા તે તો અગ્નિ જેવી છે. વિષયોરૂપી લાકડાં વડે તે કદી શાંત થવાની નથી, તે તો ચારિત્ર-જળ વડે જ શાંત થશે. આ દેવલોકમાં ચારિત્રદશા નથી, ચારિત્રદશા તો મનુષ્યને જ થાય છે. હવે મનુષ્ય થઈને અમે અમારી ચારિત્રદશા પૂર્ણ કરીશું ને ફરીથી આ સંસારના ચકકરમાં નહીં આવીએ. આમ ચારિત્રદશાની ભાવનાપૂર્વક સમ્યક્ત્વની આરાધના સહિત તેઓ દેવલોકમાં અસંખ્ય વર્ષ સુધી રહ્યા. તેઓ વારંવાર જિનભકિતનો ઉત્સવ કરતા, અને દેવોની સભામાં ઉત્તમધર્મોપદેશ આપતા. તેમના ઉપદેશથી સ્વર્ગના કેટલાય દેવો સમયગ્દર્શન પામ્યા.

તે ઈંદ્રના આયુષ્યમાં જયારે છમાસ બાકી રહ્યા ને વારાણસી (બનારસ-કાશી) નગરીમાં પારસનાથ-તીર્થંકરપણે અવતરવાની તૈયારી થઈ, ત્યારે બનારસ નગરીમાં શું થયું ? તે જોવા ચાલો. આપણે તે નગરીમાં પહોંચી જઈએ.... ને પ્રભુના જન્મોત્સવમાં આનંદથી ભાગ લઈએ.

(૧૦)

## ❋ વારાણસીનગરીમાં પારસપ્રભુનો અવતાર ❋

**પારસપ્રભુ પીવડાવજો ચેતન આનંદરસ,**
**તુજ આતમ-સ્પર્શન થતાં જીવન બને સરસ.**
**લોહા તો કંચન બને, આત્મ બને પરમાત્મ,**
**ધ્યાન વડે તુમ સમ બનું , બસ ! એક જ મારે કામ.**

ભગવાન પારસનાથ જગતનું કલ્યાણ કરવા માટે, અને પોતાની આત્મસાધના પૂરી કરીને પરમાત્મા થવા માટે અંતિમ અવતારમાં અવતરવાની તૈયારી હતી. ત્યારે આ ભરતક્ષેત્રમાં ચોથો આરો પૂરો થવા આવ્યો હતો. બાવીસ તીર્થંકરો તો મોક્ષ પધારી ગયા હતા. નેમનાથ ભગવાન ગીરનારથી મોક્ષ પધાર્યા તેને પણ ૮૩૭૫૦ વર્ષ વીતી ગયા હતા. અયોધ્યાથી થોડા ગાઉ દૂર કાશીદેશમાં ગંગાનદીના કિનારે વારાણસી (બનારસ) નગરી અત્યંત શોભતી હતી. આ નગરીમાં સાતમાં સુપાર્શ્વનાથ તીર્થંકર અવતરી ચુકયા હતા, ને હવે પાર્શ્વનાથ તીર્થંકર અવતારની તૈયારી ચાલતી હતી.

તે વખતે વારાણસીનગરીમાં ઘણા જૈનો વસતા હતા, ને ભવ્ય જિનાલયો રત્નબિંબોથી શોભતા હતા, પ્રજાજનો દયાધર્મનું પાલન કરતા હતા. રત્નત્રયધારી અનેક મુનિવરો નગરીને પાવન કરતા હતા. (તે નગરીમાં અત્યારે તો જૈનોની વસ્તી ઘણી જ ઘટી ગઇ છે, જિનમંદિરો પણ ત્રણ-ચાર જ છે, અનેક કુમાર્ગો ત્યાં ચાલે છે. છતાં તીર્થંકર ભગવંતોના જન્મ કલ્યાણક પ્રતાપે આજેય આ નગરીનું મહાન ગૌરવ

છે. ગંગા નદી આ શહેરને સ્પર્શીને જ વહી રહી છે; તેના કિનારા પર જ પ્રભુનું જન્મધામ છે. બનારસ શહેરથી દસેક કિલોમીટર દૂર શ્રેયાંસનાથ તીર્થંકરનું જન્મધામ સિંહપુરી (સારનાથ) છે, ત્યાં શ્રેયાંસનાથ સ્વામીનું મનોહર જિનાલય છે, તથા વીસેક કિલોમીટર દૂર ચંદ્રપુરીમાં ચંદ્રપ્રભ ભગવાનનું જન્મધામ ગંગાકિનારે આવેલ છે, ત્યાં પણ પ્રાચીન જિનમંદિર છે.)

ચોથાકાળમાં જેની અપાર જાહોજલાલી હતી. અરે ! તીર્થંકરનો, જ્યાં અવતાર થવાનો હતો એવી બનારસી નગરીની શોભાની શી વાત ! રાજમહેલનાં આંગણે આકાશમાંથી દરરોજ કરોડો રત્નોની વૃષ્ટિ થતી હતી..... પંદરમાસ સુધી તે રત્નવૃષ્ટિ ચાલી; નગરજનો સમજી ગયા કે કોઈ મહાન મંગલ પ્રસંગની આ નિશાની છે.

વિશ્વપ્રસિદ્ધ એવા આ બનારસતીર્થમાં તે વખતે મહાભાગ્યવાન વિશ્વસેનરાજા રાજ્ય કરતા હતા. (કોઈ તેને અશ્વસેન પણ કહે છે.) તેઓ ઘણા ગંભીર હતા, સમ્યગ્દષ્ટિ હતા, અવધિજ્ઞાનના ધારક હતા ને વીતરાગ દેવ-ગુરુના પરમ ભકત હતા. તેમના મહારાણી બ્રાહ્મીદેવી (બ્રહ્મદત્તા અથવા વામાદેવી) પણ અનેક ગુણસંપન્ન હતા. તે બંનેનો આત્મા તો મિથ્યાત્વના મેલથી રહિત હતો ને તેમનું શરીર પણ મળ-મૂત્ર વગરનું હતું. અહા ! તીર્થંકર જેવા પવિત્ર આત્મા જ્યાં વસવાના હોય ત્યાં મલિનતા કેમ રહી શકે ? સિદ્ધાન્તમાં કહ્યું છે કે તીર્થંકરને, તેમના માતા પિતાને, ચક્રવર્તીને, બળદેવ વાસુદેવ-પ્રતિવાસુદેવને અને જુગલીઆને મળમૂત્ર હોતા નથી.

એકવાર મહારાણી બાહ્મીદેવી પંચપરમેષ્ટી ભગવંતોના ધ્યાનપૂર્વક નિદ્રાધીન થયા હતા. ચૈત્ર વદ બીજનો દિવસ હતો; ત્યારે પાછલી રાતે તેમણે ૧૬ ઉત્તમ સ્વપ્ન દેખ્યા :

માત બ્રહ્મા સ્વપ્ન દેખે પ્રથમ ઐરાવત અહા,
પછી બળદને સિંહ, લક્ષ્મીદેવી, માળપુષ્પતણી મહા.
સૂરજ, ચાંદો, મીનયુગલ, કળશ બે અમૃત ભર્યા,
કમળશોભિત દીઠું સરવર, ઉદધિ પણ ઊછળી રહ્યાં.
મણિજડિત સિંહાસન, અને વિમાન દીસે શોભતું,
ધરણેન્દ્ર-ધામ ને રત્નરાશિ માતનું મન મોહતું.
નિર્ધૂમ સુંદર જયોત જાણે જ્ઞાનની જયોત જાગતી,
એ સોળસ્વપ્નો દેખી માતા હૈયે જિનને ધારતી.

મહા મંગલકારી સોળ સ્વપ્નો દેખ્યા..... ને તે જ વખતે બ્રહ્મદત્તા માતાના પવિત્ર ઉદરમાં પારસનાથના જીવનું આગમન થયું. એનું હૃદય આનંદથી ખીલી ઊઠયું ! અહા ! તીર્થંકર જેના અંતરમાં પધારે તેના મહિમાની શી વાત ! તીર્થંકરના દિવ્યમહિમાના ચિંતન વડે એ માતા જાણે સમ્યગ્દર્શન જ પામી ગયા ! તીર્થંકર જેવો આત્મા જેના અંતરમાં બિરાજે તેના અંતરમાં મિથ્યાત્વ કેમ રહી શકે ?

પ્રભાત થતાં માતા જાગ્યા ને અંતરમાં પંચપરમેષ્ઠીનું ચિંતન કર્યુ જો કે એવા જ એક પરમેષ્ઠી એના હૈયામાં વસીજ રહ્યા હતા. રાજસભામાં જઈને માતાએ સોળ ઉત્તમ સ્વપ્નોની વાત મહારાજા વિશ્વસેનને કરી; અને, તે સ્વપ્નના મંગળ ફળમાં તીર્થંકર જેવા પુત્રરત્નની પ્રાપ્તિ થશે તે જાણીને માતાના આંનદનો પાર ન રહ્યો !

જાણે હૃદયભૂમિમાં ધર્મના અંકૂરા ફૂટી નીકળ્યા ! વાહ માતા, તું ધન્ય બની ગઇ ! ઇન્દ્રો અને ઇન્દ્રાણીઓએ વારાણસીમાં આવીને એ માતા-પિતાનું સન્માન કર્યું ને ગર્ભકલ્યાણક નિમિત્તે ભગવાનની પૂજા કરી તથા છપ્પનકુમારી દેવીઓ માતાની સેવા કરવા લાગી. તેઓ વારંવાર તીર્થંકરના ગુણગાન કરતી, ને માતાજી સાથે આનંદકારી ચર્ચા કરતી.

❋ એકવાર માતાએ દેવીને પૂછ્યું : હે દેવી ! આ જગતમાં ઉત્તમરત્ન ક્યાં રહેતું હશે ?

❋ દેવી કહે : માતા, તમારા ઉદર-ભંડારમાં જ ઉત્તમરત્ન રહ્યું છે.

❋ બીજી દેવીએ પૂછ્યું : માતાનું શરીર સોના જેવું કેમ લાગે છે ?

❋ ત્યારે ત્રીજી દેવીએ કહ્યું : કે એને 'પારસ' નો સ્પર્શ થયો છે તેથી તે સોનાનું લાગે છે.

❋ ચોથી દેવીએ પૂછ્યું : માતા ! તમને કેવી ભાવના થાય છે ?

❋ માતા કહે : આ જગતમાં જૈનધર્મનો ખૂબ ફેલાવો થાય એવી ભાવના થાય છે.

❋ પાંચમી દેવી કહે : હે માતા ! આકાશમાંથી આ રત્નો કેમ વરસે છે ?

❋ માતા કહે : દેવી ! મારો પુત્ર આ જગતમાં સમ્યગ્દર્શનાદિ વીતરાગીરત્નોની વૃષ્ટિ કરશે, તેની નિશાનીરૂપે આ રત્નો વરસી રહ્યાં છે.

❋ છઠ્ઠી દેવી કહે : માતા, આ કરોડો રત્નો વરસી રહ્યાં છે છતાં તો કોઇ કેમ લેતું નથી ?

❋ માતા કહે : દેવી ! પારસકુમાર જે સમ્યક્ત્વાદિ રત્નો આપશે

તેની પાસે આ પચરંગી જડરત્નોની કાંઇ કિંમત નથી.

❋ સાતમી દેવી કહે : વાહ માતા ! અમે પણ એવા ચેતનરત્નોને અંગીકાર કરવા પ્રભુના સમવસરણમાં આવશું.

❋ આઠમી દેવી કહે : અમે રુચકગિરિમાં રહીએ છીએ; પરંતુ અમારા દેવલોક કરતાંય અમને અહીં વધુ ગમે છે, કેમકે અહીં આપની અને બાલતીર્થંકરની સેવા કરવાનું મહાભાગ્ય અમને મળે છે. એ નાનકડા ભગવાનને અમે પારણીયે ઝુલાવશું, એના હાલરડાં ગાશું, એને હોંશે હોંશે તેડશું ને એને દેખીદેખીને આત્મનો ધર્મ પામશું.

❋ આ પ્રમાણે દેવીઓ માતાજી સાથે દરરોજ આનંદકારી ચર્ચા કરતી અને તીર્થંકર પ્રભુનો મહિમા હોંશેહોંશે ગાતી હતી. માતાજીના શ્રીમુખથી આવી મધુરી આત્મસ્પર્શી વાણી ખરતી હતી જાણે કે તેમના મુખદ્વારા અંદરમાં બેઠેલા પારસનાથભગવાન જ બોલતા હોય ! જેમ મહેલમાં ઝગમગતો દીવડો આખા મહેલને પ્રકાશમાન કરે છે તેમ માતાના ગર્ભગૃહમાં રહેલો જ્ઞાનદિવડો ત્રણ જ્ઞાન વડે માતાના જ્ઞાનને પણ ઉજજવળ કરતો હતો. ગર્ભમાં રહેલા જ્ઞાનવંત ભગવાન તે વખતે પણ જાણતા હતા કે મારું ચૈતન્યતત્ત્વ આ દેહના સંયોગથી તદ્દન જાુદું છે; ચેતનામય ભાવ જ હું છું. આમ ભગવાન તો પોતાની ચેતનાના આનંદમાં બિરાજતા હતા. એમ આનંદથી દિવસો પસાર કરતાં કરતાં માગસર વદ ૧૧ આવીને મંગલવધાઇ લાવી.

માગશર વદ ૧૧ ના ઉત્તમદિને ત્રેવીસમાં તીર્થંકરનો અવતાર થયો....... બનારસીનગરીમાં આનંદ છવાઇ ગયો; માત્ર બનારસમાં નહીં પણ ત્રણે ભુવનમાં આનંદ ફેલાઇ ગયો. સ્વર્ગમાં પણ એની મેળે

વાજાં વાગવા માંડયા. ઈન્દ્રે જાણ્યું કે ભરતક્ષેત્રના ત્રેવીસમાં તીર્થંકરનો અવતાર થયો છે, એટલે તરત ઈંદ્રાસન પરથી નીચે ઊતરીને ભકિતપૂર્વક એ બાલ તીર્થંકરને નમસ્કાર કર્યા; ને ઐરાવત હાથી ઉપર બેસીને જન્મોત્સવ ઉજવવા આવી પહોંચ્યા, સાથે કેટલાંય દેવોનાં વિમાન આવ્યા. કોઈ દેવ વાજાં વગાડે છે, તો કોઈ ફૂલ વરસાવે છે; પછી નાનકડા ભગવાનને હાથી ઉપર બેસાડયા...... હાથી આકાશમાં ઉડયો ને ભગવાનની સવારી મેરુપર્વત ઉપર પહોંચી. આ સૂર્ય-ચંદ્ર દેખાય છે તેનાથી પણ ઘણે ઊંચે મેરુપર્વત ઉપર પ્રભુનો જન્માભિષેક કર્યો. એ વખતે પ્રભુનો દિવ્ય મહિમા દેખીને ઘણાય દેવોને સમ્યગ્દર્શન થયું. પ્રભુજી તો સદાય દેહથી ભિન્ન આત્માને દેખનારા હતા, ને તેમના દર્શનથી બીજા ઘણાય જીવોએ પણ દેહથી ભિન્ન આત્માને ઓળખી લીધો. અહા પ્રભુ ! આપ તો જન્મરહિત થઈ ગયા, ને આપની ભકિતથી અમારો જન્મ પણ સફળ થયો; એમ સ્તુતિ કરતા કરતાં ઈંદ્ર-ઈંદ્રાણી પણ આનંદથી નાચી ઊઠયા; અને પ્રભુનું નામ 'પાર્શ્વકુમાર' રાખ્યું.

પ્રભુના જન્માભિષેક વખતે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી. આશ્ચર્ય એ છે કે આકાશમાં કયાંય ફૂલઝાડ તો ન હતાં છતાં પુષ્પવૃષ્ટિ થતી હતી ! અનંત આકાશને એમ થયું કે અહા, આ ભગવાનનું જ્ઞાન તો મારા કરતાંય વિશાળ છે ! એટલે નમ્રીભૂત થઈને તે આકાશ પુષ્પદ્વારા પ્રભુની પૂજા કરતું હતું. વળી જેમ હું નિરાલંબી છું તેમ આ ભગવાનનું જ્ઞાન પણ નિરાલંબી છે - એમ નિરાલંબીપણાના આનંદથી ઉલ્લસિત થઈને તે આકાશ પુષ્પવૃષ્ટિ વડે પ્રભુના જન્મોત્સવને ઉજવતું હતું.

જન્માભિષેક વખતે ઉલ્લસતો દૂધ જેવો જળધોધ તો એવો હતો કે ક્ષીરસમુદ્ર જ જાણે ત્યાંથી ઊડીને અહીં મેરુ ઉપર આવ્યો હોય - પ્રભુના દર્શન કરવા ! અને, નીચે મધ્યભાગમાં પ્રદક્ષિણા કરી રહેલા

સૂર્ય-ચંદ્ર-તારાગણો જાણે કે પ્રભુના ચરણોને સેવવા આવ્યા હતા ને શાશ્વત-દીપકો વડે પ્રભુની આરતિ કરતા હતા.

મેરુપર્વત પર પારસકુમારનો જન્માભિષેક કર્યા પછી સ્તુતિ કરતા ઇન્દ્ર કહે છે કે હે પ્રભો ! આપ તો પવિત્ર જ છો..... આપને નવડાવવાના બહાને ખરેખર તો અમે અમારાં જ પાપોને ધોઇ નાંખ્યા છે. ઇન્દ્રાણી કહે છે : પ્રભો ! આપને તેડતાં જાણે હું મોક્ષને જ મારી ગોદમાં લેતી હોઉં એમ મારો આત્મા ઉલ્લસી જાય છે. અને રત્ન - આભૂષણો વડે આપને અલંકૃત કરતાં.જાણે કે ધર્મરત્નો વડે હું મારા આત્માને જ અલંકૃત કરતી હોઉં-એવો આનંદ થાય છે. -એમ કહીને ઇન્દ્રાણીએ બાલતીર્થંકરને સ્વર્ગનાં વસ્ત્ર આભૂષણ પહેરાવ્યા તથા રત્નનું તિલક કર્યું. એ પ્રમાણે પારસકુમારનો અભિષેક કરીને અને દેવલોકના દિવ્ય વસ્ત્રાભૂષણ પહેરાવીને સૌ બનારસનગરમાં આવ્યા. બ્રહ્મદત્તા (વામાદેવી) માતાજીને એનો લાડીલો પુત્ર પાછો સોંપતા કહ્યું : હે માતા ! આપ ધન્ય છો..... આપ જગતના માતા છો. આપે આ જગતને જ્ઞાનપ્રકાશક દીવડો આપ્યો છે.... હે માતા ! તારો પુત્ર એ ત્રણ જગતનો નાથ છે.

બનારસીનગરીમાં ઠેરઠેર આનંદોત્સવ થયો. એ તીર્થંકરના આત્માને દેખીને હજારો જીવો ચૈતન્યમહિમા સમજી સમજીને આત્મજ્ઞાન પામ્યા. અહા, ભગવાન પોતે કેવળજ્ઞાન પામીને ધર્મોપદેશ આપશે ને ધર્મવૃદ્ધિ કરશે, ત્યારની તો શી વાત ! પણ તેમનો જન્મ થતાં જ જીવોમાં સ્વયમેવ ધર્મની વૃદ્ધિ થવા લાગી. જેમ સૂર્ય ઊગે ને કમળ ખીલવા માંડે

તેમ તીર્થંકર સૂર્ય ઊગ્યો ને ભવ્યજીવોરૂપી કમળ ખીલવા માંડયા. જન્મોત્સવની ખુશાલીમાં માતા-પિતાની સન્મુખ દેવોએ સુંદર નાટક કરીને ભગવાનના પૂર્વના નવ ભવો દેખાડયા; તેમાં હાથીના ભવમાં મુનિના ઉપદેશથી સમ્યગ્દર્શન પામવાનું દશ્ય દેખીને ઘણા જીવો પ્રતિબોધ પામ્યા; પછી તે જીવે મુનિદશા ધારણ કરીને ઉત્તમ ક્ષમાનું કેવું પાલન કર્યું તે પણ બતાવ્યું. એ રીતે પારસકુમારનો જન્મોત્સવ ઊજવીને, તથા માતા-પિતાને ઉત્તમ વસ્તુઓ ભેટ આપીને તે ઈન્દ્રો પાછા પોતાના સ્વર્ગમાં ગયા. એ વખતે તો સ્વર્ગ કરતાંય વારાણસીનગરીનો વૈભવ વધી ગયો હતો. કેમકે તીર્થંકર જેવા પુણ્યાત્મા ત્યાં બિરાજતા હતા. અહા ! તીર્થંકર જેવા મહાત્માના સમાગમથી કયું કલ્યાણ પ્રાપ્ત ન થાય !!

ભગવાન પારસકુમાર ધીમે ધીમે મોટા થવા લાગ્યા. તેમના અંગુઠામાં ઈંદ્રે અમૃત મૂકયું હતું, તે ચૂસીને તેમનું પોષણ થતું, છપ્પનકુમારી દેવીઓ તેમને સ્નાન કરાવતી ને શણગાર પહેરાવતી. એમને દેખી દેખીને માતાની નજર ઠરતી, એનું હૈયું તૃપ્ત થતું.... ને ઉમળકાથી તે મંગળગીત ગાતી હતી. કુંવરને પણ માતા પ્રત્યે પરમ સ્નેહ હતો. રોજરોજ હજારો નગરજનો એમનાં દર્શન કરવા આવતા હતા ને એમનું દિવ્ય રૂપ દેખીને આશ્ચર્ય પામતા હતા. સ્વર્ગના દેવો પણ નાના બાળકોનું રૂપ ધારણ કરીને પારસકુમાર સાથે રમવા આવતા હતા. અહા ! તીર્થંકરનો સહવાસ કોને ન ગમે ! તે દેવકુમારો સાથે ભગવાન પારસકુમાર અવનવી રમત રમતા, અને કોઇ કોઈવાર ધર્મની ચર્ચા કરીને આત્માના અનુભવનું રહસ્ય પણ સમજાવતા હતા. અહા,

એ નાનકડા બાળકના શ્રીમુખથી જયારે આત્માના અનુભવનો પ્રવાહ વહેતો હશે ત્યારે એ નાનકડા તીર્થંકરની વીતરાગ રસભરી વાણી સાંભળીને જીવો કેવા આનંદિત થતા હશે ! એમની મુદ્રાના દિવ્ય શાંત ભાવો મુમુક્ષુને અતીન્દ્રિય આત્મસુખની પ્રતીતિ ઉપજાવતા હતા. કેવળજ્ઞાન થયા પછીની તો શી વાત ! પરંતુ તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવ્યા પહેલાં પણ એમના નિમિત્તે ધર્મવૃદ્ધિ થવા લાગી હતી.

ભગવાનને જન્મથી જ મતિ-શ્રુત-અવધિ ત્રણજ્ઞાન હતાં, ને ક્ષાયિક સમ્યગ્દર્શન હતું; તેમનો સ્વભાવ અતિશય સૌમ્ય હતો. આઠ વર્ષની વય થતાં તેઓ પાંચ અણુવ્રતનું પાલન કરવા લાગ્યા. કોઈની પાસે વિદ્યા શિખવાનું તો એમને હતું નહીં આત્મવિદ્યાને જાણનારા એ ભગવાનમાં બીજી બધી વિદ્યાઓ પણ સ્વયમેવ ખીલી ગઈ; તેમની ચૈતન્યવિદ્યા પણ વૃદ્ધિગત થતી હતી.

બાલવય વીતાવીને પ્રભુ યુવાન થયા; તેમના દેહનું રૂપ અદ્‌ભુત હતું; તેમના શરીરમાં કદી પરસેવો કે મલમૂત્ર થતાં ન હતા. તેમનું લોહી પણ સફેદરંગનું હતું; ઉત્તમલક્ષણોવાળા તેમના શરીરમાંથી ચારેકોર સુગંધ ફેલાતી હતી; સો વર્ષનું આયુષ્ય હતું. બાવીસમાં નેમીનાથ તીર્થંકર પછી ૮૩૭૫૦ વર્ષ વીત્યા ત્યારે ત્રેવીસમાં પાર્શ્વનાથ તીર્થંકરનો અવતાર થયો હતો. હવે તેઓ યુવાન થયા હતા.

યુવાન રાજકુમારને દેખીને એકવાર માતા-પિતાએ તેમને લગ્ન માટે અનુરોધ કર્યો ને કોઇ સુંદર રાજકન્યા સાથે લગ્ન કરવા કહ્યું. પણ

પારસકુમારે અનીચ્છા, બતાવી; ત્યારે માતાજીએ ગદ્‌ગદ્ થઈને કહ્યું કે હે કુમાર ! હું જાણું છું કે તમારો અવતાર વૈરાગ્ય માટે છે, તથા તમે તીર્થંકર થવાના છો, અને તેથી હું મારી કુંખને ધન્ય માનું છું. પરંતુ અગાઉ ઋષભાદિ તીર્થંકરોએ પણ લગ્ન કરીને જે રીતે માતા-પિતાની ઈચ્છા પૂર્ણ કરી હતી તેમ તમે પણ અમારી ઈચ્છા પૂર્ણ કરો.......

ત્યારે પારસકુમાર ગંભીરતાથી કહે છે કે હે માતા ! ઋષભદેવની વાત જુદી હતી; હું બધી વાતે તેમની બરાબર નથી; તેમનું આયુષ્ય તો ઘણું લાબું હતું ને મારું આયુષ્ય તો સો વર્ષનું જ છે. અલ્પકાળમાં જ સંયમ ધારણ કરીને મારે મારી આત્મસાધના પૂરી કરવાની છે; તેથી મારે સંસારના બંધનમાં પડવું તે ઉચિત નથી.

વૈરાગી રાજકુમારની એ વાત સાંભળીને માતા-પિતાનાં લોચન આંસુથી ઊભરાઈ ગયા..... થોડીવાર તેઓ નીરાશ થયા પણ અંતે તેમણે સમાધાન કર્યું..... તેઓ પણ સૂજ્ઞ હતા.... તેમણે વિચાર્યુ કે પારસકુમાર તો તીર્થંકર થવા અવતર્યા છે..... સંસારના ભોગ ખાતર કંઈ એનો અવતાર નથી, તેનો અવતાર તો આત્માના મોક્ષને સાધવા માટે છે. પુત્રમોહને લીધે જ અમને દુઃખ થાય છે, પણ ભગવાન તો નિર્મોહી થઈને જગતના ઘણા જીવોને મોક્ષનો માર્ગ બતાવશે, અને અમારે પણ એ જ માર્ગે જવાનું છે. આમ તેઓ પણ ધર્મભાવના સહિત ઉત્તમ જીવન વીતાવતા હતા. પારસકુમાર રાજવૈભવ વચ્ચે રહ્યા હોવા છતાં અલિપ્ત રહીને પરમ વૈરાગ્યમય આદર્શજીવન જીવતા હતા.

એક વખત તેઓ વનવિહાર કરવા નીકળ્યા. સાથે તેમનો મિત્ર સુભોમકુમાર પણ હતો. રાજકુમાર પારસનાથને દેખીને જનતા બહુ આનંદિત થતી હતી; અરે, વનનાં હરણ વગેરે પશુઓ પણ પ્રભુને દેખીને આશ્ચર્ય પામતા ને શાંતચિત્તે નીરખી રહેતા - કે અરે ! આ કોઇ મહાપુરુષ છે કે જેને દેખીને અમને ભય નથી થતો પણ શાંતિ થાય છે ! વનનાં ફૂલઝાડ પણ પ્રભુને દેખીને ખીલી ઊઠયા. વનની શાંત. કુદરતી શોભા નીહાળતા નીહાળતા રાજકુમાર વિચારી રહ્યા છે કે મારે પણ હવે વનવિહારી થવાનો સમય નજીકમાં જ છે. આમ ઉત્તમ ભાવનાઓ પૂર્વક વનવિહાર કરી રહ્યા હતા; એવામાં ઍક પ્રસંગ બન્યો...... વનમાં તેમણે એક તાપસ બાવાને દેખ્યો કોણ છે એ તાપસ ? તે જાણવા માટે આપણે તેમના પૂર્વભવો તરફ જરાક નજર કરવી પડશે.

પારસનાથ ભગવાન પૂર્વભવમાં જયારે અગ્નિવેગમુનિ હતા ત્યારે, તેમના ભાઇ કમઠનો જીવ અજગર થઇને તેમને ખાઇ ગયો હતો ને નરકમાં ગયો હતો; પછી તે કમઠનો જીવ શિકારી થયો ને તેણે વજ્રનાભિમુનિને મારી નાખ્યા; પછી તે સિંહ થઇને આનંદમુનિને ખાઇ ગયો. ત્યાંથી પાંચમી નરકમાં જઇને તેણે ઘણાં દુ:ખો ભોગવ્યા, તેમજ તિર્યંચ ગતિમાં ત્રણ સાગર સુધી રખડયો. અંતે તે જીવ મહિપાલનગરીમાં મહિપાલ નામનો રાજા થયો. પારસનાથની માતા બ્રહ્મદત્તા, તે આ મહિપાલરાજાની જ પુત્રી હતી, એટલે પારસકુમાર તેમના દોહિત્ર (દીકરીના દીકરા) થાય. તે મહિપાલની રાણીનું મરણ થતાં દુ:ખને લીધે તે તાપસ થયો હતો; સાતસો તાપસ તેના શિષ્યો હતા. અજ્ઞાનપૂર્વકના

કુતપ તે કરતો હતો. સાતસો તાપસો સાથે ફરતાં ફરતાં તે મહિપાલતાપસ આ બનારસીનગરીમાં આવ્યો હતો ને વનમાં પંચાગ્નિ તપતો હતો.... અગ્નિમાં લાકડાં બાળતો હતો.

એવામાં પારસકુમાર પણ તેમના મિત્રો સાથે વનવિહાર કરતાં કરતાં ત્યાં આવી પહોંચ્યા, ને તેમણે મહિપાલ તાપસને દેખ્યો. તેને દેખીને પણ પારસકુમારે વંદન-નમસ્કાર ન કર્યા. અરે, સામાન્ય શ્રાવક પણ કદી કુગુરુને ન નમે તો પછી આ તો પારસતીર્થંકર, તે કુગુરુને કેમ નમે ?

રાજકુમારે પોતાનો આદર ન કર્યો તેથી મહિપાલતાપસના મનમાં ક્રોધ થયો...... જાણે પૂર્વભવના ક્રોધસંસ્કાર ભભૂકી ઊઠાય : અરે, હું આવો મહાન તાપસ-બાવો ! ને આ રાજકુમારનો વડીલ; છતાં તે મને નમન નથી કરતો; તેને રાજયનું અભિમાન હશે, પરંતુ હું પણ તેના જેવું જ રાજય છોડીને તાપસી થયો છું; વળી હું તેની માતાનો પિતા થાઉં છું, છતાં આ અભિમાની કુંવર મારો વિનય કરતો નથી. આ પ્રમાણે તે અજ્ઞાની-ગુરુ મનમાં ને મનમાં ક્રોધ કરવા લાગ્યો.

શાંત અને ગંભીર એવા ભગવાન પાર્શ્વકુમાર તો એમને એમ શાંતિથી ઊભા રહ્યા; તેમનું ચિત્ત ઘણું દયાળુ હતું; પણ ખોટા કુગુરુ-તાપસ વગર વિચાર્યે ક્રોધમાં આવી ગયા, અને બોલવા લાગ્યા કે હું મહાન તપસ્વી છું અને પાર્શ્વકુમારની માતાનો પિતા છું છતાં આ અજ્ઞાની કુમાર મને નમસ્કાર કર્યા વગર અવિવેકપણે ઊભો છે !

ત્યારે પાર્શ્વકુમારનો મિત્ર સુભોમકુમાર કહેવા લાગ્યો કે હે બાબાજી ! 'હું ગુરુ છું ને હું મોટો તપસ્વી છું' એમ સમજીને તમે ભારે અભિમાન કરી રહ્યા છો, પણ તમને ખબર નથી કે મિથ્યાત્વસહિતના આ કુતપથી ને હિંસાથી જીવનું કેટલું અહિત થાય છે ? આવા અજ્ઞાનતપથી ને હિંસાથી તો જીવ અહીં પણ દુઃખી થાય છે, ને પરલોકમાં પણ દુઃખી થાય છે. કાયા અને કષાયોથી જુદા આત્માનો જયાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી સાચું તપ હોતું નથી. તમારા આ અજ્ઞાનમય પંચાગ્નિ તપમાં તો છકાયજીવોની હિંસા થાય છે; તેથી તે કુતપ છે, તેનાથી આત્માનું જરાપણ હિત નથી.

સુભૌમકુમારની એ વાત સાંભળીને મહિપાલદાદાને વધારે ક્રોધ ચડયો; તે કહેવા લાગ્યા કે તું મને ઉપદેશ દેનાર કોણ ? આ રાજકુમાર તો હજી નાનો છોકરો છે, એને મારા તપની શું ખબર પડે ? 'હું તીર્થંકર છું' એમ સમજીને આ બાળક મારા મહાન તપની અવજ્ઞા કરી રહ્યો છે. મારા તપના મહિમાની તમને ખબર નથી તેથી તમે બકવાદ કરી રહ્યા છો. પંચાગ્નિ વચ્ચે બેસવું, વાયુભક્ષણ વડે જીવવું, હાથ ઊંચા કરીને એક જ પગે લાંબોકાળ સુધી ઉભા રહેવું, કંદમૂળ ને ઝાડપાન ખાઈને જીવવું, એ પ્રમાણે સંતાપ કરનાર તપ કેટલો કઠિન છે ? આવા તપશ્ચરણથી ઊંચો બીજો કોઈ ધર્મ નથી.

એમ કહીને તે અજ્ઞાની તાપસ કુહાડા વડે લાકડા ફાડી ફાડીને અગ્નિમાં હોમવા લાગ્યો. એક મોટું લાકડું કાપીને અગ્નિમાં હોમતો હતો..... એવામાં..... !

એવામાં અચાનક ભગવાન પારસકુમાર હાથ ઊંચો કરીને ગંભીર સ્વરે બોલી ઊઠયા : સબુર કરો..... સબુર કરો...... (અવધિજ્ઞાનથી તેમને જાણી લીધું કે આ લાકડામાં બે સર્પ બેઠા છે, તે કુહાડાથી કપાઇ ગયા છે, ને હમણાં અગ્નિમાં હોમાઇ જશે ! તેથી દયાવંત ભગવાન બોલી ઊઠયા કે સબુર કરો..... એ લાકડાંને અગ્નિમાં ન નાંખો !

અજ્ઞાની તાપસ બોલી ઊઠયો : તું મને રોકનાર કોણ ? (તે તાપસને ખબર ન હતી કે આ લાકડામાં બે નાગ બેઠા છે.)

ભગવાને કહ્યું : તમે જે લાકડું કાપો છો તેમાં બે સર્પ બેઠા છે, તે પણ કપાઇ ગયા છે ને અગ્નિમાં બળી જશે..... માટે આવી જીવહિંસા ન કરો.... ન કરો.

અવધિજ્ઞાની પારસકુમારની એ વાત સાંભળીને પણ તાપસે વિશ્વાસ ન કર્યો, તેણે કહ્યું - તું વળી એવો કયો ત્રિકાળજ્ઞાની થઇ ગયો કે તે આ લાકડામાં સર્પ દેખ્યા ? તું તો નકામો અમારા હોમહવનમાં વિઘ્ન કરે છે. ત્યારે સુભોમકુમારે કહ્યું - બાબા ! આ ભગવાન પારસનાથ અવધિજ્ઞાની છે, તેમનું વચન કદી અસત્ય હોય નહીં. તમારે ખાતરી કરવી હોય તો લાકડું ચીરીને જુઓ.

મહિપાલતાપસ (કે જે કમઠનો જીવ છે) તેણે ક્રોધમાં ને ક્રોધમં કુહાડો લઇને લાકડું કાપ્યું; ત્યાં તો અંદરથી તરફડતા બે સર્પ નીકળ્યા. તેમના શરીરના બે કટકા થઇ ગયા હતા ને દુ:ખથી બિચારા ધ્રુજતા હતા. તેઓ પારસનાથ પ્રભુની સન્મુખ ટગટગ નજરે જોઇ રહ્યા; -

જાણે કે તેમને દુઃખથી છોડાવવા વિનંતિ કરતા હોય !

સર્પને દેખીને માણસો તો ચકિત થઈ ગયા; ચારેકોર હાહાકાર થઈ ગયો...... મહિપાલ તાપસ પણ ઘડીક તો આશ્ચર્ય પામી ગયો.

પ્રભુએ સર્પ ઉપર નજર કરી; પ્રભુની દૃષ્ટિ પડતાં બન્ને સર્પો ઘણી શાંતિ પામ્યા. ધીર-ગંભીર અવાજે પ્રભુ બોલ્યા : અરે ! જીવોને કેટલું અજ્ઞાન છે ! જ્યાં આવી જીવહિંસા હોય ત્યાં કદી ધર્મ હોઈ શકે નહીં.

તાપસ અભિમાનથી કહેવા લાગ્યો : તું મને ઉપદેશ દેનાર કોણ ? હું તો સાતસો તાપસ શિષ્યોનો ગુરુ છું !

હજી પણ તેની આવી અવિવેકી વાત સાંભળીને, સુભોમકુમાર કહેવા લાગ્યા - અરે મા'રાજ ! અમે નથી તો તમને ગુરુ માનતા, કે નથી તમારો તિરસ્કાર કરતા, પરંતુ આપ્ત સર્વજ્ઞ-વીતરાગદેવ, તથા તેમણે કહેલો વીતરાગ-અહિંસારૂપ માર્ગ, તેને છોડીને અજ્ઞાનથી તમે મિથ્યાત્વ અને ક્રોધાદિ કષાયને વશ થઈને, યજ્ઞના નામે છકાય જીવોની હિંસામાં પ્રવર્તી રહ્યા છો, ને તે ખોટા માર્ગ વડે મોક્ષ મેળવવાની ચાહના કરો છે, તે તો માત્ર ફોતરાં ખાંડીને ચાવલની આશા કરવા જેવું અજ્ઞાન છે; જેમ પાણીને વલોવવાથી ઘી મળતું નથી તેમ આવી અજ્ઞાનક્રિયાઓ વડે ધર્મ થતો નથી. કોઈ આંધળો માણસ અગ્નિથી બચવા માટે દોડયો ને અગ્નિના કુંડમાં જ જઈને પડયો ! તેમ અજ્ઞાનથી અંધ જીવો હિંસાદિ કષાય વડે સંસારના દાવાનળમાંથી બચવા માંગે છે; પણ આ અજ્ઞાનમય

કાય ક્લેશ તો દુઃખ નું જ કારણ છે માટે હિંસામય એવા આ અજ્ઞાનમાર્ગને છોડો ને સાચા જ્ઞાનમાર્ગને અંગીકાર કરો. તમારા ઉપર અમને ઘણો સ્નેહ છે કે પૂર્વમાં તમે આ પારસકુમારના ભાઈ હતા તેથી અમે તમને આ હિતની વાત કરીએ છીએ. માટે વિચાર કરીને સોરી વાત ગ્રહણ કરો. ને મનના મેલા ભાવને છોડો.

અહા, કેવો મધુર ઉપદેશ ! હોનહાર તીર્થંકરની હાજરીમાં આવો સરસ મજાનો વીતરાગધર્મનો ઉપદેશ સાંભળીને પણ તે કમઠના જીવે સાચો ધર્મ અંગીકાર ન કર્યો. અરે, આવા સાક્ષાત્ હોનહાર તીર્થંકર નજર સામે ઉભા છે, તેમને દેખીને પણ એ કુગુરુનો ક્રોધ શાંત ન થયો. જીવ પોતે ભાવશુદ્ધિ ન કરે તો તીર્થંકર પણ એને શું કરે ? જો કે ઊંડે ઊંડે તેને ઘા લાગી ગયો કે આ ઉત્તમ પુરુષો સામે મારી કાંઇક ભૂલ થાય છે... પણ ક્રોધ અને અજ્ઞાનને લીધે તેણે સાચા વીતરાગધર્મને સ્વીકાર ન કર્યો. ધર્મનો લાભ થવા માટે તેને હજી થોડીક વાર હતી અંતે તો તે આ ભગવાનના જ શરણે આવીને સાચો ધર્મ અંગીકાર કરશે.

એક બાજુ કપાઇ ગયેલા બે સર્પો તરફડી રહ્યા છે, એક બાજુ તે સર્પોની હિંસા કરનાર કુગુરુ ઊભા છે, ને એક બાજુ તે સર્પોનો ઉદ્ધાર કરનારા જગતગુરુ તીર્થંકર ઊભા છે ને મધુરીવાણીથી વીતરાગધર્મનું સ્વરૂપ કહે છે. બન્ને સર્પો તો દયામૂર્તિ ભગવાનને દેખીને શાંતિ પામ્યા ને તેમના શ્રીમુખથી વીતરાગધર્મનો ઉપદેશ સાંભળીને ધન્ય બન્યા.

અત્યંત ગંભીર એવા પારસકુમાર કહે છે : હે સર્પરાજ ! આ અજ્ઞાની તાપસના કુહાડાથી તમારા શરીરના ટૂકડા થઈ ગયા છે પરંતું તમે ક્રોધ ન કરશો; પૂર્વે ક્રોધ કરવાથી તમે આ સર્પનો અવતાર પામ્યા છો; પણ હવે ક્રોધ છોડીને ક્ષમાભાવ ધારણ કરજો, ને પંચપરમેષ્ટી ભગવાનનું શરણ લેજો એમ કહીને પારસનાથે તે સર્પને નમસ્કાર મંત્ર સંભળાવ્યો. બંને સર્પ ખૂબ જ શાંતિથી તે સાંભળતા હતા.

અહા ! હોનહાર તીર્થંકરના દર્શનથી, અને તેમના શ્રીમુખથી આવો મંત્ર સાંભળવાથી, નાગ અને નાગણી પોતાનું દુઃખ ભૂલી ગયા.... ને શાંતભાવ ધારણ કરીને ઘણી જ ઉપકારબુદ્ધિથી પ્રભુ સામે જોઈ રહ્યા.... તે સર્પના મોઢામાંથી ઝેરને બદલે જાણે અમૃત ઝરતું હતું કે અહો, અમારા જેવા ઝેરી જીવોને પણ પ્રભુએ કરુણાપૂર્વક સાચો ધર્મ સમજાવ્યો ને અમારું કલ્યાણ કર્યું. ધન્ય છે આ ભગવાનને ! એમ વિચારીને તે બંને સર્પો ભકિતથી માથું નમાવતા હતા. ને પ્રભુની આંખમાંથી તો અમૃત વરસતું હતું.

નમસ્કારમંત્ર સંભળાવીને પારસકુમારે તેમને કહ્યું : અરે જીવો ! અજ્ઞાનથી આ તિર્યંચગતિમાં તમે ઘણાં દુઃખી થયા, હવે તેનાથી છૂટવાનો અવસર છે, માટે શાંતસ્વરૂપ આત્માને લક્ષમાં લેજો. તમારો આત્મા ક્રોધથી ભિન્ન ચેતનભાવરૂપ છે, તેને લક્ષમાં લઈને પરમ અહિંસારૂપ વીતરાગી જૈનધર્મનું શરણ લેજો.

અહા, પ્રભુનાં શાંતરસઝરતાં વચનની શી વાત ! તે સાંભળીને નાગ-નાગણી બંને જીવો ઘણી શાંતિ પામ્યા, અને પ્રભુના શરણમાં જ દેહ છોડીને, ભવનવાસીદેવમાં ધરણેન્દ્રદેવ તથા પદ્માવતીદેવી થયા. અવધિજ્ઞાનથી ભગવાનનો ઉપકાર જાણીને તેઓ ભકિત કરવા લાગ્યા કે ધન્ય જિનધર્મ ! ને ધન્ય પારસનાથ ! કે જેણે સર્પમાંથી દેવ બનાવ્યા, ને સંસારથી છોડાવનારો જૈનધર્મ આપ્યો.

જુઓ તો ખરા, ક્ષમાધારી આત્માની સમીપતામાં નાગ જેવા ઝેરી જીવો પણ ક્રોધ છોડીને ક્ષમાવંત બની ગયા; ને કાપી નાંખનારા કુગુરુ પ્રત્યે પણ ક્રોધ ન કરતાં, ક્ષમાભાવથી મરીને દેવ થયા, ધન્ય છે વીતરાગમાર્ગની ક્ષમાને.

આવા વીતરાગીધર્મ સાંભળીને પણ દુષ્ટ કમઠના જીવે તેનો સ્વીકાર ન કર્યો; પણ આણે મારું અપમાન કર્યું એમ સમજીને ઊલટો ક્રોધ કર્યો. સર્પો તો ધર્મ પામ્યા, પણ આ મહિપાલ તાપસ ધર્મ ન પામ્યો; તે ક્રોધના શલ્યપૂર્વક મરીને 'સંવર' નામનો જયોતિષી દેવ થયો. તેણે કુતપ કર્યો હતો તેથી તે હલકો દેવ થયો.

હવે આ બાજુ પારસકુમાર બનારસનગરમાં આત્મજ્ઞાન સહિત વૈરાગ્યજીવન જીવી રહ્યા છે...... ને બધા જીવો તેમના દર્શનથી સુખ પામે છે. એકવાર માગશર વદ અગિયારસે પારસકુમાર રાજસભામાં બેઠા હતા ને તેમનો જન્મદિવસ ઊજવાતો હતો; દેશોદેશના રાજાઓ

તરફથી ઉત્તમવસ્તુઓ ભેટ આવતી હતી અયોધ્યાનો રાજદૂત પણ ભેટ લઈને આવ્યો.

પાર્શ્વપ્રભુના દર્શનથી તે આશ્ચર્ય પામ્યો; વિનયથી સ્તુતિ કરીને તેણે કહ્યું : હે પ્રભો ! અમારી અયોધ્યાનગરીના જયસેન મહારાજાને આપના પ્રત્યે ઘણો પ્રેમ છે તેથી આ ઉત્તમ રત્નો અને હાથી વગેરે વસ્તુઓ આપને માટે ભેટ મોકલી છે.

પારસકુમારે પ્રસન્ન દષ્ટિથી દૂત સામે જોયું અને અયોધ્યાના વૈભવની વાત પૂછી. ત્યારે દૂતે કહ્યું : મહારાજ : અમારી અયોધ્યા નગરી તો તીર્થંકરોની ખાણ છે; તીર્થંકરો જે પુણ્યભૂમિમાં પાકે છે તે અયોધ્યાના વૈભવની શી વાત ! અસંખ્યવર્ષ પહેલા ભગવાન ઋષભદેવ આ ભરતક્ષેત્રમાં પહેલા તીર્થંકર થયા, તેઓ અયોધ્યામાં જ અવતર્યા હતા, તે વખતે ઈન્દ્રે તે નગરીની રચના કરી હતી.

અયોધ્યાના વૈભવની વાત ભગવાન પ્રેમથી સાંભળી રહ્યા છે, ને દૂત કહે છે : પ્રભો ! ત્યાર પછી બીજા અજિતનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ અને અનંતનાથ એ ચાર તીર્થંકરો પણ અયોધ્યાનગરીમાં જ જન્મ્યા હતા. ભરતચક્રવર્તી, ભગવાન રામચંદ્રજી-વગેરે અનેક મોક્ષગામી જીવોએ અયોધ્યાનગરીને પાવન કરી છે.

અયોધ્યાનગરીનું તેમજ પૂર્વના તીર્થંકરોનું વર્ણન સાંભળીને ભગવાન પારસકુમાર ગંભીર વિચારમાં ઊતરી ગયા; તે જ વખતે તેમને

મતિજ્ઞાનાવરણનો સાતિશય ક્ષયોપશમ થયો; વૃદ્ધિગતજ્ઞાનવૈભવમાં પૂર્વના અનેક ભવોનો સાક્ષાત્કાર થયો, એટલે જાતિસ્મરણ જ્ઞાન થયું, ને તેઓ સંસારથી વૈરાગ્ય પામ્યા : અરે ! પૂર્વે દેવલોકના વૈભવને પણ આ જીવ ઘણીવાર ભોગવી ચૂકયો છતાં તેને તૃપ્તિ ન થઇ; બાહ્ય પદાર્થો વડે જીવને કદી તૃપ્તિ થવાની નથી. અહો ! તે ઋષભાદિ ભગવંતો ધન્ય છે કે જેમણે સંસાર છોડીને મોક્ષપદ પ્રાપ્ત કરી લીધું. મને તીર્થંકર નામકર્મનું બંધન થયું તેથી શું લાભ થયો ? '**किं जातः तीर्थकृत नाम बन्धनात्?**' મારે જગતના સામાન્ય મનુષ્યની માફક સંયમ વગર કાળ ગુમાવવો ઉચિત નથી. ઋષભાદિ જિનવરો જે માર્ગે ગયા તે જ માર્ગે મારે જવાનું છે. માટે હવે આજે જ હું દીક્ષા લઇને મુનિ થઇશ, ને મારી આત્મસાધના પૂરી કરીશ.

—એ પ્રમાણે ભવથી વિમુખ અને મોક્ષની સન્મુખ થયેલા ભગવાન વૈરાગ્યભાવના ભાવવા લાગ્યા : સદા સંયોગ રૂપે જીવની સાથે રહેલુ આ શરીર પણ અત્યંત ભિન્ન છે ત્યાં બીજાની શી વાત ? શરીર તો જીવન વગરનું છે તેનામાં ચેતના નથી; જ્ઞાનદર્શનમય ચેતના તે જ મારું જીવન છે. હું સદા જ્ઞાન-દર્શનસ્વરૂપ એક શાશ્વત જીવ છું; એ સિવાય બીજું કાંઇ મારું નથી; માટે સર્વત્ર મમત્વ છોડીને હું મારા ચિદાનંદસ્વરૂપમાં જ લીન થાઉં છું. (વૈરાગ્યજનક બાર ભાવના માટે જુઓ પાનું ૪૭) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ બોધિવગર જીવ સંસારમાં ભમે છે, માટે જીવને બોધિ જ શરણરૂપ છે. આ પ્રમાણે વૈરાગી ભગવાન ચારિત્ર લેવા તૈયાર થયા, ત્યાં તો ચારિત્રમોહની સેના થરથર ધ્રુજવા

લાગી ને ભાગવા માંડી. દીક્ષાનો ઉત્સવ કરવા ઈન્દ્રો આવી પહોંચ્યા; લોકાંતિકદેવો એકાવતારી છે તેઓ પણ આવ્યા ને ભગવાનના વૈરાગ્યની પ્રશંસા કરી.

દીક્ષા માટે તૈયાર થયેલા ભગવાને માતા પાસે જઈને કહ્યું : હે માતા ! હવે હું ચારિત્રસાધના વડે કેવળજ્ઞાન પ્રગટ કરવા જાઉં છું.

તે સાંભળીને, પહેલા પુત્રસ્નેહને લીધે માતાની આંખો આંસુથી ઉભરાઈ ગઈ; પણ તે માતા જાણતા હતા કે મારો પુત્ર તીર્થંકર છે. એટલે કહ્યું : હે દેવ ! અમે તમને રોકી નહીં શકીએ; તમારો અવતાર જ આત્માની સાધના પૂરી કરવા માટે છે; તમે સુખેથી આત્માને સાધો ને જગતને તારો. તમારો માર્ગ ઉત્તમ છે, અમારે પણ એ જ માર્ગે આવવાનું છે.

એ જ પ્રમાણે પિતાજી પાસેથી પણ રજા લઈને ભગવાન પાલખીમાં આરૂઢ થયા...... ને વનમાં જઈ સ્વયં દીક્ષિત થઈને આત્મધ્યાન કરવા લાગ્યા. ભગવાને ત્રીસ વર્ષની ઉંમરે પોતાના જન્મદિવસે જ દીક્ષા લીધી; તેમની સાથે બીજા ત્રણસો રાજાઓએ જિનદીક્ષા લીધી. અહા, ત્રણસો મુનિઓથી ભરેલું એ દીક્ષાવન અદ્ભુત વીતરાગતાથી શોભતું હતું; વનનું એ શાંત-વીતરાગી વાતાવરણ જાણે કે પ્રભુની વીતરાગતાને જ પ્રસિદ્ધ કરતું હતું. દિગંબરદશાધારક એ મુનિરાજને વસ્ત્રો તો હતાં નહીં ને અંદર મોહ પણ ન હતો, નિર્વિકલ્પ

શુદ્ધોપયોગરૂપ સહજ દશાથી તે આત્મા શોભતો હતો. પ્રભુને ધ્યાનમાં તરત જ સાતમું ગુણસ્થાન પ્રગટ્યું, અને મનઃપર્યયજ્ઞાન પણ ખીલી ગયું......અનંતગુણો જાણે એકબીજાની હરીફાઈ કરતા હોય તેમ ઝડપથી ખીલવા લાગ્યા. મૌનપણે એ પારસમુનિરાજ આત્માના નિજકાર્યને સાધવા લાગ્યા. સૌથી પહેલાં ગુલ્મખેટનગરના બ્રહ્મદત (અથવા ધન્ય) રાજાએ મુનિરાજને આહારદાન કર્યું ને તેઓ ખરેખર ધન્ય બન્યા.

દેહ અને આત્માની ભિન્નતા જાણનારા, તથા શત્રુ-મિત્રમાં સમભાવ રાખનાર તે પારસમુનિરાજ અંતરમાં વારંવાર શુદ્ધોપયોગ વડે નિજસ્વરૂપને ધ્યાવતા હતા અને અતીન્દ્રિય આનંદને અનુભવતા હતા. તેમની નજીકમાં સિંહ અને હરણ, સર્પ અને મોર વગેરે જીવો પણ શાંતિથી એક સાથે બેસતા ને એકબીજાના મિત્ર બની જતા હતા; પ્રભુને જોઈને તે પશુઓ પણ ખુશ થતા હતા.

આવી મુનિદશામાં આત્મધ્યાન સહિત વિચરતાં વિચરતાં ચાર મહિના વીતી ગયા...... ભગવાનની શુદ્ધતા વધવા લાગી ને કેવળજ્ઞાન થવાની તૈયારી થઈ. એકવાર તે મુનિરાજ સાત દિવસનો ધ્યાનયોગ ધારણ કરીને, કાયોત્સર્ગપૂર્વક ઊભા હતા. એમનો દેખાવ કોઈ અદ્‌ભુત હતો, તેઓ પોતે જ સાક્ષાત્ મોક્ષમાર્ગ હતા. કાયાની માયા વિસારીને તેઓ સ્વરૂપમાં સમાયા હતા, ને નિર્ગ્રંથ માર્ગ વડે ભવનો અંત કરી રહ્યા હતા. જગતની બાહ્યદૃષ્ટિ છોડીને નિજસ્વરૂપના અવલોકનમાં તેઓ મશગુલ હતા. એવામાં એક ઘટના બની.

આકાશમાં એક દેવવિમાન પસાર થતું હતું. પણ જયાં ભગવાનની ઉપર આવ્યું કે તે વિમાન એકાએક અટકી ગયું. નીચે પારસનાથ જેવા મહામુનિરાજ બિરાજતા હોય તેને વંદન કર્યા વગર વિમાન કેમ આગળ જઇ શકે ? એ વિમાનમાં બેઠેલા દેવે ઘણી મહેનત કરી પણ વિમાન તો જરાય ન ચાલ્યું- કોણ છે એ દેવ ? જાણો છો ? એ તો છે સંવરદેવ, આપણો જુનો ને જાણીતો કમઠનો જીવ !

તે સંવરદેવે વિમાનમાંથી બહાર નીકળીને જોયું તો પારસમુનિરાજને ધ્યાનમાં દેખ્યા ! બસ, એને દેખતાવેંત ભાઇ સાહેબ ક્રોધથી સળગી ઊઠયા કે નકકી આણે જ મારા વિમાનને રોકયું છે. એણે તો ભયંકર વિકરાળ રૂપ ધારણ કર્યું ને ભગવાન સામે આવીને ઊભો- જાણે કે હમણાં ભગવાનને ખાઈ જશે-એમ અત્યંત ક્રોધથી મોઢું ફાડીને કહવા લગ્યો કે અરે માયાવી ! તેં મંત્રથી મારા વિમાનને કેમ રોકયું છે ? જલ્દી મારા વિમાનને છોડ, નહીં તો તને ભસ્મ કરી નાખીશ - એમ કહીને તે તો મોઢામાંથી અગ્નિની જવાળા કાઢવા લાગ્યો.

– પણ કોણ બોલે ? ભગવાન તો પોતાના ધ્યાનમાં લીન છે; એ તો નથી બોલતા, કે નથી હાલતા-ચાલતા એમનું તો રૂંવાડુંય ન ફરકયું (અરે કમઠ! અરે સંવર! તારા ક્રોધથી તું જ બળી રહ્યો છે; તારો ક્રોધ ભગવાનને નહીં બાળી શકે !) કમઠ દ્વારા ફેંકાતી અગ્નિ જવાળા પ્રભુથી દૂર જ રહેતી હતી; ભગવાન તો પોતાના ઉપશમરસમાં તરબોળ હતા.

અગ્નિ જ્વાળાની પણ ભગવાનને કાંઇ અસર ન થઇ તેથી સંવરદેવ વધારે ખીજાયો, અને પહાડ જેવા મોટા મોટા પત્થર ઉપાડીને તે ભગવાનની સામે ફેંકવા લાગ્યો. ઘણણ-ઘણણ કરતા પત્થરનો વરસાદ વરસાવ્યો..... ધરતી તો ધ્રુજી ઊઠી.... ભલભલા જીવો કંપી ઊઠયા ને ધરણેન્દ્રનું આસન પણ કંપી ઊઠયું; પણ ભગવાનતો અકંપ આત્મધ્યાનમાં લીન રહ્યા..... (પત્થરનો વરસાદ વરસે એવી વિક્રિયા સંવરદેવે કરી પણ ભગવાનને તો ઊની આંચ પણ ન આવી; તેમના પર પત્થરની એક કણી પણ ન પડી, એવો જ એમનો અતિશય હતો. તીર્થંકરના દેહ ઉપર સીધો ઉપસર્ગ કોઇ કરી શકે નહીં.)

બહારમાં સંવરદેવ પહાડના પહાડ ઊખેડીને ફેંકતો હતો, પણ એ પથરા તો પ્રભુથી દૂર જ રહેતા હતા; ત્યારે એ જ વખતે પ્રભુ તો અંદરમાં ધ્યાન વડે કર્મપર્વતના ટુકડે ટુડકા કરી નાંખતા હતા.

પત્થરના વરસાદથી પણ પ્રભુ ન ડગ્યા, ત્યારે સંવરદેવે ધોધમાર પાણી વરસાવવા માંડયું. હમણાં જાણે આખી પૃથ્વી ડૂબી જશે એમ દરિયા જેવું પાણી ઉભરાવા લાગ્યું. વનમાં ચારેકોર હાહાકાર થઇ ગયો; પશુઓ ભયભીત થઇને પ્રભુના શરણે બેસી ગયા. સંવરદેવ ક્રોધથી પારસમુનિરાજ ઉપર ઘોર ઉપસર્ગ કરી રહ્યો છે. પણ પ્રભુ ઉપરના ઉપસર્ગને કુદરત સહન કરી ન શકી; ધરણેન્દ્રનું આસન કંપી ઊઠયું : 'અરે ! આ ઇન્દ્રાસન કેમ ધ્રૂજે છે !' અવધિ જ્ઞાનથી તેને ખબર પડી કે અમારા ઉપર પરમ ઉપકાર કરનાર પારસમુનિરાજ ઉપર અત્યારે સંવરદેવ ઘોર ઉપસર્ગ કરી રહ્યો છે..... તરત જ ધરણેન્દ્ર અને પદ્માવતી

ત્યાં આવ્યા ને ઉપસર્ગ દૂર કરવા તત્પર થયા.

એક તરફ સંવરદેવ દ્વેષથી ઉપસર્ગ કરી રહ્યો છે. બીજી તરફ ધરણેન્દ્રદેવ તથા પદ્માવતીદેવી ભક્તિરાગથી સેવા કરી રહ્યા છે; પ્રભુ તો રાગદ્વેષ બંનેથી પાર પોતાની ચૈતન્યસાધનામાં જ તત્પર છે. એમને નથી સંવર ઉપર દ્વેષ, કે નથી ધરણેન્દ્ર પ્રત્યે રાગ; બહારમાં શું બની રહ્યું છે તેનું તેમને લક્ષ નથી. બહારમાં પાણીનો ધોધ વરસે છે તો પ્રભુના અંતરમાં ચૈતન્યના આનંદનો સાગર ઊછળી રહ્યો છે.

વહાલા વાચક ! અત્યારે ભગવાન ઉપર આવો ઉપસર્ગ દેખીને તને કદાચ એ કમઠના જીવ ઉપર (સંવરદેવ ઉપર) ક્રોધ આવી જતો હશે ! પણ સબુર ! તું એના ઉપર ક્રોધ ન કરીશ. એ જીવ પણ હમણાં જ સમ્યગ્દર્શન પામીને ધર્માત્મા બનવાનો છે. જે પારસનાથ ઉપર તે ઉપસર્ગ કરી રહ્યો છે તે જ પારસપ્રભુના શરણમાં આત્માનો અનુભવ કરીને તે સમ્યગ્દર્શન પામશે; ને ત્યારે તને તેના પ્રત્યે બહુમાન જાગશે કે વાહ ! ધન્ય તે આત્મા, કે જેણે ક્ષણમાં પરિણામનો પલટો કરીને આત્માનો અનુભવ કર્યો. પરિણામ ક્ષણમાં પલટાવી શકાય છે. ક્રોધ કાંઈ આત્માનો સ્વભાવ નથી કે તે કાયમ ટકી રહે ! તે ક્રોધથી જુદો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. ઉપસર્ગ વખતે પારસનાથે પણ કાંઈ કમઠના જીવ ઉપર ક્રોધ નહોતો કર્યો; જો ક્રોધ કર્યો હોય તો તેઓ કેવળજ્ઞાન ન પામત. આ પ્રસંગ દ્વારા મૌનપણે પણ પારસનાથ પ્રભુ એવો ઉપદેશ આપે છે કે હે જીવો ! ઉપસર્ગ કરનારા પ્રત્યે પણ તમે ક્રોધ ન કરશો...... તમે શાંતભાવે તમારી આત્મસાધનામાં અડોલ રહેજો.

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં;
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.

આવી અપૂર્વ મુનિદશામાં પ્રભુ વર્તી રહ્યા છે. ધન્ય એમની વીતરાગતા ! ધન્ય એમની આત્મસાધના !

આ બાજુ સંવરદેવ તો, જાણે કે ભગવાનને પાણીમાં ડુબાડી દઉં- એમ ધોધમાર વરસાદ વરસાવી રહ્યો છે; ધરણેન્દ્ર અને પદ્માવતી અત્યંત ભકિતપૂર્વક પાણીમાં કમળની રચના કરીને પ્રભુને પાણીથી અદ્ધર રાખે છે, ને ઉપર મોટી ફેણવડે છત્ર રચે છે. અંદર પરભાવથી અલિપ્ત રહેનારા ભગવાન બહારમાં પાણીથી પણ અલિપ્ત જ રહ્યા.

અહા ! ભગવાન તો આત્મસાધનાથી ન ડગ્યા તે ન જ ડગ્યા. સાત-સાત દિવસ સુધી ઉપસર્ગ કરીને અંતે કમઠ થાક્યો... છેવટના ઉપાય તરીકે તેણે ભયંકર ગર્જના સાથે વિજળીનો કડાકો કર્યો. બહારમાં વીજળીનો ઝબકારો થયો..... બરાબર એ જ વખતે પ્રભુના અંતરમાં કેવળજ્ઞાનની દિવ્ય વીજળી ત્રણલોકને પ્રકાશતી ઝળકી ઊઠી ! એકાએક બધાય ઉપસર્ગ અલોપ થઇ ગયા ને સર્વત્ર આનંદ-આનંદ છવાઇ ગયો. એ મંગલ દિવસ હતો ફાગણ વદ ૧૪.

ધરણેન્દ્ર અને પદ્માવતી જે ઉપસર્ગ દૂર કરવા માટે ચેષ્ટા કરતા હતા તે કાર્ય કેવળજ્ઞાનના પ્રતાપે આપોઆપ પૂરું થઇ ગયું. પ્રભુ ઉપસર્ગ-વિજેતા થઇને કેવળી બન્યા; કેવળીને ઉપસર્ગ હોય નહીં. ઉપસર્ગ પૂરો થયો એટલે ધરણેન્દ્ર-પદ્માવતીનું કામ પણ પૂરું થયું; ભગવાનના કેવળજ્ઞાનનો આવો દિવ્ય અતિશય દેખીને તેઓ અતિશય આનંદ પૂર્વક પારસનાથપ્રભુની સ્તુતિ કરવા લાગ્યા : અહો પ્રભુ ! આપના કેવળજ્ઞાનનો કોઇ અદ્‌ભુત મહિમા છે. હે દેવ ! આપ સમર્થ છો, અમે આપની રક્ષા કરનારા કોણ ? પ્રભો ! આપના પ્રતાપે અમે ધર્મ પામ્યા છીએ, ને આપે સંસારના ઘોર દુઃખોમાંથી અમારી રક્ષા કરી છે. પ્રભો ! આપના નામ સાથે અમારું નામ દેખીને મૂર્ખ જીવો આપને ભૂલીને અમને પૂજવા લાગ્યા ! પણ પૂજવા યોગ્ય તો આપના જેવા વીતરાગી દેવ જ છે. આ પ્રમાણે સ્તુતિ કરી. ભગવાનને કેવળજ્ઞાન થતાં ઇન્દ્રોએ આવીને ભગવાનની પૂજા કરી, ને આશ્ચર્યકારી દિવ્ય સમવસરણની રચના કરી જીવોનાં ટોળેટોળા પ્રભુનો ઉપદેશ સાંભળવા આવવા લાગ્યા.

આ બધી આશ્ચર્યકારી ઘટના દેખીને સંવરદેવના ભાવ પણ પલટી ગયા, કેવળી પ્રભુનો દિવ્ય મહિમા દેખીને તેને પણ શ્રદ્ધા જાગી; તેનો ક્રોધ તો કયાંય ચાલ્યો ગયો; પશ્ચાત્તાપથી તેણે વારંવાર પ્રભુ પાસે પોતાના અપરાધની માફી માંગી; અને સ્તુતિ કરવા લાગ્યો : અહો, દેવ ! મેં વિના કારણ આટલો બધો ઉપસર્ગ કરવા છતાં આપે તો જરાય ક્રોધ ન કર્યો. કયાં આપની મહાનતા, ને કયાં મારી પામરતા ! આવા મહાન ઇન્દ્રો જેવા પણ ભક્તિથી જેની સેવા કરે છે એવા સમર્થ હોવા છતાં આપે મારા પ્રત્યે ક્રોધ ન કર્યો અને ક્ષમા રાખી. ધન્ય આપની

વીતરાગતા ! એ વીતરાગતા વડે આપે કેવળજ્ઞાનને સાધ્યું ને આપ પરમાત્મા થયા. પ્રભો ! મારા અપરાધ ક્ષમા કરો. અજ્ઞાનથી મેં ક્રોધ કર્યો ને ભવોભવ આપના પર ઉપસર્ગ કર્યો તેથી હું જ દુઃખી થયો, ને મેં નરકાદિનાં ઘોર દુઃખ ભોગવ્યાં. પ્રભો ! આખરે ક્રોધ પર ક્ષમાનો વિજય થયો છે. હવે ક્ષમાધર્મના મહિમાને મેં જાણ્યો છે. મારો આત્મા ઉપયોગસ્વરૂપ છે, તે આ ક્રોધથી જુદો છે- એમ આપના પ્રતાપે મને સમજાય છે.

ભગવાને સમવસરણમાં જે ઉપદેશ આપ્યો તે સાંભળીને, સંવરદેવ (કમઠનો જીવ) ભેદજ્ઞાન કરીને વિશુદ્ધ સમ્યગ્દર્શન પામ્યો; પારસપ્રભુના સંગે તે જીવ પાપી મટીને મોક્ષનો સાધક બન્યો ધરણેન્દ્ર અને પદ્માવતી પણ સમ્યગ્દર્શન પામ્યા; એટલું જ નહીં, મહિપાલ તાપસની સાથે જે સાતસો કુલિંગી તાપસો હતા તેઓ પણ ખોટો માર્ગ છોડીને ધર્મનું સાચું સ્વરૂપ સમજયા, અને ભગવાનના ચરણોમાં સમ્યગ્દર્શન સહિત તે બધાએ સંયમ ધારણ કર્યો. કુગુરુ મટીને તેઓ સાચા જૈનગુરુ બન્યા. બીજા પણ કેટલાય જીવો ભગવાનના ઉપદેશથી સમ્યગ્દર્શન પામ્યા.

દેખો, મહાપુરુષોનો મહિમા ! અનેક ભવસુધી પારસનાથનો સંગ કર્યો તો કમઠના જીવનો ઉદ્ધાર થઈ ગયો. શાસ્ત્રકાર કહે છે કે : મહાપુરુષોની સાથે મિત્રતાની તો શી વાત, શત્રુપણે એનો સંગ પણ અંતે તો હિતનું જ કારણ થાય છે !

કમઠનો જીવ ધર્મ પામ્યો ને ભગવાનની ભક્તિ કરવા લાગ્યો તે દેખીને લોકો આશ્ચર્યથી કહેવા લાગ્યા: વાહ ! દેખો જિનપ્રભુનો મહિમા ! કમઠને પણ અંતે તો પ્રભુના શરણે આવવું પડયું.

જેમ માછલું ઊછાળા મારીને સમુદ્રના પાણીને પીડિત કરે છે તોપણ અંતે તો તે પોતે સમુદ્રના આશ્રયે જ જીવી રહ્યું છે, તેમ કમઠના ક્ષુદ્ર જીવે વેરબુદ્ધિથી અનેક ભવ સુધી પીડા કરી પણ અંતે તો તે પ્રભુના જ શરણમાં આવીને ધર્મ પામ્યો. પ્રભુના આશ્રય વગર તે કયાંથી સુખી થાય ? અહો, પ્રભુનું જ્ઞાન, પ્રભુની શાંતિ, પ્રભુની વીતરાગી ક્ષમા, એની શી વાત ! પ્રભુની ગંભીરતા સમુદ્રથી મહાન છે. હે પારસજિનેન્દ્ર ! બધા તીર્થંકરો સમાન હોવા છતાં આપની જે વિશેષ પ્રસિદ્ધિ જોવામાં આવે છે તે તો એક કમઠને લીધે ! ઠીક છે, કેમકે અપકાર કરનારા શત્રુઓ વડે જ મહાપુરુષોની ખ્યાતિ ફેલાય છે ! પ્રભો ! સંવરદેવની ભયંકર વિક્રિયા વખતે પણ આપ ન તો આપની શાંતિમાંથી ડગ્યા કે ન કમઠ ઉપર ક્રોધ કર્યો. આપે તો શાંતચિત્ત વડે જ કમઠની વિક્રિયા દૂર કરી, ને જગતને બતાવ્યું કે સાચો વિજય ક્રોધ વડે નહીં પણ ક્ષમા વડે જ પમાય છે.કમઠના દુષ્ટભાવને લીધે તેને જ નુકશાન થયું, આપને તો આત્મ સાધનામાં કાંઈ બાધા ન થઈ. ખરેખર, આપનો તો મહિમા અને આપની શાંતિ આશ્ચર્યજનક છે હે પ્રભો ! આ ધરણેન્દ્ર અને પદ્માવતી બંને જીવો મહાન કૃતજ્ઞ છે, ઉપકારને જાણનારા છે ને ધર્માત્મા છે એમ જગતમાં તેમની પ્રશંસા થાય છે, પણ અમારે એ શોધવું પડશે કે આપનો ઉપસર્ગ કઇ રીતે દૂર થયો ? શું ધરણેન્દ્રે તે દૂર કર્યો, કે આપના કેવળજ્ઞાનના પ્રતાપથી સ્વયમેવ તે દૂર થઈ ગયો ? પ્રભો !

ખરો પ્રતાપ તો આપનો છે. વાસ્તવિક પૂજ્ય તો આપ જ છો. ધરણેન્દ્ર અને પદ્માવતી તો અમારી જેમ જ આપના સેવક છે. આપના પ્રતાપે જ તેઓ ધર્મ પામ્યા છે-આ પ્રમાણે ભક્તલોકો અનેક પ્રકારે પ્રભુનો મહિમા કરતા હતા, અને દિવ્ય ઉપદેશ સાંભળતા હતા.

અહા, સમવસરણમાં બિરાજમાન તીર્થંકર ભગવાનની શોભા આશ્ચર્યકારી હતી. ત્યાં દિવ્ય સિંહાસન હોવા છતાં ભગવાન તેને સ્પર્શ્યા વગર અદ્ધર આકાશમાં અંતરીક્ષ બિરાજતા હતા. સિંહાસન કરતાં ઊંચે આકાશમાં બિરાજતા નિરાલંબી ભગવાનને જોતા જ ખ્યાલ આવતો હતો કે પુણ્યના ઉત્કૃષ્ટ ફળ કરતાંય ચૈતન્યગુણ ઊંચા છે; એ સિંહાસન ઉપર ન બેસીને ભગવાન જગતને એમ પ્રસિદ્ધ કરતા હતા કે પુણ્યફળરૂપ આ સિંહાસન આત્માને માટે અપદ છે -અપદ છે. રત્નજડિત સિંહાસન હોવા છતાં ભગવાન તો તેનાથી અલિપ્ત હતા; તેમને સિંહાસનનો આધાર ન હતો, પણ ઊલટું સિંહાસનની શોભા ભગવાનના પ્રતાપે હતી. એ જ રીતે બહારમાં સ્ફટિકનાં ત્રણ છત્ર ભલે શોભે પણ અંતરમાં પ્રભુનાં રત્નત્રયની શોભા ઔર હતી. દેવોનાં દુંદુભીવાજાં કરતાંય પ્રભુની દિવ્ય ધ્વનિ વધુ મધુર હતી. પ્રભુના મુખનું પ્રભા-મંડળ ભલે સૂર્ય-ચંદ્ર કરતાં શોભે, પણ એમના કેવળજ્ઞાનની ચૈતન્યપ્રભાનાં તેજને તો સમ્યગ્દષ્ટિઓ જ જાણતા હતા.

ભગવાનના સમવસરણમાં કલ્પવૃક્ષ હતા; દશવિધ ભોગની સામગ્રી દેનારાં ઉત્તમ કલ્પવૃક્ષ જોતાં મુમુક્ષુને એમ થતું કે અરે ! આ કલ્પવૃક્ષ બાહ્યફળ દેનારાં છે, પણ સર્વજ્ઞદેવ તો એવા કલ્પવૃક્ષ છે કે જેની સેવાથી સમ્યગ્દર્શનાદિ ચૈતન્ય-રત્નો મળે ! એટલે તે મુમુક્ષુઓ

દશવિધ કલ્પવૃક્ષને દૂર છોડીને, કેવળજ્ઞાનરૂપી અજોડ કલ્પવૃક્ષની સમીપ દોડી જતા હતા, ને અપૂર્વ સમ્યત્વાદિ રત્નો પામતા હતા. અહા, પ્રભુના ગુણમહિમાનું વર્ણન કોણ કરી શકે ? એ વચનગોચર નથી, એ તો જ્ઞાનીઓને.અનુભવગમ્ય છે.

ભગવાનનો ઉપદેશ કોઈ અદ્‌ભુત હતો, આત્માનો પરમ મહિમા સમજાવીને, તેની આરાધનાનો ઉપદેશ ભગવાન દેતા હતા. ભગવાને ઉપદેશમાં શું કહ્યું ? તે ટૂંકમાં જોઈએ.

* જગતમાં જાણવાયોગ્ય તત્ત્વો કયા છે ?
  જીવ, અજીવ, પુણ્ય-પાપ-આસ્ત્ર-બંધ, સંવર-નિર્જરા-મોક્ષ એ ૯ તત્ત્વોને જાણવા જોઈએ.
* તેમાંથી કયાં તત્ત્વોને ગ્રહવા ને કયા તત્ત્વોને છોડવા ?
  શુદ્ધ જીવને ગ્રહવો; તથા સંવર-નિર્જરા-મોક્ષને ગ્રહવા ને બાકીના તત્ત્વોને છોડવા. જીવ સદાય પોતાની ચેતના વડે જીવનારો છે.
* જીવને મોક્ષસુખની પ્રાપ્તિ કેમ થાય ?
  આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવડે મોક્ષ થાય છે.
* જીવને પાપથી નરક, પુણ્યથી સ્વૅગ, અને રત્નત્રયરૂપ વીતરાગધર્મથી મોક્ષ મળે છે.

આવા મોક્ષમાર્ગનો ઉપદેશ ભગવાને આપ્યો. જે માર્ગે પોતે મોક્ષ પામ્યા તે જ વીતરાગમાર્ગ ભગવાને જગતને બતાવ્યો. ઘણા જીવો તે માર્ગ સમજીને ધર્મ પામ્યા; કેટલાક જીવો દીક્ષા લઈને મુનિ થયા; સિંહ - વાઘ - હાથી - વાંદરા - સર્પ વગેરે પશુના જીવો પણ આત્માને સમજીને વ્રતધારી થયા. આમ ચારેકોર ધર્મનો જયજયકાર થઈ ગયો.


ભગવાનના ધર્મદરબારમાં સ્વયંભૂ-સ્વામી વગેરે દશ ગણધરો હતા; ૩૫૦ શ્રુતકેવળી હતા; ૧૦,૯૦૦ ઉપાધ્યાય હતા; ૧,૪૦૦ અવધિજ્ઞાની હતા; ૭૫૦ મનઃપર્યયજ્ઞાની હતા; ૧,૦૦૦ કેવળજ્ઞાની હતા; ૧,૦૦૦ ઋદ્ધિધારી મુનિવરો હતા; ૬૦૦ મુનિવરો વાદ-વિવાદમાં પારંગત હતા; કુલ સોળહજાર મુનિવરો હતા; અને છત્રીસહજાર અર્જિકા હતાં, તેમાં સુલોચના નામના અર્જિકા મુખ્ય હતા. શ્રાવકો એકલાખ ને શ્રાવિકા ત્રણ લાખ હતાં. સ્વર્ગના દેવો ને વનનાં પશુઓ પણ પ્રભુની વાણી સાંભળવા આવતા હતા, ને ધર્મ પામીને આત્માનો ઉદ્ધાર કરતા હતા.

શ્રી પારસનાથ તીર્થંકરે ૭૦ વર્ષ સુધી દેશોદેશ વિહાર કર્યો અને છેવટે સમ્મેદશિખર પર્વત પર પધાર્યા. હવે તેમને મોક્ષમાં જવાને એક માસ બાકી હતો, એટલે તેમની વાણી અને વિહાર વગેરે ક્રિયાઓ અટકી ગઈ. સમ્મેદશિખરની સૌથી ઊંચી ટૂંક ઉપર પ્રભુ ઊભા હતા, ત્રીજું ને ચોથું શુકલધ્યાન પુરું કરીને તે અયોગી ભગવાન બીજી જ ક્ષણે ઊર્ધ્વગમન કરીને મોક્ષ પધાર્યા.... શરીર છોડીને અશરીરી થયા...... સંસારદશા છોડીને મહા આનંદરૂપ સિદ્ધદશારૂપ પરિણમ્યા. ભગવાન શ્રાવણ સુદ સાતમે મોક્ષ પધાર્યા હતા. તેથી તેને 'મોક્ષસપ્તમી' કહેવાય છે. પારસનાથ ભગવાન મોક્ષ પધાર્યા તેથી તે પર્વત પણ પારસનાથ હીલ તરીકે આજે ઓળખાય છે. પર્વતની જે ટૂંકથી ભગવાન મોક્ષ પધાર્યા તે પત્થરની ટૂંક પણ 'પારસ' ના સ્પર્શથી 'સુવર્ણ' ની બની ગઈ એટલે તેનું નામ 'સુવર્ણભદ્ર' પડયું. વીર સં. ૨૪૮૩માં કહાનગુરુ સાથે હજારો યાત્રિકોએ તે સિદ્ધિધામની યાત્રા કરી છે.

ક્ષમામૂર્તિ હે દેવ જિનેશ્વર ! સિદ્ધિધામ છે;
સમ્મેદશિખરના સ્વર્ણભદ્ર પર સિદ્ધાલયમાં વાસ છે;
નિજસ્વરૂપને સાધ્યું આપે ચેતનરસ ભરપૂર છે;
પ્રભુ પ્રતાપે આતમસાધી હરખે હરિ ગુણ ગાય છે.
ગુણ તમારા દેખી પ્રભુજી મનડુ મુજ લલચાય છે.
પારસપ્રભુ તુજ ચરણકમળમાં વંદન વારંવાર છે.
શ્રી પારસનાથ ભગવાનકી જય હો.

(સમાપ્ત)

*પારસપ્રભુના જીવને હાથીના ભવમાં સમ્યક્ત્વપ્રાપ્તિનું મંગલ દૃશ્ય*



# ❋ શ્રાવકનાં ૨૧ ગુણો ❋

અધ્યાત્મ - કવિ પં. બનારસીદાસજીએ નાટક સમયસારમાં છેલ્લે ૧૪ ગુણસ્થાનનું વર્ણન કર્યુ છે; તેમાં અણુવ્રતરૂપ પંચમ ગુણસ્થાનના વર્ણનમાં શ્રાવકનાં ૨૧ ગુણો બતાવ્યા છે. તે સર્વે જિજ્ઞાસુઓને ઉપયોગી હોવાથી અહીં આપીએ છીએ. દરેક મુમુક્ષુએ આ ગુણોનું સ્વરૂપ વિચારીને પોતામાં ધારણ કરવા; તેના વડે જીવન શોભી ઊઠશે :-

(સવૈયા)

લજજાવંત, દયાવંત, પ્રશાંત, પ્રતીતવંત,

પરદોષકો ઢકૈયા, પર-ઉપકારી હૈ;

સૌમ્યદ્દષ્ટિ ગુણગ્રાહી ગરિષ્ટ, સબકે ઇષ્ટ,

શિષ્ટ પક્ષી, મિષ્ટવાદી, દીરઘ વિચારી હૈ,

વિશેષજ્ઞ, રસજ્ઞ, કૃતજ્ઞ, તત્જ્ઞ, ધરમજ્ઞ,

ન દીન, ન અભિમાની, મધ્ય વ્યવહારી હૈ;

સહજ વિનિત, પાપક્રિયાસોં અતીત, ઐસો.

શ્રાવક પુનીત ઇકવીસ ગુણધારી હૈ.

## (૧) લજ્જાવંત

કોઈ પણ પાપકાર્ય, અન્યાય, અનીતિ વગેરેમાં તેને શરમ આવે કે અરે ! હું જૈન, હું જિનવરદેવનો ભક્ત, હું આત્માનો જિજ્ઞાસું, તો મને આવા કાર્ય શોભે નહિં.

## (૨) દયાવંત

અરે, આ ઘોર દુઃખમય સંસાર, તેમાં જીવો કેવા દુઃખી છે ! ! મારા નિમિત્તે કોઈ જીવને દુઃખ ન હો, કોઈને દુઃખ દેવાનો ભાવ મને ન હો, મારો આત્મા દુઃખથી છૂટે, ને જગતના જીવો પણ દુઃખથી છૂટે, એવી દયાભાવના હોય છે.

## (૩) પ્રશાંત

કષાય વગરના શાંત પરિણામ હોય; માન-અપમાનાદિના નજીવા પ્રસંગોમાં વારંવાર ક્રોધ થઈ આવે, કે નજીવા પ્રસંગમાં હરખના હિલોળે ચડી જાય એવું તેને ન હોય; ક્રોધ કે હરખ વગરના શાંત-ગંભીર પરિણામવાળો હોય.

## (૪) પ્રતીતવંત

દેવ-ગુરુ-ધર્મ ઉપર તેમજ સાધર્મી ઉપર તેને પ્રતીત હોય છે. વાત-વાતમાં સાધર્મી ઉપર સંદેહ કરવો તે શ્રાવકને શોભે નહિં. પોતાનું અપમાનાદિ થાય, પ્રતિકૂળતા આવે કે બીજાના માનાદિ વધી જાય તેથી ધર્મમાં સન્દેહ કરતો નથી, પ્રતીતિ રાખે છે.

## (૫) પરદોષને ઢાંકનાર

અરેરે, દોષમાં તો જગતના જીવો ડુબેલા જ છે, ત્યાં પારકા દોષ શું જોવા ? મારે તો મારા દોષ મટાડવાના છે. કોઈ સાધર્મી કે અન્ય જીવથી દોષ થાય તો તેની રક્ષા કરીને દોષ દૂર થાય તેમ કરવું ઉચિત છે; પણ દોષ દેખીને નિંદા કરવી ઉચિત નથી.

## (૬) પર-ઉપકારી

ધર્મબુદ્ધિ વડે તેમજ તન-મન-ધનાદિ વડે પણ પરજીવોનો ઉપકાર કરે છે. જગતના જીવોનું હિત થાય, સાધર્મીઓને દેવ-ગુરુ-ધર્મના સેવનમાં સર્વ પ્રકારે અનુકૂળતા આપું ને તેઓ નિરાકુળપણે ધર્મને આરાધે એવી ઉપકારભાવના શ્રાવકને હોય છે.

## (૭) સૌમ્યદષ્ટિવંત

એની દષ્ટિમાં સૌમ્યતા હોય છે; જેમ માતા બાળકને મીઠી નજરે જુએ છે તેમ ધર્માત્મા બધા જીવોને મીઠી નજરે જુએ છે. એને જોઈને બીજા ભયભીત થાય એવી ક્રૂરતા હોય નહિં; પરિણામ ઘણા સૌમ્ય હોય છે જેનો સંગ બીજા જીવોને શાંતિ પમાડે છે.

## (૮) ગુણગ્રાહિ

ગુણનો ગ્રાહક હોય છે; સમ્યક્ત્વાદિ ગુણોને દેખીને તેની પ્રશંસા કરે છે; અલ્પ ક્રોધાદિ દોષ દેખીને સમ્યક્ત્વાદિ ગુણો પ્રત્યે અનાદર કરતા નથી, પણ ગુણોને ઓળખીને તેનો આદર કરે છે. પોતાનું કોઈ

અપમાનાદિ કરે તેથી તેના ગુણોનો પણ અનાદર ન કરી નાંખે પણ એમ વિચારે કે મારું ભલે અપમાન કર્યું પણ એનામાં જૈનધર્મપ્રત્યેનો પ્રેમ આદર છે, તે જૈનધર્મના ભકત છે, દેવ-ગુરુનો આદર કરનારા છે, મારા સાધર્મી છે; એમ તેના ગુણનું ગ્રહણ કરે. આમ ગુણનું ગ્રહણ કરવાથી તે સાધર્મી પ્રત્યે દ્વેષભાવ ન આવે, પણ પ્રેમ અને વાત્સલ્ય આવે છે.

## (૯)ગરિષ્ટ (સહનશીલ)

સંસારમાં શુભાશુભકર્મયોગે અનુકુળતા પ્રતિકૂળતા તો આવે, કંઈક પ્રતિકૂળતા આવી જાય કે અપમાનાદિ થાય, રોગ થાય, ત્યાં ધૈર્યપૂર્વક સહન કરે ને ધર્મમાં દ્રઢતા રાખે; પ્રતિકૂળતામાં ગભરાઈ ન જાર , આર્તધ્યાનથી ખેદખિન્ન ન થાય; પણ સહનશીલપણે વૈરાગ્ય વધારે.

## (૧૦) સૌને પ્રિય

બધા પ્રત્યે મધુર વ્યવહાર રાખ, કટુ વ્યવહાર ન રાખે; સાધર્મીના પ્રેમને લીધે, સજજનતાને લીધે, ન્યાયનીતિ અને ધાર્મિકવૃત્તિને લીધે સજજનોને તો વહાલો લાગે, ને કોઈ વિરોધી હોય તો તેના પ્રત્યે પણ પ્રેમપૂર્ણ વ્યવહારથી તેનું દિલ જીતી લ્યે, કયાંય પણ કલેશ વધે એવો વ્યવહાર ન કરે.

## (૧૧) શિષ્ટ-પક્ષી

સત્ય અને સદાચારનો પક્ષ કરનાર હોય. લૌકિક પ્રયોજન ખાતર, માનથી કે ભયથી પણ સત્યધર્મને કે ન્યાય નીતિને છોડે નહિં. જયાં ધર્મ હોય, સત્ય હોય, ન્યાય હોય, તેનો પક્ષ કરે.

## (૧૨) મિષ્ટભાષી

જેમાં સ્વ-પરનું હિત હોય એવી મધુરી વાણી બોલે. પોતાને કષાય થાય ને સામાનું દિલ દુભાય એવી કડવી કઠોર ભાષા ન બોલે. શાંતિથી મધુરતાથી, કોમળતાથી સત્ય અને હિતની વાત કરે. સત્યવાત પણ કઠોરતાથી ન કહે; 'દો દિન કે મહેમાન, બોલી બિગાડે કૌનસો ?'

## (૧૩) દીર્ઘવિચારી

દેશ-કાળનો વિચાર કરીને, પોતાના પરિણામનો તથા શકિતનો વિચાર કરીને, અને સ્વ-પરના હિતનો વિચાર કરીને યોગ્ય પ્રવૃતિ કરે. જગતની દેખાદેખીથી વગર વિચાર્યે જયાં ત્યાં ન ઝંપલાવે. જેનાથી વર્તમાનમાં ને ભવિષ્યમાં પોતાને શાંતિ રહે, તેમજ ધર્મની શોભા વધે એવી પ્રવૃતિ વિચારપૂર્વક કરે.

## (૧૪) વિશેષજ્ઞ

સંઘની સ્થિતિ, દેશ-કાળની સ્થિતિ વગેરેનો જાણકાર હોય, ધર્મમાં કે ગૃહવ્યવહારમાં કયારે કેવી પરિસ્થિતિ થશે, કેવી જરૂર પડશે-તેનો જાણકાર હોય, ને તેનો યોગ્ય ઉપાય કરે.

## (૧૫) રસજ્ઞ

રસ એટલે તાત્પર્ય; શાસ્ત્રાભ્યાસ વગેરેમાં તેના શાંતરસ રૂપ સાચા રહસ્યને જાણતો હોય; તેણે ધર્મનો મર્મ જાણીને શાંતરસને તો ચાખ્યો છે, તેથી તે પરમાર્થનો રસજ્ઞ છે; તેમજ વ્યવહારમાં પણ કરુણારસ, રૌદ્રરસ વગેરેને યથાયોગ્ય જાણે છે.

## (૧૬) કૃતજ્ઞ

અહો, દેવ-ગુરુ-ધર્મના પરમ ઉપકારની તો શી વાત ! એનો તો બદલો વળે તેમ નથી; તેમના માટે જે કરું તે ઓછું એમ મહાન ઉપકારબુદ્ધિથી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે વર્તે. તેમજ સાધર્મીજનોના ઉપકારને કે અન્ય સજ્જનોના ઉપકારને પણ ભૂલે નહીં; ઉપકારને યાદ કરીને તેમની યોગ્ય સેવા ચાકરી કરે. પોતે કરેલા ઉપકારને યાદ ન કરે, તેમજ બદલાની આશા ન રાખે.

## (૧૭) તત્ત્વજ્ઞ

તત્ત્વનો જાણકાર હોય; જૈનધર્મના મુખ્ય તત્ત્વ શું છે? તેને બરાબર સમજીને તેના પ્રચારની ભાવના કરે. બુદ્ધિઅનુસાર કરણાનુયોગ વગેરે સૂક્ષ્મતત્ત્વોનો પણ અભ્યાસ કરે. ધર્મી શ્રાવક આત્મતત્ત્વને તો જાણે છે, તે ઉપરાંત જૈનશાસ્ત્રોના અગાધ ગંભીર શ્રુતજ્ઞાનમાં કહેલાં તત્ત્વોને પણ વિશેષપણે જાણે છે. વિપરીત જીવોમાં ક્યાં તત્ત્વની વિપરીતતા છે તે પણ જાણીને દૂર કરવા પ્રયત્ન કરે છે.

## (૧૮) ધર્મજ્ઞ

ધર્મનો જાણનાર હોય; કયાં નિશ્ચયધર્મની પ્રધાનતા છે, કયાં વ્યવહારધર્મની પ્રધાનતાથી વર્તવું યોગ્ય છે ! એમ ધર્મના બધા પડખા જાણીને શાસનને શોભે તેવું વર્તન કરે. શ્રાવકનો ધર્મ શું ? મુનિનો ધર્મ શું ? ધર્મમાં, તીર્થોમાં, શાસ્ત્રાદિમાં કે સાધર્મીમાં કયારે શેની જરૂર છે ? તે સંબંધી શ્રાવકને જાણકારી હોય.

## (૧૯) દીનતારહિત, તેમજ

### અભિમાન રહિત એવો મધ્યસ્થ-વ્યવહારી

ધર્મનું ગૌરવ સચવાય, તેમજ પોતાને અભિમાનાદિ ન થાય- એ રીતે મધ્યસ્થ વ્યવહારથી વર્તે, વ્યવહારમાં જયાં ત્યાં દીન પણ ન થઈ જાય; રોગાદિ-પ્રસંગ હોય, દરિદ્રતાદિ હોય તેથી ગભરાઈને એવો દીન ન થાય કે જેથી ધર્મની અવહેલના થાય ! અરે, હું પંચમરમેષ્ટીનો ભકત, મારે દુનિયામાં દીનતા કેવી ? તેમજ દેવ-ગુરુ-ધર્મના પ્રસંગમાં, સાધર્મીના પ્રસંગમાં અભિમાન રહિત નમ્રપણે પ્રેમથી વર્તે. સાધર્મીની સેવામાં કે નાના સાધર્મી સાથે હળવા-મળવામાં હીણપ ન માને. સંતો પાસે ગમે તેવા દીન થઈને પણ જો આત્મહિત થતું હોય તો તે કરવા તૈયાર છે; ત્યાં અભિમાન નથી રાખતો; અને આત્મહિત થતું ન હોય તો એવા પ્રસંગે તે દીન થતો નથી; અસત્ પ્રત્યે જરા પણ નમતો નથી, ત્યાં પોતાના ધર્મનું સ્વાભિમાન રાખે છે. એ રીતે દીન નહિ તેમજ અભિમાની નહિ એવો મધ્યસ્થ-વ્યવહારી શ્રાવક હોય.

## (૨૦) સહજ વિનયવંત

વિનયનો પ્રસંગહોય ત્યાં તેને સહેજ વિનય આવે. દેવ-ગુરુનો પ્રસંગ, સાધર્મીનો પ્રસંગ, વડિલોનો પ્રસંગ, તેમાં યોગ્ય વિનયથી વર્તે. સમ્યક્ત્વાદિ ગુણીજનોને દેખીને પ્રસન્નતાથી વિનય-બહુમાન-પ્રશંસા કરે. કોઈ પ્રત્યે ઈર્ષાભાવ ન રાખે. શાસ્ત્ર પ્રત્યે, ધર્મસ્થાનો પ્રત્યે તેમજ લોકવ્યવહારમાં પણ વિનય-વિવેકથી યોગ્ય રીતે વર્તે; કોઈ પ્રત્યે અપમાન કે તિરસ્કારથી ન વર્તે.


## (૨૧) પાપક્રિયાથી રહિત

કુદેવ કુધર્મના સેવનરૂપ મિથ્યાત્વાદિ પાપને તેમજ માંસાદિ અભક્ષ્ય-ભક્ષણના તીવ્ર હિંસાદિ પાપોને તો સર્વથા છોડયા જ છે, તે ઉપરાંત આરંભ-પરિગ્રહ સંબંધી જે પાપક્રિયાઓ તેનાથી પણ જેટલો બને તેટલો છૂટવાનો ને નિર્દોષ શુદ્ધ જીવનનો અભિલાષી છે. અરે, આવો ઉત્તમ જૈનધર્મ ને આવું અદ્ભુત આત્મસ્વરૂપ તેને પામીને હવે કોઈ પાપ મને શોભતું નથી. એમ અવ્રતજન્ય પાપોથી અત્યંત ભયભીત વર્તે છે. મારા જીવનમાં કોઈ નાંનુ પાપ પણ ન હો, ને ઉજજવળ વીતરાગી જીવન હો એવી ભાવના હોય છે.

આ પ્રમાણે શ્રાવક આ પુનિત ૨૧ ગુણના ધારક હોય છે. મુમુક્ષુએ પણ આ દરેક ગુણનું સ્વરૂપ વિચારીને, પોતામાં પણ તે ગુણને ધારણ કરવા. એના વડે જીવન શોભી ઊઠશે.

જય મહાવીર

# ક્રો....ધ અને



ક્રોધી કમઠ..... ક્રોધવશ પોતાના જ નમ્રીભૂત ભાઈને પત્થરથી મારી નાંખે છે. (પા.૧૧) પરંતુ ક્રોધ

**કાંઈ જીવનો સ્વભાવ નથી, તેથી પછી શું થાય છે? તે પાછળ પાને જુઓ.**

# શાંતિ



મરીને તે જીવ હાથીના ભવમાં સમ્યક્ત્વ પામ્યો; આત્મસાધનામાં આગળ વધીને કેવળજ્ઞાન પ્રગટ કરી, તે જ પારસનાથ તીર્થંકર બન્યા. અને તેમને પૂર્વભવમાં પત્થરથી મારી નાંખનારો તે જ ક્રોધી-કમઠનો આત્મા, તેમના જ સમવસરણમાં ચૈતન્યના પરમ શાંતસ્વભાવનો ઉપદેશ સાંભળીને ક્રોધથી જુદો પડયો ને સમ્યક્ત્વ પ્રગટ કરીને ચૈતન્યની પરમ શાંતિરૂપ પરિણમ્યો...... ને એ પ્રભુનો પરમ ભકત બન્યો. ક્રોધમાંથી શાંતિરૂપ પરિણમવું એ જ ભગવાનના જીવનનો સાર છે. (જુઓ પાનું ૮૨)




જે જાણતો મહાવીરને ચેતનમયી શુદ્ધભાવથી,

તે જાણતો નિજાત્મને સમકિત લ્યે આનંદથી.

ભગવાન મહાવીર સર્વજ્ઞ, વીતરાગ અને પૂર્ણ સુખી છે, તેમનું શાસન આપણને એમ સન્દેશ આપે છે કે આત્મા સંપૂર્ણ જ્ઞાનસ્વભાવી છે, રાગ તેનો સ્વભાવ નથી અને સ્વયમેવ સુખી થવાનો તેનો સ્વભાવ છે. આવા આત્મસ્વભાવનો ઉપદેશ તે ઈષ્ટોપદેશ છે; તેને ઓળખતાં આત્માનું અપૂર્વ હિત થાય છે. આ રીતે હિતનો માર્ગ બતાવ્યો- તે ભગવાન મહાવીરનો પરમ ઉપકાર છે.

જય મહાવીર